# Current Affairs Sept.-2019

## 1. Sept. 2019

**(૧) ભારતીય જીવન નિગમ સ્થાપના દિન**

- ઓરિએન્ટલ લાઇફ કંપનીની સ્થાપના કોલકત્તા ખાતે બિપિન દાસગુપ્તા અને અન્ય લોકો દ્વારા ૧૮૧૮માં કરવામાં આવી હતી.
- ઓરિએન્ટલ લાઇફ કંપની ભારતની પ્રથમ વીમા કંપની હતી.
- ભારતની પ્રથમ વીમા કંપની ઓરિએન્ટલ લાઇફ કંપનીને ભારતીય સંસદ દ્વારા સરકાર હસ્તગત કરવામાં આવીફ.
- ભારતીય સંસદ દ્વારા ૧૯ જૂન ૧૯૫૬ના રોજ 'ભારતીય જીવન વીમા બિલ, ૧૯૫૬, .. કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત ભારતનું જીવન વીમા નિગમ ૦૧ સપ્ટેમ્બર, ૧૯૫૬માં અસ્તિત્વમાં આવ્યું.
- બોમ્બે મ્યુચ્યુઅલ લાઇફ એશ્યુઅરન્સ સોસાયટી દ્વારા ૧૮૭૦માં દેશનો પ્રથમ વીમા પ્રદાતા હતો.
- ભારતીય જીવન વીમા નીગમ મુખ્યમથક : મુંબઇ
- ચેરમેન : શ્રી એમ. આર. કુમાર

**(૨) ગુજરાત રાજ્ય યોગ બોર્ડ**

- તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય બોર્ડના બિનસરકારી અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવી.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ તરીકે અમદાવાદનાં શીશપાલ શોભરાજ રાજપૂતની નિમણૂક કરવામં આવી છે.
- બોર્ડના બિનસરકારી સભ્યો તરીકે ભાનુકુમાર ચૌહાણ, પ્રકાશ ટીપરે, ડૉ. ચંદ્રસિંહ ઝાલા અને હિમાબહેન પરીખની નિમણૂક કરવામાં આવી હતી.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના રાજ્યમાં જન જન સુધી યોગના પ્રચાર પ્રસાર માટે કરવામાં આવી છે.
- આ બોર્ડની રચના અંગેની જાહેરાત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ૨૧ જૂન ૨૧૦૯ના રોજ વિશ્વ યોગ દિવસ નિમિત્તે કરવામાં આવી હતી.
- આ બોર્ડમાં સરકારી સભ્યો તરીકે નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવના પ્રતિનિધિ, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવના પ્રતિનિધિ, શિક્ષણ અગ્ર સચિવના પ્રતિનિધિ અને રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવશ્રી અને કમિશ્નરશ્રીનો સમાવેશ થાય છે.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું મુખ્યાલય ગાંધીનગર ખાતે રહેશે.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત અંતર્ગત કાર્ય કરશે.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડના બિનસરકારી અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે.
- આ બોર્ડમાં સરકારી સભ્યો હોદ્દાની રૂએ રહેશે.
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડની કામગીરીના અસરકારક અમલીકરણ માટે રાજ્યકક્ષાની સ્થાયી સમિતિની રચના કરવામાં આવશે જેના અધ્યક્ષ હોદ્દાની રૂએ મુખ્યમંત્રીશ્રી રહેશે.
- તેના ઉપાધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી રહેશે.

**(૩) તમિલનાડુની કન્દાંગી સાડી અને ડિંડીગુલ તાળાંને GI ટેગ**

- તાજેતરમાં તામિલનાડુની કન્દાંગી સાડી અને ડિંડીગુલ તાળાંને GI ટેગ પ્રદાન કરવામાં આવ્યા.
- તામિલનાડુની કન્દાંગી સાડીનું નિર્માણ શિવગંગા જિલ્લાના કરાઇકુડી તાલુકામાં કરવામાં આવે છે તેનું નિર્માણ કપાસથી કરવામાં આવે છે.
- ડિંડીગુલ તાળાં પોતાની ગુણવત્તા અને ટકાવતાં માટે જાણીતું છે.
- તામિલનાડુ ની સરકારી સંસ્થાઓ જેલ હોસ્પિટલો અને મંદિરોમાં આ તાળાંનો ઉપયોગ કરવામાં આવે છે.

**(૨) GI ટેગ**

- GI ટેગ તે વસ્તુ અથવા ઉત્પાદનને આપવામાં આવે છે. જે વિશિષ્ટ ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરતી હોય અથવા વિશિષ્ટ સ્થાન પર જ મળતી હોય
- GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રાકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓ તેમની વિશિષ્ટ ગુણવત્તા માટે આપવામાં આવે છે.
- આ ટેગ ૧૦ વર્ષ માટે આપવામાં આવે છે, જે બાદમાં રિન્યૂ કરી શકાય છે.
- થોડા સમય અગાઉ કેન્દ્રીય નાગરિક વિમાન મંત્રાલય દ્વારા ગોવાના ડાબોલીમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે દેશનો પ્રથમ GI ટેગ સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ GI ટેગ પશ્ચિમ બંગાળની દાર્જિલગ ચા ને મળ્યો હતો.
- GI ટેગ પ્રાપ્ત ઉત્પાદન – દાર્જિલંગ ચા, તિરૂપતિ લાડુ, કાંગડા પેટિંગ, નાગપુર સંતરા, કશ્મીર પશ્ચિમના, ઓડિશાની કંધામલ હળદર, કેરલના ઇડુક્કી જિલ્લાના મરયુર ગોળ, તમિલનાડુના ઇરોડની હળદર, કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાની સિરસી સોપારી, વગેરે.

**(૩) સાર્વજનિક સેક્ટરની ૧૦ બેન્કોનું મર્જર ૪ બેન્કોમાં કરવાનો નિર્ણય :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા સાર્વજનિક સેક્ટરની ૧૦ બેન્કોનું મર્જર ૪ બેન્કોમાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ અંગયેની માહીતી દેશના નાણાંમંત્રીશ્રી નિર્મલા સિતારમન દ્વારા આપવામાં આવી હતી.
- આ મર્જર બાદ સાર્વજનિક સેક્ટરની બેન્કોની સંખ્યા ૧૨ થશે. જે વર્ષ ૨૦૧૭માં ૨૭ હતી.
- આ અંતર્ગત પંજાબ નેશનલ બેન્ક, ઓરિએંટલ બેન્ક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેન્કનું મર્જર એક એકમ તરીકે થશે જે ભારતીય સ્ટેટ બેન્ક બાદ દેશની બીજા ક્રમની સૌથી મોટી સાર્વજનિક બેન્ક બનશે.
- ભારતીય સ્ટેટ બેન્ક દેશની સૌથી મોટી બેન્ક છે. તે સૌથી મોટી સાર્વજનિક બેન્ક પણ છે.
- એચડીએફસી બેન્ક દેશની સૌથી મોટી ખાનગી બેન્ક છે.
- હાલ બેન્ક ઓફ બરોડ દેશની બીજા ક્રમની સૌથી મોટી સાર્વજનિક બેન્ક છે, જે નવા સૌથી મોટી સાર્વજનિક બેન્ક બનશે.

Vivekanand Academy Gandhinagar

- કેનેરા બેન્ક અને સિંડિકેટ બેન્કનું મર્જર કરવામાં આવશે જે દેશની ચોથા ક્રમની સૌથી મોટી સાર્વજનિક બેન્ક બનશે.
- યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા, આંધ્ર બેન્ક અને કોર્પોરેશન બેન્કનું મર્જર કરી એક એકમ બનશે જે દેશની પાંચમા ક્રમની સૌથી મોટી સાર્વજનીક બેન્ક બનશે.
- આ મર્જર બાદ દેશની પાંચમા ક્રમની સૌથી મોટી સાર્વજનિક બેન્ક બેન્ક ઓફ ઈન્ડિયા બનશે.
- ઇંડિયન બેન્કનું મર્જર અલ્હાબાદ બેન્ક સાથે કરવામાં આવશે તે દેશની સાતમા ક્રમની સૌથી મોટી સાર્વજનિક બેન્ક બનશે.
- તમામ બેંકોના મર્જર બાદ બેન્કના કર્મચારીઓ કર્મચારી પૈકી કોઇપણને પોતાની સેવા પરથી મુક્ત કરવામાં આવશે નહીં
- કેન્દ્રીય નાણાંમત્રી – નિર્મલા સીતારમન
- નાણાં મંત્રાલય સચિવ – (૧ સપ્ટેમ્બર ૨૦૧૯ની સ્થિતિએ) – રાજીવ કુમાર

**કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ બેન્ક મર્જર વર્ષ ૨૦૧૭**

- વર્ષ ૨૦૧૭માં કેન્દ્ર સરકાર દ્વારા સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેન્ક ઓફ ટ્રેવનકોર, સ્ટેટ બેન્ક પટિયાલા, ભારતીય મહિલા બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ બીકારનેર તથા જયપુર, અને સ્ટેટ બેન્ક ઓફ મૈસૂરનું મર્જર ભારતીય સ્ટેટ બેન્કમાં કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૧૯

- વર્ષ –૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા બેન્ક ઓફ બરોડામાં દેના બેન્ક, વિજ્યા બેન્કનું મર્જર ૧ એપ્રિલ ૨૦૧૯થી લાગુ થયું હતું.

બેન્ક : પંજાબ નેશનલ બેન્ક
સ્થાપના : ૧૮૯૪
સ્થાપક : દયાલસિંહ મજીઠિયા, લાલા લજપતરાય
મુખ્યાલય : નવી દિલ્હી

બેન્ક : ઓરિએંટલ બેન્ક ઓફ કોમર્સ
સ્થાપના : ૧૯૪૩
સ્થાપક : રાય બહાદુર સોહન લાલ
મુખ્યાલય : ગુરૂગ્રામ

બેન્ક : યુનાઇટેડ બેન્ક
સ્થાપના : ૧૯૫૦
સ્થાપક : નરેન્દ્ર ચંદ્ર દત્ત
મુખ્યાલય : કોલકત્તા

બેન્ક : કેનેરા બેન્ક
સ્થાપના : ૧૯૦૬
સ્થાપક : અમમેંબલ સુબ્બારાવ પાઇ
મુખ્યાલય : બેંગ્લોર

બેન્ક : સિંડિકેટ બેન્ક
સ્થાપના : ૧૯૨૫
સ્થાપક : ઉપેન્દ્ર આનંથ પાઇ
મુખ્યાલય : મણિપાલ (કર્ણાટક)

બેન્ક : યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા
સ્થાપના : ૧૯૧૯
સ્થાપક : ઉદ્દ્ઘાટક – મહાત્મા ગાંધી
મુખ્યાલય : મુંબઇ

બેન્ક : આંધ્રબેન્ક
સ્થાપના : ૧૯૨૩
સ્થાપક : ભોગરાજુ પટ્ટાભી સિતારામૈયા
મુખ્યાલય : હૈદરાબાદ

બેન્ક : કોર્પોરેશન બેન્ક
સ્થાપના : ૧૯૦૬
સ્થાપક : ખાન બહાદુર હાજી અબ્દુલ્લા
મુખ્યાલય : મેંગ્લોર

બેન્ક : ઇંડિયન બેન્ક
સ્થાપના : ૧૯૦૭
સ્થાપક : –
મુખ્યાલય : ચેન્નાઇ

બેન્ક : અલ્હાબાદ બેન્ક
સ્થાપના : ૧૮૬૫
સ્થાપક :
મુખ્યાલય : કોલકત્તા

**પ્રશ્નો :**

૧ ભારતની પ્રથમ વીમા કંપનીનું નામ જણાવો ?
– ઓરિએન્ટલ લાઇફ કંપની
૨ ભારતીય સંસદ દ્વારા કયાં બિલ અંતર્ગત ભારતીય જીવન વીમા નિગમ અસ્તિત્વમાં આવ્યું ?
– ભારતીય જીવન વીમા બિલ ૧૯૫૬
૩ ગુજરાત રાજ્યમાં જન જન સુધી યોગના પ્રચાર પ્રસાર માટે રાજ્ય સરકાર દ્વારા કયાં બોર્ડની સ્થાપના કરવા આવી ?
– ગુજરાત રાજ્ય યોગ બોર્ડ
૪ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના બિનસરકારી અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
– શીશપાલ શોભરામ રાજપૂતની
૫ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની કામગીરીના અસરકારક અમલીકરણ માટે રાજ્યકક્ષાની સ્થાયી સમિતિની રચના કરવામાં આવશે જેના અધ્યક્ષ હોદ્દાની રૂએ કોણ રહેશે ?
– મુખ્યમંત્રીશ્રી
૬ તાજેતરમાં કયાં રાજ્યની કન્દાંગી સાડી અને ડિંડીગુલ તાળાંને GI ટેગ પ્રદાન કરવામાં આવ્યા ?
– તામિલનાડુ
૭ ભારતમાં સૌપ્રથમ ટેગ કોને મળ્યો હતો ?
– પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ચા
૮ દેશની સૌથી મોટી બેન્ક કઇ છે?
– ભારતીય સ્ટેટ બેન્ક
૯ દેશની સૌથી મોટી ખાનગી બેન્ક કઇ છે ?
– એચડીએફસી

## 2. Sept. 2019

**(૧) મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ લાગુ :**

- દેશભરમાં ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ લાગુ થયું.
- આ બિલ અંતર્ગત નવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન કરવા પર ભારી ભરખમ કાયદાઓ રાખવામાં આવ્યા છે.

- તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ને મંજૂરી આપવામાં આવી.
- કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવેલ આ બિલ લોકસભા અને રાજ્યસભામાં પ્રસાર થયું હતું. આ બિલ દ્વારા મોટર વાહન બિલ ૧૯૯૮માં સુધારો કરવામાં આવ્યો.
- આ બિલ અંતર્ગત રોડ સેફ્ટી અને રોડ પર શિસ્તતા લાગુ કરવા કડક દંડના નિયમો કરવામાં આવ્યા છે.

**(૨) પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂક :**

- તાજેતરમાં દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા દેશના પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂકની ઘોષણા કરવામાં આવી.
- આ ઘોષણા અંતર્ગત હિમાચલ પ્રદેશના રાજ્યપાલ કાલરાજ મિશ્રાને રાજસ્થાનના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓની નિમણૂક કલ્યાણ મિશ્રાના સ્થાને કરવામાં આવી.
- કાલરાજ મિશ્રાના સ્થાને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ તરીકે બંડારૂ દત્તાત્રેયની નિમણૂંક કરવામં આવી.
- ભગતસિંહ કોશ્યારીને મહારાષ્ટ્રના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા તેઓની નિમણૂક સી. વિદ્યાસાગર રાવના સ્થાને કરવામાં આવી.
- આરિફ મોહમ્મદ ખાનને કેરલના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા તેઓની નિમણૂક વી. પી. સદાશિવમના સ્થાને કરવામાં આવી.
- ડૉ. તમિલીસાઇ સુંદરરાજનને તેલંગાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા તેઓની નિમણૂક ઇએસએલ નરસિંમનના સ્થાને કરવામાં આવી.

**રાજ્યપાલ :**

**નિમણૂક :**

- રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રીની સલાહથી કરવામાં આવે છે.
- રાજ્યપાલ રાજ્યના કારોબારી વડા તરીકે સેવા આપે છે. મુખ્યત્વે તેઓ કેન્દ્રસરકારના પ્રતિનિધિ તરીકે રાજ્યમાં સેવા આપે છે.
- બંધારણમાં પ્રત્યેક રાજ્યમાં એક રાથજ્યપાલની જોગવાઇ છે. પરંતુ એક રાજ્યપાલ બે કે તેથી વધુ રાજ્યના રાજ્યપાલ તરીકે સેવા આપી શકે છે.
- સામાન્ય રીતે રાજ્યપાલની મુદ્દત ૫ વર્ષની હોય છે છતાં રાષ્ટ્રપતિ ઇચ્છે ત્યાં સુધી તેમણે પદ પર રાખી શકે છે. અથવા એક રાથજ્યમાંથી બીજા રાજ્યમાં તેમની બદલી કરી શકે છે.
- એક વ્યક્તિની ગમે તેટલી વખત રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકાય છે.
- રાજ્યપાલ પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને સોંપી પદનો ત્યાગ કરી શકે છે.
- રાજ્યપાલના પદ માટે ઓછામાં ઓછા ૩૫ વર્ષની ઉંમર જરૂરી છે.
- રાજ્યપાલ જે – તે રાજ્યના મુખ્ય ન્યાયાધીશન સમક્ષ શપથ લે છે.

**વિશેષાધિકારો :**

- રાજ્યપાલ તરીકે હોદ્દો ધારણ કરેલા હોય ત્યાં સુધી તેમની વિરૂદ્ધ ધડપકડનું વોરંટ કાઢી શકાતું નથી.
- અનુચ્છેદ ૩૬૧ મુજબ તેમણે હોદ્દાની શક્તિઓ અને ફરજોના પાલન માટે કરેલા કાર્યો માટે કોઇપણ ન્યાયાલય પ્રત્યે તેઓ જવાબદાર હોતા નથી.

| અનુચ્છેદ | જોગવાઇ |
|---|---|
| ૧૫૩ | રાજ્યોના રાજ્યપાલ |
| ૧૫૪ | રાજ્યની કારોબારી સત્તા |
| ૧૫૫ | રાજ્યપાલની નિમણૂક |
| ૧૫૬ | રાજ્યપાલની હોદ્દાની મુદ્દત |
| ૧૫૭ | રાજ્યપાલ પદ માટે લાયકાત |
| ૧૫૮ | રાજ્યપાલ આ હાદ્દાની શરતો |
| ૧૫૯ | રાજ્યપાલના શપથ |
| ૧૬૦ | રાજ્યપાલના કાર્યો |
| ૧૬૧ | રાજ્યપાલની માફી સત્તા |
| ૧૬૨ | રાજ્યની કારોબારી સત્તાનો વિસ્તાર |

**(૩) લેફ્ટનેંટ જનરલ મનોજ મુકુંદ નરવાનેને ભારતીય સેનાના ઉપપ્રમુખનો કાર્યભાર સંભાળ્યો.**

- તાજેતરમાં લેફ્ટનેંટ જનરલ મનોજ મુકુંદ નરવાનેને ભારતીય સેનાના ઉપપ્રમુખનો કાર્યભાર સાંભળ્યો.
- લેફ્ટનેંટ જનરલ મનોજ મુકંદ નરવાનેલે ઇસ્ટર્ન કમાન્ડનું નેતૃત્વ સંભાળ્યું
- તેમને જમ્મુ કાશ્મીરમાં ઉલ્લેખનીય કાર્ય માટે તેમને 'સેના મેડલથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- તેમને નાગાલેન્ડ ખાતે આસામ રાઇફલ્સમાં ઇન્સ્પેક્ટર જનરલ તરીકે 'વિશિષ્ટ સેવા મેડલ' એનાયત કરવામાં આવ્યો હતો.
- તેમણે લેફ્ટનેંટ જનરલ દેવરાજ અંબુનું સ્થાન લીધું.
- લેફ્ટનેંટ જનરલ દેવરાજ અંબુ ૩૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ સેવાનિવૃત્ત થયા.

**(૪) ઇલેક્ટર વેરિફિકેશન પ્રોગ્રામ – ચૂંટણી પંચ :**

- તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં 'ઇલેક્ટર વેરિફિકેશન પ્રોગ્રામ' (ઈવીપી) ની શરૂઆત કરવામાં આવી.
- ચૂંટણી પંચ દ્વારા આ કાર્યક્રમ મતદાર યાદી સુધારણા. નાગરિકોને વધુ સારી મતદાન સેવાઓ પ્રદાન કરવા અને ચૂંટણી પંચ અને મતદારો વચ્ચે સંવાદને સુધારવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવ્યો છે.
- આ કાર્યક્રમ દેશના તમામ રાજ્યોમાં ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૯ સુધી ચાલશે.
- આ કાર્યક્રમનો લાભ મતદારો NVSP પોર્ટલ (nvsp.in) મતદાતા હેલ્પલાઇન એપ્લીકેશન અથવા નજીકના કોઇપણ મતદાન સુવિધા કેન્દ્રમાં પોતાનાની મુલાકાત લઇને શકશે.

**ચૂંટણી પંચ :**

- ચૂંટણી પંચની બંધારણીય જોગવાઇ અનુચ્છેદ – ૩૨૪ (૧) માં કરવામાં આવેલ છે.
- આ અનુચ્છેદ અંતર્ગત સંસદ, રાજ્યની વિધાનસભા, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની જવાબદારી માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણી પંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઇ હતી, દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.

- અનુચ્છેદ – ૩૨૪ (૨) અંતર્ગત ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રીસુકુમાર સેન હતા તેઓ વર્ષ ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા. દેશના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનર શ્રીમતી વી.એસ. રમાદેવી હતા.
- હાલ મુખ્ય ચૂંટણી કમિશનર સુનીલ અરોરા (૨૨માં), અશોક લવાસા અને શુશિલ ચંદ્ર ચૂંટણી કમિશનર છે.

**પ્રશ્નો :**

(૧) દેશભરમાં મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ ક્યારથી લાગુ થયું ?
- ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી

૨ મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯માં કયાં બિલમાં સુધારો કરવામાં આવ્યો ?
- મોટર વાહન બિલ ૧૯૯૮માં

૩ તાજેતરમાં દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા દેશના કેટલા રાજ્યોમાં નવા રાજ્યપાલની નિમણૂકની ઘોષણા કરવામાં આવી ?
- પાંચ રાજ્યો

૪ તાજેતરમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- ભગતસિંહ કોશ્યારી

૫ જે તે રાજ્યના રાજ્યપાલ કોની સમક્ષ શપથ લે છે ?
- રાજ્યના મુખ્યન્યાધીશ સમક્ષ

૬ લેંફ્ટનેંટ જનરલ મનોજ મુકુંદ નરવાનેને ભારતીય સેનાના ઉપપ્રમુખનો કાર્યભાર સોંપવામાં આવ્યો તે કોનું સ્થાન લેશે ?
- લેફ્ટનેંટ જનરલ દેવરાજ અંબુનું

૭ તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં કયા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ?
- ઇલેક્ટર વેરિફિકેશન પ્રોગ્રામ

## 3. Sept. 2019

**(૧) ચંદ્રયાન – ૨ નું વિક્રમ લેન્ડર અને ઓર્બિટર અલગ :**

- ૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ચંદ્રયાન –૨ નું વિક્રમ લેન્ડર અને ઓર્બિટર અલગ થયા.
- ઓર્બિટર થી લેન્ડર અલગ થવાની પ્રક્રિયા બપોરે ૧:૧૫ થઇ હતી.
- આ પ્રક્રિયા બાદ લેન્ડર ચંદ્રની સપાટીથી ૧૨૭ કિમી દૂર છે.
- ઇસરોના જણાવ્યા અનુસાર લેન્ડર વિક્રમ ૭ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ ચંદ્રની સપાટી પર લેંડિંગ કરશે.

**લેન્ડર અને રોવર :**

- ચંદ્રયાન–૨ માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડરનું નામ વિક્રમ છે.
- લેન્ડર વિક્રમનું વજન ૧૪૭૧ કિલોગ્રામ છે જે ૬૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.
- આ લેન્ડર સંપૂર્ણ રીતે સ્વદેશી બનાવટ છે.
- લેન્ડરનું નામ ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- રોવરનું નામ પ્રજ્ઞાન છે.
- રોવર પ્રજ્ઞાનનું વજન ૨૭ કિલોગ્રામ છે જે ૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.
- પ્રજ્ઞાન સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ બુદ્ધિમત્તા થાય છે.
- ચંદ્રયાન– ૨માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડર અને રોવરનું ઉત્પાદન રશિયા દ્વારા કરવાનું હતું જે બાદમાં ભારત દ્વારા સ્વદેશી રૂપે કરવામાં આવ્યું છે.
- રોવર પ્રજ્ઞાન ૬ પૈડાંવાળું રોબોટ વાહન છે જે ચંદ્ર પર સૌર ઉર્જાની મદદથી ૫૦૦ મીટરની મુસાફરી કરશે.

**ચંદ્રયાન–૨**

- ઇસરો દ્વારા ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ બપોરે ૨.૪૩ કલાકે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતે આવેલ બીજા લોન્ચિંગ પેડ પરથી ચંદ્રયાન –૨ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન – ૨ સંપૂર્ણ રીતે સ્વદેશી છે. ચંદ્રયાન–૨માં ભારતીય રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીની શોધ અને વાતાવરણનો અભ્યાસ કરશે.
- ચંદ્રયાન – ૨ને GSLV- Mk-III (Geosynchronouns Satellite Launch Vehicle Mark-III) ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું છે.

**(૨) વી.કે.જોહરી – બીએસએફના મહાનિર્દેશક :**

- તાજેતરમાં બીએસએફના ૨૫માં મહાનિર્દેશક તરીકે વી.કે. જોહરીએ કાર્યભાર સંભાળ્યો.
- તેઓ ૧૯૮૪ બેચના મધ્યપ્રદેશના કેડરના આઇપીએસ અધિકારી છે. તેઓ અગાઉ રૉ (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) માં કાર્યરત હતા.
- તેમણે મહાનિર્દેશક તરીકે રજની કાન્ત મિશ્રાાનું સ્થાન લીધું.

**બીએસએફ :**

- બીએસએફની સ્થાપના ૧ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ થઇ હતી.
- બીએસએફનો મોટલ જીવંત પર્યંત કર્તવ્ય છે.
- આ ફોર્સ પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે ભારતીય સીમાની સુરક્ષા કરે છે. બીએસએફનું મુખ્ય કાર્ય શાંતિ કાળ દરમ્યાન દેશની સીમાઓની સુરક્ષા કરવાનું છે.
- બીએસએફ દુનિયા સૌથી મોટી સુરક્ષા ફોર્સ છે.
- દર વર્ષે ૧ ડિસેમ્બરના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ સ્થાપના દિવસ મનાવવામાં આવે છે.
- બીએસએફ કેન્દ્ર ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- હાલ દેશમાં બીએસએફની ૧૮૬ બટાલિયન છે.

**(3) એમેઝોનના જંગલમાં આગ લાગવાની ઘટના :**

- તાજેતરમાં બ્રાઝિલના એમેઝોનના જંગલમાં આગ લાગવાની ઘટના બની છે.
- વર્ષ ૨૦૧૯માં એમેઝોનના જંગલમાં આગ લાગવાની આશરે ૭૮૩૮૩ ઘટનાઓ નોંધાઇ ચુકી છે.
- એમેઝોનના જંગલમાં લાગેલી આગને લીધે વન સૃષ્ટિ પર સંકટ ઊભું થયું છે.
- જંગલમાં લાગતી આગ દાવાનળ તરીકે ઓળખાય છે.
- એમેઝોનના જંગલને Amazon Rainforest તથા Ausonia તરીકે ઓળખવામાં આવે છે

Vivekanand Academy Gandhinagar

- દક્ષિણ અમેરિકા ખંડના એમેઝોન બેસીનમાં આશરે ૫૫૦૦૦૦૦ વિસ્તારમાં આ જંગલો આવેલા છે.
- આ વિસ્તાર ભારતના વિસ્તાર ૩૨૮૭૨ કિ.મી. કરતા પણ વધારે છે.
- વિશ્વના કુલ Rainforest નો લગભગ અડધો ભાગ એમેઝોન જંગલ ધરાવે છે.
- આ જંગલો વિશ્વના ઉષ્ણકટિબંધીય વનોમાં સૌથી વધુ જૈવ વિવિધતા આ વનોમાં જ જોવા મળે છે.
- આ જંગલ વિશ્વના ૯ દેશોની સરહદો પર આવેલ છે જેમાં બ્રાઝીલ પેરુ કોલંબિયા વેનેઝૂએલા ઇક્વાડોર બોલિવિયા ગુયાના સુરીનામ ફ્રેન્ચ ગુયાનાનો સમાવેશ થાય છે.
- આ જંગલનો સૌથી વધારે હિસ્સો બ્રાઝીલમાં આવેલ છે જે ૬૦% છે.

**(૪) રાષ્ટ્રીય પોષણ માસ :**

- દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાત કાર્યક્રમમાં કરવામાં આવેલ જાહેરાત મુજબ સપ્ટેમ્બર ૨૦૧૯ મહિનાને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવામાં આવશે.
- રાષ્ટ્રીય પોષણ માસ અભિયાનનો ઉદ્દેશ્ય ‘હર ઘર પોષણ તહેવાર’ નો સંદેશો દેશના નાગરિકો સુધી પહોંચાડવા અને કુપોષણની સમસ્યાને ખતમ કરવાનો છે.
- આ અભિયાન અંતર્ગત પ્રસરૂપતા પૂર્વે દેખભાલ, સ્તનપાન, એનીમિયા, બાલિકાઓ માટે પોષણનું મહત્વ, સ્વચ્છતા અનેલગ્નની યોગ્ય ઉંમર જેવા મુદ્દાઓ વિશે જાગરૂકતા ફેલાવવામાં આવશે.
- આ અભિયાનનું આયોજન નીતિ આયોગ, મહિલા તથા બાળ વિકાસ મંત્રાલય, સ્વાસ્થ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંતરાલય, પાણી અને સ્વચ્છ્તા મંત્રાલય, આવાસ અને શહેરી બાબત મંત્રાલય, લઘુમતી મંત્રાલય, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, માહિતની અને પ્રસારણ મંત્રાલય અને આયુષ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે.
- આ અભિયાનનો ઉદ્દેશ્ય વર્ષ ૨૦૨૨ સુધી બાળકોમાં સ્ટંટિંગ (કુપોષણના કારણે ઊંચાઇ ઓછી રહેવી) નો દર ૩૮.૪% ઓછો કરી ૨૫% કરવાનો છે.

**(૫) ‘ગરવી ગુજરાત ભવન’ – નવી દિલ્હી**

- તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્લી ખાતે ગુજરાત રાજ્યના બીજા રાજ્યભવન ‘ગરવી ગુજરાત ભવન’ નું ઉદ્દ્ઘાટન કર્યું.
- આ ઉદ્દ્ઘાટન સમારોહમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિન પટેલ, રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત, ઉત્તર પ્રદેશના રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલ હાજર રહ્યા હતા.
- આ ભવનનું નિર્માણ નવી દિલ્લી ખાતેના 25B અકબર રોડ પર કરવામાં આવ્યું છે. જેનું નિર્માણ ૭૦૬૬ ચોરસમીટર ક્ષેત્રમાં કરવામાં આવ્યું છે.
- આ ભવનમાં પરંપરા અને નવીન વાસ્તુકલાનું મિશ્રણ છે.
- આ ભવન ખાતે રાજ્યની સંસ્કૃતિ, શિલ્પ અને કલાનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.
- દેશની રાજધાની ખાતે નિર્મિત આ ભવન દેશનું પ્રથમ ઇકો– ફ્રેંડલી રાજ્ય ભવન છે. જેનું નિર્માણ રાજ્ય સરકાર દ્વારા ૧૩૧ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.
- આ ભવન ખાતે વિવિધ થીમ આધારિત ૭૮ રૂમો, લાઉન્જ, લાઇબ્રેરી, ટેરેસ ગાર્ડન, મ્યુઝિયમ ગેલેરીનો સમાવેશ થાય છે.

**પ્રશ્નો :**

(૧) તાજેતરમાં ચંદ્રયાન – ૨નું લેન્ડર અને ઓર્બિટર અલગ થયા તે લેન્ડરનું નામ જણાવો ?
- વિક્રમ

૨ લેન્ડરનું નામ કોના પર રાખવામાં આવ્યું છે ?
- ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પર

૩ તાજેરતમાં બીએસએફના ૨૫માં મહાનિર્દેશક તરીકે કોણે કાર્યભાર સાંભળ્યો?
- વી.કે. જોહરી

૪ બીએસએફનો મોટો જણાવો ?
- જીવન પર્યંત કર્તવ્ય

૫ તાજેતરમાં એમેઝોનના જંગલમાં આગ લાગવાની ઘટના બની છે. તે જંગલનો સૌથી વધુ હિસ્સો ક્યાં દેશમાં આવેલ છે ? કેટલા ટકા ?
- બ્રાઝિલમાં ૬૦ ટકા

૬ કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯ મહિનાને ક્યાં માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે ?
- રાષ્ટ્રીય પોષણ માસ

૭ નવી દિલ્લી ખાતે ગુજરાત રાજ્યના બીજા રાજ્યભવન ‘ગરવી ગુજરાત ભવન’ નું ઉદ્દ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું ?
- દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા

૮ દેશની રાજધાની ખાતે નિર્મિત પ્રથમ ઇકો– ફ્રેંડલી રાજ્ય ભવન ક્યાં રાજ્યનું છે ?
- ગુજરાત

## 4. Sept. 2019

**(૧) દાદાભાઈ નવરોજી – જન્મજયંતિ :**

- હિન્દના દાદા તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજીની આજે જન્મજયંતિ.
- તેમનો જન્મ ૪ સપ્ટેમ્બર ૧૮૨૫ના રોજ પારસી પુરોહિત પરિવારમાં નવસારી ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૧૮૫૨માં મુંબઇની એલ્ફિસ્ટન કોલેજમાં ગણિત અને ભૌતિકશાસ્ત્રના પ્રથમ ભારતીય પ્રોફેસર તરીકે જોડાયા હતા.
- તેમણે ‘રાસ્ત ગોફતાર’ અને ધર્મ માર્ગદર્શન નામના સામયિક શરૂ કર્યા હતા.
- વર્ષ ૧૮૬૧માં ધ લંડન અંજુમન નામના સંગઠનની સ્થાપના તેમણે કરી હતી.
- વર્ષ ૧૮૬૨માં તેમણે ઈસ્ટ ઈન્ડિયા એસોસિએશનની સ્થાપના કરી હતી.
- ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સહસ્થાપક તરીકે તેઓ ઓળખાય છે. તેઓ ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે.
- તેમનું નિધન ૩૦ જૂન ૧૯૧૭ના રોજ મુંબઇ ખાતે થયું હતું.

**(૨) ગુગલ સ્થાપના દિવસ :**

- અમેરિકાના કેલીફોર્નિયા ખાતે આવેલ ઇન્ટરનેટ સર્ચ એન્જિન, ઇમેલ જેવી સેવા આપતી ઇન્ટરનેશનલ કંપની ગૂગલની સ્થાપના ૪ સપ્ટેમ્બર ૧૯૯૮ના રોજ થઇ હતી.

- ગૂગલની સ્થાપના લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા કરવામાં આવી હતી.
- ગૂગલ દુનિયાભરમાં ફેલાયેલ ડેટા સેન્ટરમાં ૧૦ લાખથી વધુ સર્વર દ્વારા ચલાવવામાં આવે છે.
- કંપનીની મૂળભૂત સેવા વેબ સર્ચ એન્જિન છે. તથા કમ્પ્યૂટર સોફ્ટવેર ગુગલ ક્રોમ, પિકાસા તેમજ મેસેજ ઇન્સ્ટન્ટ મેસેજ માટે ગુગલ ટોકની સુવિધા પણ આપે છે.
- તેમજ ગૂગલ નેક્સસ ફોન આજકાલના સ્માર્ટ ફોનમાં વપરાતી ઑપરેટિંગ સિસ્ટમ એન્ડ્રોઇડ પણ લોકપ્રિય છે.
- હાલ ભારતીય મૂળના સુંદર પિચાઇ ગૂગલના સીઇઓ તરીકે ફરજ બજાવે છે.

**સર્ચ એન્જિન :**

- ગૂગલની સૌથી મોટી અને લોકપ્રિય સેવા ઇન્ટરનેટ સર્ચ છે. દુનિયાભરમાં થતાં ઇન્ટરનેટ સર્ચના ૬૫% થી વધારે સર્ચ ગૂગલ પર થાય છે.
- દર મહિને ૧૦૦૦૦ કરોડથી વધારે સર્ચ થાય છે, જે અલગ અલગ પ્રકારે થતાં ફોટો, બ્લોગ, સમાચાર, સ્વરૂપે હોય છે.

**જીમેલ :**

- જીમેલ નામની જાણીતી ઇમેલ સેવાની શરૂઆત ગૂગલ દ્વારા એપ્રિલ ૨૦૦૪માં કરવામાં આવી હતી.
- શરૂઆત સમયે જીમેલ ; ગિગા બાઇટ સંગ્રહ સુવિધા આપતું હતું, જે હાલમાં ૧૦ ગિગા બાઇટ સંગ્રહ સુવિધા આપે છે.
- યુ ટ્યુબ દ્વારા વપરાશકર્તાને વિડીઓ અપલોડ કરવાની સુવીધા આપે છે. તે દુનિયાની સૌથી મોટી વીડિઓ સંગ્રહકર્તા સાઇટ છે.
- યુ ટ્યુબ પર દર સેકન્ડે ૧ કલાકનો વિડીયો વપરાશકર્તા અપલોડ કરે છે. ૪૦૦ કરોડથી વધારે વિડીયો દરરોજ જોવામાં આવે છે.

**(૩) અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર – ભારતીય વાયુસેના :**

- તાજેતરમાં ભારતીય વાયુસેનામાં અમેરિકાની એરસ્પેસ કંપની બોઇંગ દ્વારા નિર્મિત આઠ AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટરને સામેલ કરવામાં આવ્યા.
- પઠાણકોટ એરબેસ ખાતે એર ચીફ માર્શલ બી.એસ.ધનોઆની ઉપસ્થિતિમાં યોજાયફેલ એક કાર્યક્રમમાં હેલિકોપ્ટરને સામેલ કરવામાં આવ્યા.
- આ હેલિકોપ્ટરને ભારતના પશ્ચિમ ક્ષેત્રે તૈનાત કરવામાં આવશે.
- આ હેલિકોપ્ટર અમેરિકાના એરિઝોના ખાતે આવેલ બોઇંગ કંપનીના પ્રોડક્શન યુનિટમાં સોંપવામાં આવ્યું.
- આ હેલિકોપ્ટરને ચલાવવા માટે પાઇલટે અમેરિકાના અલબામા ખાતેના ફોર્ટ એરબેઝમાં ટ્રેનિંગ લીધી હતી.
- અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર માટે ભારત અને અમેરિકા વચ્ચે સપ્ટેમ્બર ૨૦૧૫માં આ ડીલ થઇ હતી.
- માર્ચ ૨૦૨૦ સુધીમાં ભારતીય વાયુસેનામાં કુલ ૨૨ અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર સામેલ કરવામાં આવશે

**AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર :**

- એન્જિન – બે ટર્બો શેફ્ટ એન્જિન તેનાથી રાત્રે ઉડાન સરળ બને છે.
- સ્પીડ –૩૬૫ કિમી / પ્રતિ કલાક
- હથિયાર – હેલિફાયર અને સ્ટિંગર મિસાઇલ્સ લાગેલી છે.
- વજન – ૫૧૬૫ કિલોગ્રામ છે.
- આ હેલિકોપ્ટર હુમલા સિવાય યુદ્ધના વિસ્તારની તસવીર લેવામાં સક્ષમ છે
- અમેરિકાએ અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ પનામા, અફઘાનિસ્તાન, ઇરાકના યુદ્ધમાં કર્યો હતો.
- તેનો ઉપયોગ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે કર્યો હતો.
- આ હેલિકોપ્ટરે પ્રથમ ઉડાન વર્ષ ૧૯૭૫માં ભરી હતી. તેને અમેરિકન સેનામાં વર્ષ ૧૯૮૬માં સામેલ કરવામાં આવ્યું હતું
- હાલ આ હેલિકોપ્ટર અમેરિકા, ઇઝરાયલ, મિસ્ર, નેધરલેન્ડ, જાપાન, સિંગાપોર અને યુએઇની પાસે છે.

**(૪) બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું સન્માન :**

- અમેરિકાના બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને સન્માનીત કરવામાં આવશે.
- આ સન્માનનું નામ ગ્લોબલ ગોલ કીપર છે.
- તેમને આ સન્માન 'સ્વચ્છ ભારત' અભિયાનની સફળતા માટે આપવામાં આવશે.
- પ્રધાનમંત્રીશ્રીને આ સન્માન તેમના આગામી અમેરિકા પ્રવાસ દરમ્યાન આપવામાં આવશે.
- બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ ૨૦૦૦ માઇક્રોસોફ્ટ કંપનીના સ્થાપક બિલ ગેટ્સ અને તેમની પત્ની મિલિંડા ગેટ્સ દ્વારા કરવામાં આવી હતી.
- આ સંસ્થા સ્વાસ્થ્ય ક્ષેત્રે સુધારા અને ગરીબી દૂર કરવાના કાર્ય કરે છે.

**(૫) સ્વચ્છ ભારત અભિયાન**

- 'સ્વચ્છ ભારત' અભિયાનની શરૂઆત ૨ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી.
- આ અભિયાનનો ઉદ્દેશ્ય મહાત્મા ગાંધીના સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવાનો છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન બે ચરણમાં શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સ્વચ્છ ગ્રામિણ ભારત અને સ્વચ્છ શહેરી ભારતનો સમાવેશ થાય છે.
- સ્વચ્છ ગ્રામીણ ભારત અંતર્ગત દેશના તમામ ગામોના દરેક ઘરોમાં શૌચાલયનું નિર્માણ કરવાનું અને ખૂલામાં શૌચ મુક્ત બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.
- સ્વચ્છ શહેરી ભારત અંતર્ગત દેશના તમામ શહેરોના ઘરોમાં અને સાર્વજનિક સ્થળો પર શૌચાલયનું નિર્માણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**(૬) આંતરરાષ્ટ્રીય ટી–૨૦ ક્રિકેટ માથી સન્યાસ મિતાલી રાજ :**

- ભારતીય મહિલા ક્રિકેટ ટીમના બેટ્સમેન મિતાલી રાજે આંતરરાષ્ટ્રીય ટી–૨૦ ક્રિકેટમાંથી સન્યાસની જાહેરાત કરી.
- તેમણે પોતાની અંતિમ આંતરાષ્ટ્રીય ટી–૨૦ મેચ ઇંગ્લેન્ડ વિરૂદ્ધ માર્ચ ૨૦૧૯માં રમી હતી.

Vivekanand Academy Gandhinagar

- મિતાલી રાજ કુલ ૮૯ આંતરરાષ્ટ્રીય ટી–૨૦ મેચ રમી ચૂક્યા છે.
- તેમનો જન્મ ૩ ડિસેમ્બર ૧૯૮૨ના રોજ રાજસ્થાનના જોધપુર ખાતે થયો છે.
- ફેબ્રુઆરી ૨૦૧૯માં મિતાલી રાજ ૨૦૦ વન ડે રમનારી પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઇ છે.
- તેણે ન્યૂઝીલેન્ડ સામે ત્રીજી વન–ડે મેચમાં આ વિક્રમ રચ્યો હતો.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨૬૩ આંતરરાષ્ટ્રીય વન ડે મેચ રમી છે જેમાં ૨૦૦ મેચમાં મિતાલી રાજ ટીમનો ભાગ હતી.
- વન ડે ક્રિકેટમાં ૬૦૦૦ રન કરનાર મિતાલી રાજ પ્રથમ મહિલા ખેલાડી છે.
- મિતાલી રાજને વર્ષ ૨૦૦૩માં અર્જુન એવોર્ડ, વર્ષ ૨૦૧૫માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૭માં યૂથ સ્પોર્ટ્સ આઇકોન ઓફ એક્સીલેંસ એવોર્ડથી સન્માનીત કરવામાં આવી છે.

**(૭) શ્રેષ્ઠ આઇકોનીક પ્લેસ એવોર્ડ – સોમનાથ :**

- ગુજરાતના પવિત્ર યાત્રાધામ સોમનાથને શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થધામ તરીકે શ્રેષ્ઠ આઇકોનીક પ્લેસ એવોર્ડ એનાયત થશે.
- આ અંગેની જાહેરાત ભારત સરકારના જલશક્તિ, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા કરવામાં આવી.
- આ એવોર્ડ નવી દિલ્લી ખાતે આવેલ વિજ્ઞાન ભવન ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં આપવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ધામોને ૨૪ કલાક સતત સ્વચ્છ રાખવાનું અભિયાન ૧ એપ્રિલ ૨૦૧૭ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા, સોમનાથ, અંબાજી, પાલિતાણા, શામળાજી સહિતના યાત્રાધામોનો સમાવેશ થાય છે. જેના પરિણામ રૂપે આ એવોર્ડ આપવમાં આવ્યો છે.

**સોમનાથ મંદિર :**

- વિશ્વ પ્રસિદ્ધ દ્વાદશ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ના રોજ થઇ હતી.
- ભારતની આઝાદી બાદ લોહપુરૂષશ્રી સરદાર વલ્લભાઇ પટેલ સોમનાથ આવ્યા હતા ત્યારે મંદીરની હાલત જોઇ તેમણે જીર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો હતો.
- સોમનાથ મંદિરના પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થયા બાદ વિક્રમ સંવત ૨૦૦૮ની વૈશાખ વદ પાંચમ એટલે કે ૧૧ મે ૧૯૫૧ના રોજ તત્કાલીનિ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.
- હાલ સોમનાથ મંદિરનું સંચાલન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી.
- હાલ સોમનાથ મંદિરનું સંચાલન શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આ ટ્રસ્ટના પ્રથમ ચેરમેન સરદાર વલ્લભાઇ પટેલ હતા. હાલ ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ આ ટ્રસ્ટના ચેરમેન છે.

**સોમનાથ મંદિરનો ઇતિહાસ :**

- આ મંદિર ચાલુક્ય અને ઈરાની શૈલીમાં બંધાયેલ છે.
- મંદિરનો ઘૂમટ પ્રભાશંકર સોમપુરા દ્વારા ઇરાની શૈલીમાં બનાવાયેલ છે.
- સોમનાથ મંદિર સૌ પ્રથમ વખત 'ચંદ્ર' દ્વારા સોનાથી બાંધવામાં આવ્યું હતું.
- બાદમાં સોમનાથ મંદિર રાવણ દ્વારા બાંધવામાં આવ્યું હતું જે ચાંદીનું હતું.
- રાવણ બાદ સોમનાથ મંદિર ભગવાનશ્રી કૃષ્ણ દ્વારા બનાવામાં આવ્યું હતું જે સુખડનું હતું.
- સોમનાથ મંદિરનો ઉલ્લેખ ઋગ્વેદમાં જોવા મળે છે.
- સોમનાથનું પ્રથમ મંદિર ૨૦૦૦ વર્ષ અગાઉ અસ્તિત્વમાં આવ્યાનું માનવામાં આવે છે.
- સોમનાથ મંદિરની સમૃદ્ધિને કારણે તેના પણ ઘણા આક્રમણો થાય છે. જેમાં આરબો, મહંમદ ગઝની, અલાઉદ્દીન ખીલજી અફઝલ ખાં, મુઝફ્ફરશાહ બીજો, ઔરંગઝેબ જેવા શાસકોનો સમાવેશ થાય છે.
- નાણભટ્ટ, ભીમદેવ સોલંકી, કુમારપાળ, અહલ્યાબાઇ, સારંગદેવ, જેવા હિન્દુ શાસકોના ફાળે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનો શ્રેય જાય છે.
- સોમનાથ મંદિરના રક્ષણમાં હમીરજી ગોહિલ વીરગતિ પામ્યા હતા.

પ્રશ્નો :

(૧) હિન્દના દાદા તરીકે કોણ ઓળખાતું હતું ?
- દાદાભાઇ નવરોજી

(૨) ધ લંડન અંજુમન નામના સંગઠનની સ્થાપના કોણે કરી હતી ?
- દાદાભાઇ નવરોજી

(૩) ગૂગલની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
- લેરી પેજ અને સર્જી બ્રિન દ્વારા

(૪) તાજેતરમાં ભારતીય વાયુસેનામાં આઠ AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટરને સામેલ કરવામાં આવ્યા તેનું નિર્માણ કોના કરવામાં આવ્યું છે ?
- અમેરિકાની એરસ્પેસ કંપની બોઇંગ દ્વારા નિર્મિત

(૫) ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને 'સ્વચ્છ ભારત' અભિયાનની સફળતા માટે કઇ સંસ્થા દ્વારા સન્માનીત કરવામાં આવશે ?
- અમેરિકાના બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા

(૬) સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત ક્યારે અને કોના દ્વારા કરવામાં આવી હતી ?
- ૨ ઓક્ટોમ્બર ૨૦૧૪ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા

(૭) ભારતીય મહિલા ક્રિકેટ ટીમના બેટ્સમેન મિતાલી રાજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના કયાં ફોર્મેટમાંથી સન્યાસની જાહેરાત કરી ?
- ટી–૨૦

(૮) મિતાલી રાજનો જન્મ ક્યાં થયો હતો ?
- રાજસ્થાનના જોધપુર ખાતે

(૯) તાજેતરમાં ભારત સરકારના જલશક્તિ, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા ગુજરાતના પવિત્ર યાત્રાધામ સોમનાથને શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થધામ તરીકે કયો એવોર્ડ એનાયત થશે ?
- શ્રેષ્ઠ આઇકોનીક પ્લેસ એવોર્ડ

(૧૦) હાલ સોમનાથ મંદિરનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?
- શ્રી સોમનાથ ટ્રસ્ટ

(૧૧) સોમનાથ મંદિર કઇ શૈલીમાં બંધાયેલ છે ?
- ચાલુક્ય અને ઈરાની શૈલીમાં

## 5. Sept. 2019

**(૧) ઇન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી : ૫ સપ્ટેમ્બર**

**– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન – જન્મજયંતિ :**

– ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ થિરુતની (તામિલનાડુ) માં થયો હતો.
– તેમનો જન્મદિવસ ભારત ભરમાં શિક્ષક દિન તરીકે ઉજાવય છે.
– પ્રથમ રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણી વર્ષ ૧૯૬૨માં થઇ હતી.
– આઝાદી બાદ તેઓએ રશિયાના રાજદૂત તરીકે સેવા આપી હતી.
– તેઓએ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ તરીકે વર્ષ ૧૯૫૨ થી ૧૯૬૨ સુધી સેવા આપી હતી.
– તેઓએ ભારતના બીજા રાષ્ટ્રપતિ તરીકે વર્ષ ૧૯૬૨ થી ૧૯૬૭ તરીકે સેવા આપી હતી.
– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને ઇન્ડિયન ફિલોસોફી, ધી હિન્દુ વ્યુ ઓફ લાઇફ, ધી ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર, રિકવરી ઓફ ફેઇથ, ધી પ્રિન્સીપલ ઉપનિષદ વગેરે પુસ્તકો લખ્યા હતા.
– વર્ષ ૧૯૫૪માં તેઓને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યુ હતા.
– તેઅને વર્ષ ૧૯૬૩માં બ્રિટિશ રૉયલ ઓર્ડર ઓફ મેરીટ અને વર્ષ ૧૯૭૫માં ટેમ્પલ્ટન પ્રાઇઝથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ – ૫ ઓક્ટોબર (યુનેસ્કો દ્વારા)

**(૨) હજીરા – બાંદ્રા પેસેન્જર ફેરી સર્વિસ :**

– તાજેતરમાં ગયુજરાતના સુરત જિલ્લાના હજીરાથી મહારાષ્ટ્રના મુંબઇ ખાતે આવેલ બાંદ્રા વચ્ચે દરિયાઇ માર્ગે પેસેન્જર ફેરી સર્વિસને મંજૂરી આપવામાં આવી.
– હજીરા – બાંદ્રા પેસેન્જર ફેરી સર્વિસની શરૂઆત નવેમ્બર ૨૦૧૯માં થશે.
– આ ફેરી સર્વિસનું સંચાલન SSRમરીન સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની દ્વારા કરવામાં આવશે.
– પ્રાથમિક તબક્કે આ ફેરી સર્વિસ અઠવાડિયામાં એક વખત ઉપલબ્ધ થશે.
– ગુજરાતમાં હાલ ભાવનગરના ઘોઘાથી ભરૂચના દહેજ વચ્ચે દરિયાઇ માર્ગે ફેરી સર્વિસ ચાલે છે.

**(૩) વર્લ્ડ ઇલેક્શન બોડી એસોસિએશનના ચેરમેન – સુનિલ અરોરા**

– તાજેતરમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોરાએ વર્લ્ડ ઇલેક્શન બોડી એસોસિએશનના ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો.
– તેઓ બે વર્ષ સુધી આ પદ સંભાળશે.
– વર્ષ ૨૦૧૭માં વર્લ્ડ ઇલેક્શન બોડી એસોસિએશનની રોમાનિયાની રાજધાની બુડાપેસ્ટ ખાતે યોજાયેલ બેઠકમાં એશોસીએશનના સભ્યદેશો દ્વારા ભારતને અધ્યક્ષ પદ માટે પસંદ કરવામાં આવ્યું હતું.
– આ અગાઉ વર્લ્ડ ઇલેક્શન બોડી એસોસિએશનની અધ્યક્ષતા રોમાનિયા પાસે હતી.
– સુનિલ અરોરા ભારતના ૨૩માં મુખ્ય ચૂંટણી કમિશનર છે.
– તેઓ ૧૯૮૦ બેચના રાજસ્થાન કેડરના આઇએએસ અધિકારી છે.

**(૪) તરણેતર મેળો :**

– તાજેતરમાં ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાન નજીક તરણેતરના મેળાનું આયોજન થયું હતું.
– આ મેળાનું આયોજન દર વર્ષે ભાદરવા સુદ ચોથ પાંચમ અને છઠ્ઠના રોજ કરવામાં આવે છે.
– તરણેતરનો મેળો સૌરાષ્ટ્રનો સૌથી પ્રસિદ્ધ મેળો છે.
– રંગનો મેળો તરીકે જાણીતા આ મેળામાં દુહા, ભજન અને હુડા અને હાજા રાસનું ઘણું મહત્વ હોય છે.
– આ મેળામાં પશુ પ્રદર્શન અને હરિફાઇ, ગ્રામ્ય રમતો, વગેરે સાંસ્કૃતિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

**(૫) વિરાટ કોહલી ટેસ્ટ મેચમાં સૌથી સફળ ભારતીય કેપ્ટન :**

– તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વીરાટ કોહલી ટેસ્ટમાં સૌથી સફળ ભારતીય કેપ્ટન બન્યા.
– તેમણે આ સિદ્ધિ વેસ્ટ ઇન્ડિઝ સામેની બીજી ટેસ્ટ મેચ જીતી મેળવી.
– વિરાટે ૪૮ ટેસ્ટ મેચમાં ૨૮ ટેસ્ટ મેચ જીતી એમ.એસ. ધોનીનો રેકોર્ડ તોડ્યો છે.
– ધોનીએ ૬૦ ટેસ્ટ મેચમાં ૨૭ ટેસ્ટ મેચ જીતી છે.
– વિશ્વના સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન દક્ષિણ આફ્રિકાના ગ્રીમ સ્મિથ છે તેની કેપ્ટનશીપમાં દક્ષિણ આફ્રિકાએ ૫૩ ટેસ્ટ મેચ જીતી છે.

**પ્રશ્નો :**

(૧) ઇન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી ક્યારે મનાવવામાં આવે છે ?
– ૫ સપ્ટેમ્બર
૨ રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણી કોની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે ?
– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
૩ આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
– ૫ ઓક્ટોબર
૪ તાજેતરમાં ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે દરિયાઇ માર્ગે પેસેન્જર ફેરી સર્વિસને મંજૂરી આપવામાં આવી તે ક્યાં બે સ્થળને જોડશે ?
– ગુજરાતના સુરત જિલ્લાના હજીરાથી મહારાષ્ટ્રના મુંબઇ ખાતે આવેલ બાંદ્રાને
૫ તાજેતરમાં વર્લ્ડ ઇલેક્શન બોડી એસોસિએશનના ચેરમેન તરીકે કોણે કાર્યભાર સંભાળ્યો ?
– ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોરાએ
૬ સુનિલ અરોરાર ભારતના કેટલામાં મુખ્ય ચૂંટણી કમિશનર છે ?
– ૨૩ માં
૭ તરણેતરના મેળાનું આયોજન દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?
– ભાદરવા સુદ ચોથ પાંચમ અને છઠ્ઠના રોજ

## 6. Sept. 2019

**(૧) શાસન રત્ન એવોર્ડ – વિજય રૂપાણી**

– તાજેતરમાં વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આવેલ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યના

Vivekanand Academy Gandhinagar

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું સન્માન કરવામાં આવ્યું.

- શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સંસ્થાના સંસ્થાપક રાકેશભાઇ ઝવેરી દ્વારા મુંબઇ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ને શાસન રત્ન એવોર્ડ આપવામાં આવ્યો.
- આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું હતું.

**(૨) સબકા વિકાસ યોજના :**

- તાજેતરમાં દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા સબકા વિકાસ નામની એક યોજના શરૂ કરવામાં આવી.
- આ યોજના દેશના કર વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે લોન્ચ કરવામાં આવી છે જે ૧ સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી અમલમાં રહેશે.
- આ યોજનાનો લાભ લેનાર નાગરિકોને કરમાં વ્યાજ અને તેના દંડમાં સંપૂર્ણપણે છૂટ આપવામાં આવશે તેમજ કાયદાકીય કાર્યવાહીમાંથી છૂટ આપવામાં આવશે.

**(૩) દેશની પ્રથમ ખાનગી ટ્રેન– તેજસ એક્સપ્રેસ :**

- દેશની ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસ લખનૌ– દિલ્લી વચ્ચે ૪ ઓક્ટોમ્બર થી દોડશે
- આ ટ્રેનનું સંચાલન કંપની IRCTC દ્વારા કરવામાં આવશે.
- IRCTC ભારતીય રેલવેની પેટા કંપની તરીકે ટ્રેનનું સંચાલન કરશે.
- તેજસ એક્સપ્રેસ એવી પ્રથમ ટ્રેન બનશે જેનું સંચાલન કોઇ ખાનગી કંપની દ્વારા કરવામાં આવશે.
- IRCTC-Indian Railway Catering and Tourism Corporation

**(૪) સેફ સિટી ઇન્ડેક્સ – ૨૦૧૯**

- તાજેતરમાં ધ ઈકોનોમિસ્ટ ઇન્ટેલીજન્સી યુનિટ દ્વારા સમગ્ર વિશ્વના સૌથી સલામત શહેરોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી.
- સેફ સિટી ઇન્ડેક્સ ૨૦૧૯ નામની આ યાદીમાં વિશ્વના સૌથી સલામત ૬૦ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ યાદીમાં જાપાનનું ટોક્યો પ્રથમ સ્થાને છે ટોક્યો છેલ્લા ત્રણ વર્ષથી પ્રથમ સ્થાને છે.
- સિંગાપોર અને ઓસાકા આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ ઈન્ડેક્સ અલગ અલગ ૫૭ મુદ્દાઓના આધારે હેલ્થ સિક્યુરિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિક્યુરીટી, ડિજિટલ સિક્યુરિટી, પર્સનલ સિક્યુરિટી અને ઓલ ઓવર સ્કોર જેવા જરૂરી વ્યવસ્થાપનોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સમાં ભારતના મુંબઇ અને નવી દિલ્લીનો સમાવેશ થાય છે જે અનુક્રમે ૪૫માં અને ૫૨માં સ્થાને છે.
- સેફ સિટી ઇન્ડેક્સ ૨૦૧૯માં ભારતના શહેરોમાં મુંબઇ પ્રથમ સ્થાને છે.

**(૫) 'યુદ્ધ અભ્યાસ ૨૦૧૯' – ભારત અને અમેરિકા :**

- ભારત અને અમેરિકા વચ્ચે 'યુદ્ધ અભ્યાસ ૨૦૧૯' નામના સંયુક્ત અભ્યાસની શરૂઆત અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ખાતેના આવેલ જોઇન્ટ બેસ લૂવીસ મૈક્કોર્ડ ખાતે કરવામાં આવી.
- આ યુદ્ધ અભ્યાસનું આયોજન ૫ સપ્ટેમ્બર થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવશે.
- આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશોની સેનાઓ વચ્ચે આતંકી વિરોધી ઓપરેશનની ક્ષમતામાં વધારો કરવાનો છે.
- 'યુદ્ધ અભ્યાસ' નું આ ૧૫મું સંસ્કરણ છે.
- ભારત અને અમેરિકા વચ્ચે 'યુદ્ધ અભ્યાસ' ની શરૂઆત વર્ષ ૨૦૦૪માં અમેરિકની સેનાના પ્રશાંત પાર્ટનરશિપ કાર્યક્રમ અંતર્ગત થઇ હતી.
- આ અભ્યાસમાં બટાલિયન સ્તર પર પ્રશિક્ષણ અને ડિવિઝન સ્તરીય કમાન્ડ પોસ્ટ અભ્યાસ કરવામાં આવે છે.

**ભારત અને અમેરિકાના સંબંધો :**

- વર્ષ ૧૯૫૫માં સેન્ટો (Central Treaty organization- CENTO)ની રચના કરવામાં આવી. તે એક લશ્કરી સંગઠન હતું. શરૂઆમાંત તે બગદાદ કરાર તરીકે ઓળખાતું હતું.
- ઇરાન, ઇરાક, પાકિસ્તાન, તુર્કી અને યુ.કે. એમ પાંચ રાષ્ટ્રો તેના સભ્યો હતા.પાકિસ્તાન સેટોનું સભ્ય બનતાં અમેરિકા તરફથી પાકિસ્તાનને આર્થિક અને લશ્કરી મદદ મળવાનું શરૂ થતાં અમેરિકા અને ભારતના સંબંધોમાં વધુ એક તિરાડ પડી.
- વર્ષ ૧૯૭૯માં સેન્ટોનું વિસર્જન થયું.
- એન.ડી.એ સરકારના સમયગાળા દરમિયાન અટલ બિહારી વાજપાઇ દ્વારા પોખરણ ખાતે અણુ પરીક્ષણ કરવામાં આવ્યું.
- ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેના તરીકે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાની હાજરી બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાનો નિર્દેશ કરે છે.

**(૬) જયદીપ સરકાર – લેસોથોમાં ભારતના નવા ઉચ્ચાયુક્ત :**

- તાજેતરમાં ૧૯૮૭ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી જયદીપ સરકારને લસોથોમાં ભારતના નવા ઉચ્ચાયુક્ત નિયુક્ત કરવામાં આવ્યા.
- હાલ તેઓ દક્ષિણ આફ્રિકામાં ભારતના ઉચ્ચાયુક્ત તરીકે કાર્ય કરે છે.
- તેઓ લેસોથો અને દક્ષિણ આફ્રિકા બંનેના ઉચ્ચાયુક્ત તરીકે કાર્ય કરશે.
- તેઓ અગાઉ ટોક્યો, સિઓલ અને બાંગ્લાદેશમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.
- તેઓ વર્ષ ૨૦૦૪માં ભારતીય પ્રધાનમંત્રી કાર્યાલયમાં નિર્દેશક તરીકે જોડાયેલા હતા.
- તેઓએ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ સુધી ઇઝરાયલના રાજદૂત તરીકે કાર્ય કર્યું છે.
- લેસોથો દક્ષિણ આફ્રિકાની સરહદે આવેલ એક નાનો દેશ છે તેની રાજધાની માસેરૂ છે.

**(૭) પ્રથમ સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન તથા સાયબર ફોરેન્સિક્સ સંમેલન – નવી દિલ્લી**

- તાજેતરમા નવી દિલ્હી ખાતે પ્રથમ સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન તથા સાયબર ફોરેન્સિક્સ પર રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું
- આ સંમેલનનું ઉદ્‌ઘાટન સીઆઇબીના ડાયરેક્ટર ઋષિકુમાર શુક્લા દ્વારા કરવામાં આવ્યું છે.
- આ સંમેલનનો ઉદ્દેશ્ય સંશોધનકારો, ફોરેન્સિક નિષ્ણાંતો, શિક્ષણવિદો અને વકીલોને એક પ્લેટફોર્મ પર સાથે લાવવાનો છે અને સાયબર ક્રાઇમના વિવિધ પાસાઓની ચર્ચા કરવાનો છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કઇ સંસ્થા દ્વારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું શાસન રત્ન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું ?
- શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર સંસ્થા દ્વારા

(૨) કેન્દ્ર સરકાર દ્વારા દેશના કર વિવાદોના સંપૂર્ણ સમાધાન માટે કઇ યોજના શરૂ કરવામાં આવી ?
- સબકા વિકાસ

(૩) દેશની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસ કયાં બે શહેરો વચ્ચે ચાલુ થશે ?
- લખનૌ – દિલ્લી

(૪) દેશની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસનું સંચાલન કઇ ખાનગી કંપની દ્વારા કરવામાં આવશે ?
- IRCTC-Indian Railway Catering and Tourism Corporation

(૫) તાજેતરમાં સેફ સિટી ઇન્ડેક્સ ૨૦૧૯ કોના દ્વારા જાહેર કરવામાં આવ્યો ?
- ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલીજેન્સ યુનિટ દ્વારા

(૬) ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલીજેન્સ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવેલ સેફ સિટી ઇન્ડેક્સ ૨૦૧૯માં વિશ્વમાં પ્રથમ સ્થાને કયું શહેર છે ?
- જાપાનનું ટોક્યો

(૭) ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલીજેન્સ યુનિટ દ્વારા તૈયાર કરવામાં આવેલ સેફ સિટી ઇન્ડેક્સ ૨૦૧૯માં ભારતનું કયું શહેર પ્રથમ સ્થાને ?
- મુંબઇ

(૮) તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે 'યુદ્ધ અભ્યાસ ૨૦૧૯' નામનો સંયુક્ત અભ્યાસની શરૂઆત થઇ તે કેટલામું સંસ્કરણ છે ?
- ૧૫ મું

૯ લેસોથોમાં ભારતના નવા ઉચ્ચાયુક્ત તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા ?
- જયદીપ સરકારને

૧૦ સીઆઇબીના વર્તમાન ડાયરેક્ટર કોણ છે ?
- ઋષિકુમાર શુક્લા

## 7. Sept. 2019

**(૧) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો રશિયા પ્રવાસ :**

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના બે દિવસીય વિદેશ પ્રવાસમાં રશિયાની મુલાકાત લીધી.
- પ્રધાનમંત્રીશ્રીના આ પ્રવાસ દરમિયાન ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ, ઉર્જા, પેટ્રોલિયમ વગેરે ક્ષેત્રે ૧૫ જેટલા કરાર પર હસ્તાક્ષર કરવામાંઆ વ્યા છે.
- પ્રધાનમંત્રીશ્રી પોતાના રશિયા પ્રવાસ દરમ્યાન રશિયાના પૂર્વ ક્ષેત્રે આવેલ વ્લાદીવોસ્તોક ખાતે યોજાયેલ ૫મી ઇસ્ટર્ન ઇકોનોમિક ફોરમમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર રહ્યા હતા.
- ૫મી ઇસ્ટર્ન ઇકોનોમિક ફોરમમાં પ્રધાનમંત્રીશ્રી એ સંબોધન કર્યું હતું જેમાં રશિયાનાના પૂર્વ ક્ષેત્રના વિકાસમાં ૧ અબજ ડોલરની લાઇન ઓફ ક્રેડિટ આપવાની જાહેરાત કરી હતી.
- રશિયાના પૂર્વ ક્ષેત્રે આવેલ વ્લાદીવોસ્તોકની મુલાકાત લેનાર નરેન્દ્ર મોદી પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે.
- રશિયાના વ્લાદીવોસ્તોકમાં ભારત પોતાનું દૂતાવાસ શરૂ કરનાર વિશ્વનો પ્રથમ દેશ છે.
- પ્રધાનમંત્રીશ્રીએ રશિયા પ્રવાસ દરમ્યાન વ્લાદીવોસ્તોક ખાતે યોજાયેલ ૨૦માં ભારત રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં પણ ભાગ લીધો હતો.
- પ્રધાનમંત્રીના રશિયા પ્રવાસ દરમ્યાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને રશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્યુ ધ એપોસ્ટલ' થી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને સન્માનીત કરવાની જાહેરાત કરી હતી.

**રશિયા :**

- રાષ્ટ્રપતિ : વ્લાદિમીર પુતિન
- પ્રધાનમંત્રી : દિમીત્રિ મેદવદીવ
- રાજધાની : મોસ્કો

**ભારત અને રશિયા સંબંધો :**

- ઠંડાયુદ્ધ દરમિયા ભારત અને સોવિયત સંઘ વચ્ચે ૧૯૭૧માં શાંતિ, મિત્રતા, અને સહકાર અંગે સંધિ કરવામાં આવી હતી.

**(૨) ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ અંતર્ગત કેટલાક વ્યક્તિઓ આતંકવાદી જાહેર**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ અંતર્ગત કેટલા વ્યક્તિઓને આતંકવાદી જાહેર કર્યો.
- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ ૧૯૬૭માં સુધારો કરી નવો કાયદો બનાવવામાં આવ્યો હતો.
- આ સુધારા ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) સુધારા અધિનિયમ ૨૦૧૯ માં વ્યક્તિગત રીતે પણ આતંકવાદી જાહેર કરવાની જોગવાઇ કરવામાં આવી અગાઉ ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ અંતર્ગત માત્ર સંગઠન કે વ્યક્તિને આતંકવાદી જાહેર કરી શકાય છે.
- તાજેતરમાં જાહેર કરવામાં આવેલ આતંકવાદી
- મસૂદ હઝર – જૈશ એ મહમ્મદનો વડો
- હાફિસ સઇદ – લશ્કરે તોયબાનો વડો
- ઝકી ઉર રહેમાન લખવી – ૨૬/૧૧ મુંબઇ હુમલાનો આરોપી
- દાઉદ ઇબ્રાહિમ – વર્ષ ૧૯૯૩ના મુંબઇ બ્લાસ્ટનો સૂત્રધાર

**(૩) બ્લેકહૉલની પ્રથમ વખત તસવીર લેનાર વૈજ્ઞાનિકોની ટિમને બ્રેક થ્રૂ પ્રાઇઝ**

- બ્લેકહૉલની માનવ ઇતિહાસમાં પ્રથમ વખત તસવીર લેનાર વૈજ્ઞાનિકોની ટીમને બ્રેકથ્રૂ પ્રાઇઝથી સન્માનીત કરવામાં આવશે.

- આ પુરસ્કારને વિજ્ઞાન ક્ષેત્રે આપતો ઓસ્કાર કહેવામાં આવે છે.
- પુરસ્કાર સાથે વૈજ્ઞાનિકોની ટીમને ૩ મિલિયન ડોલર ઇનામી રાશિ આપવામાં આવશે આ ટીમમાં ૩૪૭ વૈજ્ઞાનિકો સામેલ હતા.
- એપ્રિલ ૨૦૧૯માં માનવ ઇતિહાસમાં પ્રથમ વખત વૈજ્ઞાનિકોને અંતરિક્ષમાં બ્લેકહોલની તસવીર લેવામાં સફળતા મળી.
- પૃથ્વીથી ૫૪ મિલિયન પ્રકાશવર્ષ દૂર આવેલા આ બ્લેક હૉલની તસવીર ક્લિક કરવા વિશ્વમાં આઠ સ્થળે મહાકાય ટેલિસ્કોપ ગોઠવવામાં આવ્યા હતા.
- આ શોધ વર્ષ ૨૦૧૨ થી શરૂ હતી, આ શોધ ઇવેન્ટ હોરઇઝન ટેલિસ્કોપ પ્રોજેક્ટ અંતર્ગત થઇ હતી.
- ૪૦ અબજ કિ.મી.નો વ્યાસ ધરાવતો આ બ્લેકહૉલ પૃથ્વીથી ત્રણ મિલિયન ગણો મોટો છે.
- જેને વિજ્ઞાનીઓએ 'મોન્સ્ટર' નામ આપ્યું છે.
- આ બ્લેકહૉલ M87 આકાશગંગાના કેન્દ્રમાં છે જેને મેસિયર ૮૭ પણ કહેવામાં આવે છે.
- આ બ્લેકહોલ આપણા સમગ્ર સૌરમંડળથી મોટો છે. તેનું વજન સૂર્ય કરતાં ૬.૫ અબજ ગણું વધારે છે.
- બ્લેકહોલ એક ખગોળીય ક્ષેત્ર છે જે ખૂબ જ શક્તિશાળી ગુરૂત્વાકર્ષણ બળ ધરાવે છે.

**ISSF shooting world cup -2019ના ચોથા તબક્કાનું આયોજન**

- તાજેતરમાં બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે ISSF shooting world cup -2019ના ચોથા તબક્કાનું આયોજન થયું હતું.
- જેમાં ભારત ૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સહિત કુલ ૯ મેડલ સાથે પ્રથમ સ્થાને રહ્યું.
- આ વર્લ્ડકપના પ્રથમ તબક્કાનું આયોજન ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારતમાં નવી દિલ્લી ખાતે અને બીજા તબક્કાનું આયોજન એપ્રિલ ૨૦૧૯માં ચીનના બેઇજિંગ ખાતે અને ત્રીજા તબક્કાનું આયોજન મે ૨૦૧૯માં જર્મનીના મ્યુનિચ ખાતે થયું હતું.
- ISSF shooting world cup -2019 ના ત્રીજા તબક્કામાં પણ ભારત પ્રથમ સ્થાને રહ્યું હતું.
- આ વર્લ્ડ કપની ફાઇનલનું આયોજન ૧૭થી ૨૩ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન ચીનના પુટીયાન ખાતે રમશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં રશિયાના પૂર્વ ક્ષેત્રે આવેલ વ્લાદીવોસ્તોક ખાતે યોજયેલ ૫મી ઇસ્ટર્ન ઇકોનોમિક ફોરમમાં ચીફ ગેસ્ટ તરીકે કોણ હાજર રહ્યા હતા ?
- ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી

(૨) રશિયાના પૂર્વ ક્ષેત્રે આવેલ વ્લાદીવોસ્તોકની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી કોણ છે ?
- નરેન્દ્ર મોદી

(૩) રશિયાના વ્લાદીવોસ્તોક ખાતે પોતાનું દૂતાવાસ શરૂ કરનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ?
- ભારત

(૪) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને રશિયા દ્વારા કયાં સન્માનથી સન્માનીત કરવામાં આવશે ?
- રશિયાના સર્વોચ્ચ નાગરિક સનમાન 'ઓર્ડર ઓફ સેન્ટ એનડ્યુ ધ એપોસ્ટલ' થી

(૫) તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કયાં અધિનિયમ અંતર્ગત મસૂદ અઝહર, હાફિસ સઇલ, ઝકી ઉર રહેમાન લખવી. દાઉદ ઈબ્રાહિમને આતંકી જાહેર કરવામાં આવ્યા ?
- ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) સુધારા અધિનિયમ ૨૦૧૯

(૬) બ્લેકહોલની માનવ ઇતિહાસમાં પ્રથમ વખત તસવીર લેનાર વૈજ્ઞાનિકોની ટીમને કયાં સન્માનથી સન્માનીત કરવામાં આવશે ?
- બ્રેકથ્રૂ પ્રાઇઝ

(૭) બ્લેકહૉલ કઈ આકાશગંગાના કેન્દ્રમાં છે ?
- M87 આકાશગંગાના અથવા મેસિયર 87

(૮) ISSF shooting world cup -2019ના ચોથા તબક્કાનું આયોજન ક્યાં થયું હતું ?
- બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે

## 8. Sept. 2019

**(૧) વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે –૮ સપ્ટેમ્બર**
**આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ – ૮ સપ્ટેમ્બર**

**(૨) દર વર્ષે ૮ સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ મનાવવામાં આવે છે.**

- આ દિવસની ઉજવણી લોકોને ભણતર પ્રતિ જાગૃત કરવાની માટે યુનેસ્કો દ્વારા કરવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૧૯૬૭માં કરવામાં આવી હતી.
- ભારતમાં સાક્ષરતાનો દર ૭૪.૪ ટકા છે. (વર્ષ ૨૦૧૧ના આંકડા મુજબ)
- સૌથી વધુ સાક્ષરતા દર – ફિનલેન્ડ (૧૦૦%)
- સૌથી ઓછો દર – નાઇઝર (૨૦%)
- થીમ – સાક્ષરતા અને આંતરભાષીયતા (Literacy and Multilingualism)

**(2) UNESCIO**

- યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન
  (United Nations Educationl, Scientific and Cultural Organization)
- સ્થાપના – ૪ નવેમ્બર ૧૯૪૬
- વડુમથક – પેરિસ, ફ્રાન્સ
- સભ્ય દેશો – ૧૯૩
- યુનેસ્કોનો મુખ્ય હેતુ શિક્ષણ, પ્રકૃતિ, સમાજવિજ્ઞાન, સંસ્કૃતિ તથા સંચારના માધ્યમથી આંતરરાષ્ટ્રીય શાંતિમાં વધારો કરવાનો છે.

**(૩) ચંદ્રયાન–૨**

- ઇસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન–૨ મિશનનું લેન્ડર વિક્રમ– ૭ સપ્ટેમ્બર ૨૦૧૯ની રાત્રે ચંદ્રની ધરતીથી ૨.૧ કિ.મી. દુર હતું. ત્યારે તેની સાથેનો સંપર્ક તૂટી ગયો.
- મિશનમાં ઓર્બિટર, લેન્ડર અને રોવરનો સમાવેશ કરવામાં આવ્યો છે જૈ પૈકી ઓર્બિટરનું વજન ૨૩૭૯ કિલોગ્રામ છે.

Vivekanand Academy Gandhinagar

- આ મિશનમાં ઓર્બિટરને ચંદ્રની સપાટીથી ૧૦૦ કિમી દૂરની કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યું હતું જે સફળતાપૂર્વક કાર્યરત છે.
- ચંદ્રયાન– ૨ મિશનનું ઓર્બિટર ચંદ્રની પ્રદક્ષિણા લગાવી પોતાની માહિતી ઇસરો સુધી ૭ વર્ષ સુધી મોકલતું રહેશે. જે આ મિશનની સફળતામાં ૯૫% હિસ્સો ધરાવે છે.
- ઓર્બિટર પોતાના નામ દ્વારા લેવાયેલ માહિતી કર્ણાટકના બેંગ્લોર ખાતે આવેલ ઇન્ડિયન ડીપ સ્પેસ નેટવર્ક ખાતે પોતાની માહિતી મોકલશે.
- ઓર્બિટરનું મુખ્ય કાર્ય પૃથ્વી અને લેન્ડર વચ્ચે કોમ્યુનિકેશન રાખવાનું છે.
- ઇસરો દ્વારા આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતેથી ચંદ્રયાન – ૨ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ લોન્ચિંગ ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ બપોરે ૨.૪૩ કલાકે સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતે આવેલ બીજા લોન્ચિંગ પેડ પરથી કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન–૨ સંપૂર્ણ રીતે સ્વદેશી છે.
- ચંદ્રયાન–૨ ને GSLV-mk-III ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન–૨નું કુલ વજન ૩૮૫૦ કિલોગ્રામ છે.
- ચંદ્રયાન–૨ માં કુલ ૧૩ પેલોડ છે જે પૈકી ૮ ઓર્બિટરમાં ૩ લેન્ડરમાં અને ૨ રોવરમાં છે.

**GSLV-mk-III ની**

- Geosynchronous Satellite Launch Vehicle Mark III
- ચંદ્રયાન–૨માં ઉપયોગમાં લેવાયલ GSLV-mk-III રોકેટ બાહુબલી તરીકે ઓળખવામાં આવે છે.
- જે ત્રણ તબક્કાવાળું રોકેટ છે. જે ભારતનું સૌથી શક્તિશાળી લોન્ચર છે.
- આ રોકેટની મદદથી ૪ ટન સેટેલાઇટને જીયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બતમાં સ્થાપિત કરી શકાય છે.
- ભારત દ્વારા વર્ષ ૨૦૨૨માં થનાર મિશન ગગનયાનમાં પણ આ રોકેટનો ઉપયોગ કરવામાં આવશે.

**(૪) લેન્ડર અને રોવર :**

- ચંદ્રયાન–૨ માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડરનું નામ વિક્રમ છે.
- લેન્ડર વિક્રમનું વજન ૧૪૭૧ કિલોગ્રામ છે જે ૬૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.
- આ લેન્ડર સંપૂર્ણ રીતે સ્વદેશી બનાવટ છે.
- લેન્ડરનું નામ ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- રોવરનું નામ પ્રજ્ઞાન છે.
- રોવર પ્રજ્ઞાનનું વજન ૨૭ કિલોગ્રામ છે જે ૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.
- પ્રજ્ઞાન સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ બુદ્ધિમત્તા થાય છે.
- ચંદ્રયાન – ૨માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડર અને રોવરનું ઉત્પાદન રશિયા દ્વારા કરવાનું હતું જે બાદમાં ભારત દ્વારા સ્વદેશીરૂપે કરવામાં આવ્યું છે.
- રોવર પ્રજ્ઞાન ૬ પૈડાંવાળું રોબોટ વાહન છે જે ચંદ્ર પર સૌર ઉર્જાની મદદથી ૫૦૦ મીટરની મુસાફરી કરશે.

**ચંદ્રયાન–૧**

- ભારત દ્વારા ચંદ્રયાન–૧ ને ૨૨ ઓક્ટોબર ૨૦૦૮ના રોજ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન–૧ માં ઉપયોગમાં લેવાયેલ ઓર્બિટરમાં ૩ પેલોડ્સ યુરોપના અને ૨ પેરોડ્સ અમેરિકાના હતા.
- ચંદ્રયાન– ૧ ને PSLV Polar Stellite Launch Vehicle દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન–૧ એ ૩૧૨ દિવસ સુધી ચંદ્રની ૩૪૦૦ પરિક્રમા કરી હતી.
- ચંદ્રયાન –૧ સમયે ઇસરોના અધ્યક્ષ જી માધવન નાયર હતા.

**ઇસરો :**

- ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
- સ્થાપના – વર્ષ ૧૯૬૯માં
- સ્થાપક : વિક્રમ સારાભાઇ
- મુખ્યાલય – બેંગ્લોર
- વર્તમાન ચેરમેન – કે.સીવાન

**(૫) 'સિઓલ રક્ષા વાર્તા– ૨૦૧૯'**

- તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દક્ષિણ કોરિયાના 'સિઓલ રક્ષા વાર્તા ૨૦૧૯'માં હાજર રહ્યા હતા.
- 'સિઓલ રક્ષા વાર્તા ૨૦૧૯' માં તેમણે સંબોધન કર્યુ હતું.
- રક્ષા વાર્તા દરમ્યાન પોતાના સંબોધનમાં રક્ષામંત્રીશ્રી એ અલગ અલગ સુરક્ષા પડકારો પર ધ્યાન દોર્યું અને આતંકવાદથી ખતરા વિશે માહિતી આપી હતી.
- આ રક્ષા વાર્તાનું આયોજન 'Building Peace Together : Challenges and Vision' થીમ પર કરવામાં આવ્યું છે.
- આ વાર્તા સંમેલન ૫૦ થી વધુ દેશો અને ૫ આંતરરાષ્ટ્રીય સંગઠનના અધિકારો અને વિશેષજ્ઞો હાજર રહ્યા હતા.
- 'સિઓલ રક્ષા વાર્તા' ની શરૂઆત વર્ષ ૨૦૧૨માં થઇ હતી.
- તે એક ઉપ મંત્રી સ્તરીય બહુપક્ષીય સુરક્ષા વિચાર વિમર્શ વાર્તા સંમેલન છે.

**(૬) 'કારગિલ ટુ કોહિમા' – ગ્લોરી રન'**

- તાજેતરમાં કારગિલ વિજયની ૨૦મી વર્ષગાંઠ નિમિત્તે વાયુસેના દ્વારા કારગિલથી કોહિમા સુધીની ૪૫૦૦ કિલોમીટરની મેરેથોનનું આયોજન કર્યું.
- આ મેરેથોનને 'કારગિલ ટુ કોહિમા – ગ્લોરી રન' નામ આપવામાં આવ્યું છે.
- આ મેરેથોન જમ્મુ કાશ્મીરના દ્રાસમાં આવેલ કારગિલ યુદ્ધ સ્મારકથી શરૂ થઇ નાગાલેન્ડના કોહિમા યુદ્ધ સ્મારક પર પૂરી થશે.
- આ મેરેથોનમાં ૨૫ વાયુ સૈનિકો ભાગ લેશે જે લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, પંજાબ , આસામથી નાગાલેન્ડ જશે.
- દર વર્ષે ૨૬ જુલાઇના રોજ કારગિલ વિજય દિવસ ઉજવવામાં આવે છે.

**પ્રશ્નો :**

Vivekanand Academy Gandhinagar

(૧) વર્લ્ડ ફિઝિયોથેરાપી ડે ક્યારે મનાવવામાં આવે છે ?
– ૮ સપ્ટેમ્બર
૨ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
– ૮ સપ્ટેમ્બર
૩ દર વર્ષે ૮ સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ કઇ સંસ્થા દ્વારા મનાવવામાં આવે છે ?
– યુનેસ્કો
૪ યુનેસ્કોનુ પુરૂનામ જણાવો ?
– યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન (United Nations Educationl, Scientific and Cultural Organization)
૫ ઇસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન – ૨ મિશનનું લેન્ડર ચંદ્રની ધરતીથી કેટલા કિમી દૂર હતું ત્યારે તેની સાથેનો સંપર્ક તૂટી ગયો ?
– ૨.૧ . કિ.મી.
૬ ચંદ્રયાન–૨ માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડરનું નામ જણાવો ?
– વિક્રમ
૭ ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ‘સિઓલ રક્ષા વાર્તા–૨૦૧૯’ માં હાજર રહ્યા હતા તેનું આયોજન ક્યાં થયું હતું ?
– દક્ષિણ કોરિયાની રાજધાની સિઓલ ખાતે

## 9. Sept. 2019

**(૧) જસ્ટિસ વિક્રમ નાથ– ચીફ જસ્ટિસ ગુજરાત હાઇકોર્ટ :**
– તાજેતરમાં જસ્ટિસ વિક્રમ નાથને ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
– તેમની નિમણૂક રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કરવામાં આવી.
– કેન્દ્રીય કાયદા મંત્રાલય દ્વારા નોટિફિકેશન આપી માહિતી જાહેર કરવામાં આવી.
– તેઓ ગુજરાત હાઇકોર્ટના રપમાં ચીફ જસ્ટિસ તરીકે કાર્યભાર સંભાળશે.
– વિક્રમનાથે વર્ષ ૧૯૮૯માં અલ્હાબાદ હાઇકોર્ટમાં વકીલાતની શરૂઆત કરલી હતી.
– વર્ષ ૨૦૧૪ થી જસ્ટિસ વિક્રમ નાથ હાલ અલ્હાબાદ હાઇકોર્ટમાં જસ્ટિસ તરીકે સેવા આપે છે.
– ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડીની નવેમ્બર ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે નિમણૂક થઇ હતી.
– ગુજરાત હાઇકોર્ટમાં નવેમ્બર ૨૦૧૮ થી કાયમી ચીફ જસ્ટિસ નથી.
– હાલ જસ્ટિસ અનંત સુરેન્દ્રરાય દવે નવેમ્બર ૨૦૧૮ના કાર્યવાહક ચીફ જસ્ટિસ તરીકે સેવા આપે છે.
– ગુજરાત હાઇકોર્ટની સ્થાપના વર્ષ ૧૯૬૦માં અમદાવાદ ખાતે થઇ હતી.
– ગુજરાત હાઇકોર્ટના પ્રથમ ચીફ જસ્ટિસ સુંદરલાલ દેસાઇ હતા. તેઓ ૧ મે ૧૯૬૦ થી ૨૫ જાન્યુઆરી સુધી આ પદ પર રહ્યા હતા.

**હાઇકોર્ટ :**
– ભારતના ન્યાયતંત્રમાં સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે.
– બંધારણ અનુચ્છેદ ૨૧૪ મુજબ દેશના પ્રત્યેક રાજ્યમાં એક વડી અદાલત રહેશે.
– પરંતુ અનુચ્છેદ ૨૩૧ મુજબ સંસદ કાયદા દ્વારા બે અથવા તેથી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે એક હાઇકોર્ટની સ્થાપના કરી શકે છે.
– પ્રત્યેક હાઇકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ હોય છે પરંતુ તેઓની મહત્તમ સંખ્યા નિર્ધારીત હોતી નથી.
– હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને જે તે રાજ્યના રાજ્યપાલ સાથે વિચાર વિમર્શ કરીને થાય છે.

**(૨) રામ જેઠમલાણી – નિધન :**
– દેશના જાણીતા વકીલ અને રાજ્યસભાના સાંસદ રામ જેઠમલાણીનું ૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ નિધન થયું.
– તેમનો જન્મ ૧૪ સપ્ટેમ્બર ૧૯૨૩ના રોજ બ્રિટિશ ભારતના શિખરપુર ખાતે થયો હતો (હાલ : પાકિસ્તાન)
– તેઓ વર્ષ ૧૯૭૭ થી ૧૯૮૪ સુધી મુંબઇ નોર્થ વેસ્ટ લોકસભા બેઠકના સભ્ય ચૂંટાઇ આવ્યા હતા.
– મે ૧૯૯૬ થી જૂન ૧૯૯૬ દરમ્યાન તેઓ અટલ બિહારી વાજપેયી સકારમાં કાયદા અને ન્યાયમંત્રી તરીકે રહ્યા હતા.
– માર્ચ ૧૯૯૮ થી જૂન ૧૯૯૯ દરમ્યાન તેઓ દેશના શહેરી વિકાસ મંત્રી રહ્યા હતા.
– જૂન ૧૯૯૯ થી જૂલાઇ ૨૦૦૦ દરમ્યાન તેઓ ફરી કાયદા અને ન્યાયમંત્રી તરીકે રહ્યા હતા.
– તેઓ એપ્રિલ ૧૯૮૮ થી ૮ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી રાજ્યસભાના સાંસદ તરીકે રહ્યા હતા.

(૩) ભારતીય નૌસેના અને શ્રીલંકાની નૌસેના વચ્ચે SLINEX ૨૦૧૯નું આયોજન
– ભારતીય નૌસેના અને શ્રીલંકાની નૌસેના વચ્ચે SLINEX ૨૦૧૯ નું આયોજન ૭ સપ્ટેમ્બર થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યું.
– આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે સમુદ્રી સહયોગમાં વૃદ્ધિ કરવાનો છે.
– અભ્યાસ દરમ્યાન બંને દેશના નૌસેના અધિકારીઓને સંયુક્ત પ્રશિક્ષણ, અનુભવોનું આદાન પ્રદાન, સમુદ્રખોજ અને બચાવકાર્ય વગેરેની તાલીમ આપવામાં આવશે.
– SLINEX(Sri Lanka India Naval Exercise) નું આ સાતમું આયોજન છે.
– તેનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૦૫માં કરવામાં આવ્યું હતું.
– વર્ષ ૨૦૧૭માં આ અભ્યાસનું આયોજન વિશાખાપટ્ટનમ્ ખાતે કરવામાં આવ્યું હતું.

**(૪) રાશીદ ખાન ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં સૌથી યુવા કેપ્ટન :**
– તાજેતરમાં અફઘાનિસ્તાનના સ્પિન બોલર રાશીદ ખાન ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં સૌથી યુવા કેપ્ટન બન્યા.
– તેઓએ ૨૦ વર્ષ ૩૫૦ દિવસની વયે આ સિદ્ધિ હાંસલ કરી.

Vivekanand Academy Gandhinagar

– આ અગાઉ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી યુવા કેપ્ટનનો રેકોર્ડ ઝિમ્બાબ્વેના તાતેન્દા તઇબુના નામે હતો તેઓ વર્ષ ૨૦૦૪માં ૨૦ વર્ષ ૩૫૮ દિવસની વયે કેપ્ટન બન્યા હતા.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કોને ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?
– જસ્ટિસ વિક્રમ નાથને

૨ જસ્ટિસ વિક્રમ નાથને ગુજરાત હાઇકોર્ટના કેટલામાં ચીફ જસ્ટિસ છે ?
– ૨૫માં

૩ ગુજરાત હાઇકોર્ટની સ્થાપના કયાં વર્ષમાં આમદાવાદ ખાતે થઇ હતી ?
– વર્ષ ૧૯૬૦

૪ ભારતીય બંધારણના કયાં અનુચ્છેદ મુજબ દેશના પ્રત્યેક રાજ્યમાં એક વડી અદાલતની જોગવાઇ છે ?
– અનુચ્છેદ ૨૧૪

૫ રામ જેઠમલાણી કઇ સરકારમાં કાયદા અને ન્યાયમંત્રી તરીકે રહ્યાં ?
– અટલ બિહારી વાયપેયી સરકારમાં

૬ તાજેતરમાં કયાં બે દેશે વચ્ચે SLINEX-2019 નામના અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું ?
– ભારત અને શ્રીલંકા

૭ SLINEX(Sri Lanka India Naval Exercise) નું પ્રથમ આયોજન ક્યારે થયું હતું ?
– વર્ષ ૨૦૦૫

૮ તાજેતરમાં કયાં દેશના સ્પિનર ટેસ્ટ ક્રિકેટમાં સૌથી યુવા કેપ્ટન બન્યા ?
– અફઘાનિસ્તાન

## 10. Sept. 2019

**(૧) વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ :**

– વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ
– સમગ્ર વિશ્વમાં ૧૦ સપ્ટેમ્બરના રોજ દર વર્ષે ‘ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ’ મનાવવામાં આવે છે.
– આત્મહત્યાના ગુનાઓ અટકાવવાના હેતુ થી આ દિવસની ઉજવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવે છે.
– વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા જાહેર કરવામાં આવ્લ એક રિપોર્ટ મુજબ દર ૪૦ સેકન્ડમાં એક વ્યક્તિ આત્મહત્યા કરે છે.
– વર્ષ ૨૦૧૯ થીમ – Working Together to Prevent Suicide’

**(૨) દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ– બોર્ડર પેટ્રોલિયમ ટ્રાન્સપોર્ટ પાઇપલાઇનનું ઉદ્દઘાટન :**

– ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને નેપાળના પ્રધાનમંત્રીશ્રી કે.પી. શર્મા ઓલીએ સંયુક્ત રીતે દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ– બોર્ડર પેટ્રોલિયમ ઉત્પાદન ટ્રાન્સપોર્ટ પાઇપલાઇનનું ઉદ્દઘાટન કર્યું.
– પાઇપલાઇનનું ઉદ્દઘાટન વિડીઓ કોન્ફરન્સના માધ્યમથી કરવમાં આવ્યું.
– આ પાઇપલાઇન બિહારના મોતીહારીથી નેપાળના અમલેખરંજ વચ્ચે છે.
– આ પાઇપલાઇન પરિયોજનાનો પ્રથમ પ્રસ્તાવ વર્ષ ૧૯૯૬માં રજૂ કરવામાં આવ્યો હતો.
– આ પરિયોજના અંગે ભારત અને નેપાળ વચ્ચે અપ્રિલ ૨૦૧૫માં હસ્તાંક્ષર કરવામાં આવ્યા હતા.
– આ પાઇપલાઇન નિર્માણમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૩૨૪ કરોડ અને નેપાળ ઓઇલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ૧૨૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.
– ૬૯ કિલોમીટર લાંબી આ પાઇપલાઇનની ક્ષમતા દર વર્ષે ૨ મિલિયન મેટ્રિક ટન ક્રૂડની છે.

**ભારત– નેપાળ સંબંધો**

– વર્ષ ૧૯૫૦માં બંને રાષ્ટ્રો વચ્ચે શાંતિ અને મૈત્રી સમજૂતી કરવામાં આવી હતી.

**(3) યુએસ ઓપન –૨૦૧૯ :**

– સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી રાફેલ નડાલે ૮ સપ્ટેમબર ૨૦૧૯ના રોજ યુએસ ઓપન – ૨૦૧૯ ખિતાબ જીત્યો.
– તેમણે ફાઇનલમાં રશિયાના દાનીલ મેદવેદેવને હરાવી આ ટાઇટલ જિત્યું.
– રાફેલ નડાલે પોતાની કારકિર્દીનો ચોથો યુએસ ઓપન ખિતાબ જિત્યો છે.
– તેનું આ ૧૯મું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ છે.
– સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ રોજર ફેડરર જીત્યા છે તેણે ૨૦ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યા છે.
– યુએસ ઓપન–૨૦૧૯ માં મહિલા સિંગલ્સનો ખિતાબ કેનેડાના ટેનિસ ખેલાડી બિયાંકા એન્ડ્રેસ્કૂએ જીત્યો.
– બિયાંકા એન્ડ્રેસ્કૂએ અમેરિકની સેરેના વિલિયમ્સને હરાવી આ ટાઇટલ જીત્યું છે.
– બિયાંકા એન્ડ્રેસ્કૂ આ જીત સાથે ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીતનાર પ્રથમ કેનેડીયન ખેલાડી છે.

**રાફેલ નડાલે જીતેલ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ :**

– ઓસ્ટ્રેલીયા ઓપન – વર્ષ ૨૦૧૯
– ફ્રેન્ચ ઓપન : વર્ષ ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯

**ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ**

– ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ટેનિસ સૌથી મોટી ચાર ટુર્નામેન્ટનો સમૂહ છે જેમાં ઓસ્ટ્રેલીયા ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન અને યુએસ ઓપન ઓપનનો સમાવેશ થાય છે.
– ઓસ્ટ્રેલિયા ઓપન :
– ઓસ્ટ્રેલીયા ઓપન ઓપનની શરૂઆત વર્ષ ૧૯૦૫માં થઇ હતી.
– તેનું આયોજન જાન્યુઆરી મહિના દરમ્યાન કરવામાં આવે છે.
– મેલબોર્ન ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ હાર્ડકોર્ટમાં રમાય છે.

**ફ્રેન્ચ ઓપન :**

– ફ્રેન્સ ઓપનની શરૂઆત વર્ષ ૧૮૯૧માં થઇ હતી.
– તેનું આયોજન મે અથવા જૂન મહિના દરમ્યાન કરવામાં આવે છે.
– પેરિસ ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ કલે કોર્ટમાં રમાય છે.

**વિમ્બલ્ડન :**
- વિમ્બલ્ડનની શરૂઆત વર્ષ ૧૮૭૭માં થઇ હતી.
- તેનું આયોજન જૂન અથવા જુલાઇ મહિના દરમ્યાન કરવામાં આવે છે.
- લંડન ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટમાં (ઘાસના મેદાનમાં) રમાય છે.

**યુએસ ઓપન –**
- યુએસ ઓપનની શરૂઆત વર્ષ ૧૮૮૧ માં થઇ હતી.
- તેનું આયોજન ઓગસ્ટ અથવા સપ્ટેમ્બર મહિના દરમ્યાન કરવામાં આવે છે.
- ન્યુયોર્ક ખાતે યોજાતી આ ટુર્નામેન્ટ ગ્રાસ કોર્ટમાં (ઘાસના મેદાનમાં) રમાય છે.

**(૪) ગઝલકાર ખલીલ ધનતેજવી – નરસિંહ મહેતા એવોર્ડ – ૨૦૧૯**
- તાજેતરમાં નરસિંહ મહેતા એવોર્ડ ૨૦૧૯ માટે ગુજરાતી ભાષાના જાણીતા ગઝલકાર ધનતેજવીની પસંદગી કરવામાં આવી.
- તેમને આ સન્માન ૧૩ ઓક્ટોબર ૨૦૧૯ શરદપૂર્ણિમાના રોજ શ્રી મોરારી બાપુના હસ્તે જુનાગઢ ખાતે એનાયત થશે.
- ગઝલકાર ખલીલ ધનતેજવીનો જન્મ વડોદરા જિલ્લા ધનતેજ ખાતે થયો છે.
- તેમણે સાદગી, સારાંશ, શાયદ જેવા ગઝલસંગ્રહનું સર્જન કર્યું છે.
- સાદગી તેમનો પ્રથમ ગઝલસંગ્રહ છે.
- તેમણે ગુજરાતી ફિલ્મોમાં કથા, સંવાદ અને દિગ્દર્શન જેવા કાર્યો કર્યા છે.
- આધકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ દ્વારા ગુજરાતીનાં પ્રતિષ્ઠિત કવિઓને નરસિંહ મહેતા એવોર્ડ દર વર્ષે એનાયત કરવામાં આવે છે.
- નરસિંહ મહેતા એવોર્ડ વર્ષ ૧૯૯૯ થી આપવામાં આવે છે. પ્રથમ નરસિંહ મહેતા એવોર્ડ રાજેન્દ્ર શાહને એનાયત થયો હતો.
- વર્ષ ૨૦૧૮નો નરસિંહ મહેતા એવોર્ડ કવિ વિનોદ જોષીને એનાયત થયો હતો.
- નરસિંહ મહેતા સાહિત્યનિધી દ્વારા આપવામાં આવતો આ ૨૬ મો નરસિંહ મહેતા એવોર્ડ છે.

ઝૈરનો તો પ્રશ્ન ક્યાં છે, ઝેરતો હું પી ગયો.
આ બધાને એ જ વાંધો છે કે હું જીવી ગયો.
હું કોઇનું દિલ નથી, દર્પણ નથી, શમણું નથી,
તો પછી સમજાવ હે હું શી રીતે તૂટી ગયો.

– ખલીલ ધનતેવી

પ્રશ્નો :

૧ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ ક્યારે મનાવાય છે ?
– દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરના રોજ

૨ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ–૨૦૧૯ ની થીમ જણાવો.
– Working Together to Prevent Suicide'

૩ તાજેતરમાં દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પાઇપલાઇનનું ઉદ્‌ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું ?
– ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર્ય મોદી અને નેપાળના પ્રધાનમંત્રીશ્રી કે.પી. શર્મા ઓલીએ

૪ ભારત અને નેપાળ વચ્ચેની પેટ્રોલિયમ પાઇપલાઇન ક્યાં સ્થળ વચ્ચે છે ?
– બિહારના મોતીહારીથી નેપાળના અમલેખરંજ વચ્ચે

૫ તાજેતરમાં યુએસ ઓપન (મેન્સ) ૨૦૧૯નો ખિતાબ કોણે જીત્યો ?
– સ્પેનના સ્ટાર ટેનિસ ખેલાડી રાફેલ નડાલે

૬ યુએસ ઓપન–૨૦૧૯ માં મહિલા સિંગલ્સનો ખિતાબ કોણે જીત્યો ?
– કેનેડાના ટેનિસ ખેલાડી બિયાંકા એન્ડ્રેસ્કૂએ

૭ ફ્રેન્સ ઓપનની શરૂઆતની શરૂઆત ક્યાં વર્ષમાં થઇ હતી ?
– ૧૮૯૧માં

૮ યુએસ ઓપના ટુર્નામેન્ટનું આયોજન ક્યારે અને ક્યાં કરવામાં આવે છે ?
– ન્યુયોર્ક ખાતે, ઓગસ્ટ અથવા સપ્ટેમ્બર મહિના દરમ્યાન

૯ નરસિંહ મહેતા એવોર્ડ ૨૦૧૯ માટે કોની પસંદગી કરવામાં આવી ?
– ગુજરાતી ભાષાના જાણીતા ગઝલકાર ખલીલ ધનતેજવીની

૧૦ ગઝલકાર ખલીલ ધનતેજવીનો જન્મ ક્યાં થયો છે ?
– વડોદરા જિલ્લાના ધનતેજ ખાતે

૧૧ પ્રથમ નરસિંહ મહેતા એવોર્ડ કોણે એનાયત થયો હતો ?
– રાજેન્દ્ર શાહને

## 11. Sept. 2019

**(૧) પ્રમોદકુમાર મિશ્રા – પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ**
- તાજેતરમાં પ્રમોદ કુમાર મિશ્રાએ પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો.
- તેમણે મુખ્ય સચિવ તરીકે નૃપેન્દ્ર મિશ્રાનું સ્થાન લીધું.
- પ્રમોદ કુમાર મિશ્રાનો જન્મ ઓડિશાના સંબલપુર ખાતે થયો છે.
- તેઓ વર્ષ ૧૯૭૨ બેચના ગુજરાત કેડરના આઇએએસ અધિકારી છે.
- વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૮ દરમ્યાન તેઓ ભારત સરકારના કૃષિ સચિવ તરીકે રહ્યાં હતા.
- વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૩ દરમ્યાન તેઓ ગુજરાત વીજળી નિયમન આયોગના અધ્યક્ષ રહી ચૂક્યા હતા.
- મે ૨૦૧૯માં તેમને આપદા નિવારણ ક્ષેત્રે યોગદાન બદલ સાસાકાવા એવોર્ડ ૨૦૧૯થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ એવોર્ડ સંયુક્ત રાષ્ટ્ર આપદા નિવારણ કાર્યાલય અને નિપોન ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે આપવામાં આવે છે.

**(૨) ચંદ્રયાન–૨ ના લેન્ડર વિક્રમનું લોકેશન પ્રાપ્ત કરવામાં ઇસરોને સફળતા**
- તાજેતરમાં ઇસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન–૨ના લેન્ડર વિક્રમનું લોકેશન પ્રાપ્ત કરાવમાં ઇસરોને સફળતા મળી છે.
- ચંદ્રની સપાટીથી ૧૦૦ કિમી દૂરની કક્ષામાં સ્થાપિત ઓર્બિટરે દ્વારા લેન્ડર વિક્રમનું ચિત્ર ઇસરોને મોકલવામાં આવ્યું છે.
- ઉલ્લેખનીય છે કે ઇસરોને હજુ સુધી લેન્ડર વિક્રમ સાથે સંપર્ક કરવામાં સફળતા મળી નથી.
- લેન્ડર વિક્રમનું વજન ૧૪૭૧ કિલોગ્રામ છે જે ૬૫૦ વોટ વીજળી ઉત્પન્ન કરી શકે છે.

Vivekanand Academy Gandhinagar

- આ લેન્ડર સંપર્ણ રીતે સ્વદેશી બનાવટ છે.
- લેન્ડરનું નામ ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- ઇસરો અનુસાર વિક્રમ લેન્ડર સુરક્ષિત છે તેના કોઇપણ ભાગમાં નુકશાન થયું નથી.

**(૩) Savarkar : Echoes from a frogotten past, 1883-1924**

- તાજેતરમાં "Savarkar : Echoes from a forgotten past, 1883-1924" નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તક ઇતિહાસકાર વિક્રમ સંપત દ્વારા લખવામાં આવ્યું છે.
- આ પુસ્તક સ્વતંત્રતા સેનાની વીર સાવરકરના જીવન પર આધારિત છે
- સ્વતંત્રતા સેનાની વીર સાવરકરનો જન્મ ૨૮ મે ૧૮૮૩ ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં થયો હતો.
- તેઓ જાણીતા કવિ અને નાટ્યકાર પણ હતા.
- તેમણે વર્ષ ૧૯૦૦માં 'મિત્રમેલા' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. જે વર્ષ ૧૯૦૪ થી 'અભિનવ ભારત' તરીકે જાણીતી થઇ હતી.
- કર્નલ વાઇલીની હત્યાના કેસમાં મદનલાલ ઢીંગરાની મદદ કરવામાં માટે લંડન ખાતે વર્ષ ૧૯૧૦માં તેમને ધડપકડ કરવામાં આવી હતી.
- ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ના રોજ તેમનું નિધન થયું હતું.
- ભારત સરકાર દ્વારા તેમના સનમનમા અંદમાન નિકોબારના પોર્ટ બ્લેયર એરપોર્ટનું નામ વીર સાવરકર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કરવામાં આવ્યું છે.

**(૪) જમ્મુ કાશ્મીરની પરિસંપતિ અને દેવાઓના વિતરણ સમિતિનું ગઠન :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરની પરિસંપતિ અને દેવાઓના વિતરણ માટે ત્રણ સદસ્યની સમિતિનું ગઠન કર્યું.
- આ સંપતિ અને દેવાઓનું વિતરણ જમ્મુ કશ્મીર અને લદ્દાખ વચ્ચે કરાવમાં આવશે.
- આ સમિતિમાં સંજય મિત્રા, અરૂણ, ગોયલ અને ગિરિરાજ પ્રસાદ ગુપ્તાનો સમાવેશ થાય છે.
- આ સમિતિના અધ્યક્ષ સંજય મિત્રા છે.
- જમ્મુ કાશ્મીર પુનગર્ઠન વિધેયક ૨૦૧૯ના સેક્શન ૮૪ અનુસાર જમ્મુ કાશ્મીરની પરિસંપતિ અને દેવાઓનું વિતરણ જમ્મુ કાશ્મીર અને લદ્દાખ વચ્ચે કરવામાં આવશે.

**(૫) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સના પ્રધાનમંત્રી વચ્ચે મુલાકાત**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સના પ્રધાનમંત્રી આર.ઇ. ગોંસાલ્વેસે નવી દિલ્હી ખાતે મુલાકાત કરી.
- પ્રધાનમંત્રી આર.ઇ ગોંસાલ્વેસ ભારત યાત્રા પર આવનાર વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સના પ્રથમ પ્રધાનમંત્રી છે.
- સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ એક દ્વીપ દેશ છે જે પૂર્વી કેરેબિયન સાગરમાં સ્થિત છે.
- તેની રાજધાની કિંગ્સટાઉન છે.
- સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ વર્ષ ૧૯૭૯માં યુનાઇટેડ કિંગડમથી સ્વતંત્ર થયેલ દેશ છે.

**પ્રશ્નો :**

૧ તાજેતરમાં કોણે પ્રધાનમંત્રીના મુખ્યસચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો.
- પ્રમોદકુમાર મિશ્રા

૨ પ્રમોદકુમાર મિશ્રાાને આપદા નિવારણ ક્ષેત્રે યોગદાન બદલ કયાં એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા ?
- સાસાકાવા એવોર્ડ ૨૦૧૯ થી

૩ ઇસરો દ્વારા લોન્ચ કરવામા આવેલ ચંદ્રયાન – ૨ ના લેન્ડર વિક્રમનું લોકેશન પ્રાપ્ત કરવામાં ઇસરોને કોની મદદથી સફળતા મળી છે ?
- ઓર્બિટર

૪ તાજેરતમાં "Savarkar : Echoes from a forgotten past, 1883-1924" નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું તે કોના દ્વારા લખવામાં આવ્યું છે ?
- ઇતિહાસકાર વિક્રમ સંપત દ્વારા

૫ સ્વતંત્રતા સેનાની વીર સાવરકરનો જન્મ કયાં થયો હતો ?
- મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં

૬ કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરની પરિસંપતિ અને દેવાઓના વિતરણ માટે ત્રણ સદસ્યની સમિતિનું ગઠન કર્યું તેના અધ્યક્ષ કોણ છે ?
- સંજય મિત્રા

૭ સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સના પ્રધાનમંત્રીના પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
- આર.ઇ. ગોંસાલ્વેસ

## 12. Sept. 2019

**(૧) ભારતીય પેરાઓલમ્પિક સમિતિની માન્યતા રદ :**

- તાજેતરમાં કેન્દ્રીય રમત અને યુવા બાબતોના મંત્રાલયએ ભારતીય પેરાઓલમ્પિક સમિતિની માન્યતા રદ કરી.
- આ માન્યતા ભારતીય રાષ્ટ્રીય ખેલ વિકાસ કોડ ૨૦૧૧ના ઉલ્લંઘન બદલ રદ કરવામાં આવી.
- ભારતીય પેરાઓલમ્પિક સમિતિની સ્થાપના વર્ષ ૧૯૯૨માં કરવામાં આવી હતી.
- આ સમિતિ પરાઓલમ્પિક ખેલોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં ખેલાડીઓની પસંદગી કરે છે.

**(૨) મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઇડેડ મિસાઇલનું સફળ પરીક્ષણ :**

- તાજેતરમાં રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ સ્વદેશી નિર્મિત મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઇડેડ મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.
- આ પરીક્ષણ આંધ્રપ્રદેશના કુરનુલ ખાતે કરવાં આવ્યું.
- આ મિસાઇલને સેના કોઇપણ લોન્ચર વ્હીકલની મદદ વિના ઓપરેટ કરી શકાશે.
- આ મિસાઇલ ઇસરો દ્વારા તૈયાર કરવામાં વિકસાવવામાં આવેલમાનવ એન્ટિ– ટેન્ક મિસાઇલની ત્રીજી પેઢી છે.
- આ મિસાઇલનનો ઉપયોગ દિવસ અને રાત્રી દરમ્યાન પહાડો અને દુર્ગમ સ્થળ પર આશાનીથી પોતાના નિશાનને નષ્ટ કરવા સક્ષમ છે.

Vivekanand Academy Gandhinagar

- આ મિસાઇલ ડીઆડીઓ દ્વારા ભારત ડાયનામિક્સ લીમિટેડ સાથે મળી સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
- લોન્ચર સાથે મિસાઇલનું કુલ વજન ૧૪.૨૫ કિ.ગ્રા છે.

**ભારતીય સેનાની મુખ્ય એન્ટિ ટેન્ક મિસાઇલ**

- ડીઆરડીઓ એન્ટિ ટેન્ક મિસાઇલ
- અમોઘ મિસાઇલ
- નાગ મિસાઇલ
- મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગઇડેડ મિસાઇલ

**DRDO**

- DRDO- The Defence Research and Development Organisation
- DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઇ હતી.
- મુખ્યાલય ડીઆરડીઓ ભવન, નવી દિલ્હી
- ચેરમેન – જી. સતિશ રેડ્ડી
- આદર્શ વાક્ય બલસ્ય મૂલં વિજ્ઞાનમ્

**(૩) રાષ્ટ્રીય જીનોમ ગ્રીડ (કેન્સર)**

- રાજ્ય સ્વાસ્થ્ય પરિવાર કલ્યાણ મંત્રી અશ્વિન કુમાર ચૌબે દ્વારા રાષ્ટ્રીય જીનોમ ગ્રીડ (કેન્સર) ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી.
- તેનો ઉદ્દેશ્ય કેન્સર અનુસંધાનને પ્રોત્સાહન આપવાનો છે.
- રાષ્ટ્રીય જીનોમ ગ્રીડ (કેન્સર) દેશભરના કેન્સર રોગીઓના જીનોમ ડેટાનું અધ્યયન કરશે.

**(૪) પ્રધાનમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે પી.કે. સિંહાની નિમણૂક**

- કેબિનેટ નિયુક્તિ સમિતિએ પ્રધાનમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે પિ.કે. સિંહાની નિમણૂક કરવામાં આવી.
- તેઓ અગાઉ પ્રધાનમંત્રી કાર્યાલયમાં ઓફિસ્સ ઓન સ્પે. ડ્યૂટી તરીકે કાર્યરત હતા.
- પિ.કે. સિંહા ૧૯૭૭ બેચના ઉત્તરપ્રદેશ કેડરના આઇએએસ અધિકારી છે.
- તેઓ જૂન ૨૦૧૫ થી ઓગસ્ટ ૨૦૧૯ સુધી કેબિનેટ સચિવ તરીકે કાર્યરત હતા.

પ્રશ્નો :

૧ તાજેતરમાં કોના દ્વારા ભારતીય પેરાઓલમ્પીક સમિતિની માન્યતા રદ કરવામાં આવી ?
- કેન્દ્રીય રમત અનેયુવા બાબતોના મંત્રાલયએ

૨ ભારતીય પરાઓલમ્પિક સમિતિની સ્થાપના કયા વર્ષમાં કરવામાં આવી હતી ?
- વર્ષ ૧૯૯૨માં

૩ તાજેતરમાં રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ સ્વદેશી નિર્મિત મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગઇડેડ મિસાઇલનું સફળ પરીક્ષણ ક્યાં કરવામાં આવ્યું ?
- આંધ્રપ્રદેશના કુરનુલ ખાતે

૪ મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગઇડેડ મિસાઇલ કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
- ડીઆરડીઓ અને ભારત ડાયનામિક્સ લિમિટેડ

૫ ડીઆરડીઓના વર્તમાન ચેરમેન કોણ છે ?
- જી. સતિશ રેડ્ડી

૬ કેબિનેટ નિયુક્તિ સમિતિએ પ્રધાનમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે ઓની નિમણૂક કરવામાં આવી ?
- પિ.કે. સિંહાની

## 13. Sept. 2019

**(૧) ખેલ મહાકુંભ – ૨૦૧૯**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના અમદાવાદના સંસ્કારધામ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયાઇ રૂપાણી અને કેન્દ્રીય રમતગમત મંત્રીશ્રી કિરણ રિજ્જુએ ખેલ મહાકુંભની શરૂઆત કરાવી.
- ખેલ મહાકુંભ ૨૦૧૯ માટે ૪૬ લાખ ૮૯ હજાર રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે
- રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ વિજેતા ખેલાડીઓને ૪૦ કરોડના ઇનામો આપવાની જાહેરાત કરવામાં આવી.
- ખેલ મહાકૂંભ ૨૦૧૯માં કુલ ૩૬ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ખેલ મહાકુંભનું આયોજન દર વર્ષે ગુજરાત રમત ગમત યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવે છે.
- રાજ્યમાં પ્રથમ ખેલ મહાકુંભનું આયોજન વર્ષ ૨૦૧૦માં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.
- ખેલ મહાકુંભ ૨૦૧૯ ખેલ મહાકુંભ ૧૦ નું આયોજન છે.
- રમશે ગુજરાત જીતશે ગુજરાત સ્લોગન પર આયોજિત થતા આ ખેલ મહાકુંભ મા રાજ્યના રમતવીરોને પ્રોત્સાહન આપવામાં આવે છે.
- ખેલ મહાકુંભના ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમ્યાન રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી કિરણ રિજુજીએ અમદાવાદના બોપલ ખાતે સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડેમીનું ઉદ્‌ઘાટન કર્યું.
- ખેલાડીઓને શ્રેષ્ઠ તાલીમ મળી રહે તે માટઠે સંસ્કારધામ એકેડેમી એ ભારતના પ્રસિદ્ધા ખેલાડીઓ સાથે કરાર કર્યા છે.

**(૨) સ્વચ્છતા હી સેવા ૨૦૧૯ – નરેન્દ્ર મોદી**

- તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છતા હી સેવા ૨૦૧૯નો પ્રારંભ કરાવ્યો.
- ઉત્તર પ્રદેશમાં મથુરા ખાતેથી સ્વચ્છતા અંગે દેશના નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે અભિયાન અંતર્ગત નાગરિકોને પ્લાસ્ટિક કચરા અંગે જાગૃત કરવામાં આવશે અને તેના વેસ્ટ મેનેજમેન્ટ પર કાર્યો કરવામાં આવશે.
- આ અભિયાન મહાત્મા ગાંધીની જન્મજયંતિ સુધી એટલે કે ૨ ઓક્ટોબર ૨૦૧૯ સુધી ચાલશે
- ભારત સરકાર દ્વારા ૨ ઓક્ટોબર ૨૦૧૯ ગાંધીજીની જન્મ જયંતીથી Single use Plastic પર પ્રતિબંધ પર પ્રતિબંધ મૂકવામાં આવશે.
- આ અભિયાન અંતર્ગત ભારતીય રેલવે દ્વારા ૧૧ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

**(૩) ભારત સુવર્ણ ભંડાર બાબતમાં ૧૦ માં ક્રમે :**

- તાજેતરમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરાવમાં આવેલ રિપોર્ટ મુજબ ભારત સુવર્ણ ભંડાર બાબતમાં ૧૦ માં ક્રમે રહ્યો.

- આ રીપોર્ટ મુજબ અમેરિકા પ્રથમ સ્થાને છે.
- રિપોર્ટ મુજબ જર્મની અને આંતરરાષ્ટ્રીય સંસ્થા (IMF) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- ભારત ૬૧૮.૨ ટન સોના સાથે આ યાદીમાં ૧૦ માં ક્રમે છે.
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનું મુખ્યાલય લંડન ખાતે આવેલ છે.

**ભારત સુવર્ણ ભંડાર બાબતમાં ૧૦ માં ક્રમે**

- અબુધાબી ખાતે ૯ સપ્ટેમ્બર થી ૧૨ સપ્ટેમ્બર દરમ્યાન ૨૪માં વિશ્વ ઉર્જા સંમેલન (કોંગ્રેસ) નું આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનનું આયોજન 'સમૃદ્ધિ માટે ઉર્જા' થીમ પર શેખ ખલીફા જાયેદા અને નાહ્યાન દ્વારા કરવામાં આવ્યું હતું.
- ચાર દિવસીય આ સંમેલનનો ઉદ્દેશ્ય ઉર્જા ક્ષેત્રે જોડાયેલ વિશ્વના લોકોને એક મંચ પર એકત્રિત કરવાનો છે
- વર્ષ ૧૯૨૪ થી દર ત્રણ વર્ષે વિશ્વ ઉર્જા સંમેલન (કોંગ્રેસ) નું આયોજન કરવામાં આવે છે.
- જેમાં ૧૫૦ થી વધુ દેશના પ્રતિનિધિઓ હાજર રહે છે.

**પ્રશ્નો :**

૧. તાજેતરમાં કોના દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૯નો પ્રારંભ કરવામાં આવ્યો ?
- રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને કેન્દ્રીય રમતગમત મંત્રીશ્રી કિરણ રિજુજી

૨ ખેલમહાકુંભનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ?
- સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા

૩ ખેલ મહાકુંભનજું આયોજન કયાં સ્લોગન પર કરવામાં આવે છે ?
- રમશે ગુજરાત જીતશે ગુજરાત

૪ તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ક્યાંથી દેશવ્યાપી સ્વચ્છતા હી સેવા ૨૦૧૯નો પ્રારંભ કરાવ્યો ?
- ઉત્તર પ્રદેશમાં મથુરા ખાતેથી

૫ ભારતીય રેલવે દ્વારા ૧૧ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન કયાં પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે ?
- સ્વચ્છતા હી સેવા પખવાડિયા

૬ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલ રીપોર્ટ મુજબ ભારત સુવર્ણ ભંડાર બાબતમાં કેટલામાં ક્રમે રહ્યો ?
- ૧૦માં

૭ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલ રીપોર્ટ મુજબ ભારત સુવર્ણ ભંડાર બાબતમાં કેટલામાં ક્રમે રહ્યો ?
- ૧૦માં

૮ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવેલ રીપોર્ટ મુજબ ભારત સુવર્ણ ભંડાર બાબતમાં કેટલામાં ક્રમે રહ્યો ?
- ૧૦ માં

૯ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાંઆવેલ રીપોર્ટ મુજબ ભારત સુવર્ણ ભંડાર બાબતમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
- અમેરિકા

**14. Sept. 2019**

**(૧) રાષ્ટ્રીય હિન્દી દિવસ**

- દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસ ઉજવાય છે.
- બંધારણસભા દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ હિન્દી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કર્યો હોવાથી આ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ હિન્દી ભાષા પ્રસાર પ્રચાર માટે મનાવવામાં આવે છે.
- પ્રથમ રાષ્ટ્રીય હિન્દી દિવસની ઉજવણી વર્ષ ૧૯૫૩માં કરવામાં આવી હતી.

**(૨) અરૂણ જેટલી સ્ટેડિયમ :**

- તાજેતરમાં દિલ્લીના ફિરોઝશાહ કોટલા સ્ટેડિયમનું નામ બદલીને અરૂણ જેટલી સ્ટેડિયમનું નામ બદલીને અરૂણ જેટલી સ્ટેડિયમનું નામ રાખવામાં આવ્યું.
- આ નિર્ણય દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે.

**અરૂણ જેટલી સ્ટેડિયમ :**

- તાજેતરમાં દિલ્લીના ફિરોજશાહ કોટલા સ્ટેડિયમનું નામ બદલીને અરૂણ જેટલી સ્ટેડિયમ રાખવામાં આવ્યું.
- આ નિર્ણય દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે.
- આ નિર્ણય મુજબ સ્ટેડિયમનું નામ ૧૨ સપ્ટેમ્બરના રોજ એક કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવ્યું હતું.
- આ સાથે સ્ટેડિયમના એક સ્ટેન્ડનું નામ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીના નામ પર રાખવામાં આવ્યું.
- અરૂણ જેટલી વર્ષ ૧૯૯૯ થી વર્ષ ૨૦૧૩ સુધી દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ રહ્યા હતા.
- તેઓ ભારતીય ક્રિકેટ બોર્ડના ઉપાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.
- દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના વર્તમાન અધ્યક્ષ રજત શર્મા છે.
- અરૂણ જેટલીનું ૨૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું છે.

**(૩) નારાયણ સરોવર ડેમનું લોકાર્પણ – વિજયાઇ રૂપાણી**

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા અમરેલી જિલ્લાના લાઠી તાલુકા ખાતે આવેલ દુધાળા ગામે નારાયણ સરોવર ડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- આ સરોવર ડેમનું નિર્માણ સુજલામ સુફલામ યોજના અંતર્ગત કરવામાં આવ્યું છે.
- આ સાથે મુખ્યમંત્રીશ્રીએ બીજા નાના– મોટા ૧૯ ચેકડેમોનું પણ લોકાર્પણ કર્યું.
- નારાયણ સરોવરના લોકાર્પણ મુખ્યમંત્રીશ્રીએ સરોવરમાં મોટર બાઇકની સવારી કરી મોટરનો આરંભ કરાવ્યો હતો.

**(૪) રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત :**

- તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉત્તરપ્રદેશ મથુરા ખાતેથી રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

Vivekanand Academy Gandhinagar

- ભારતના પશુઓમાં જોવા મળતા Foot and Mouth disease and Brucellosisના નિયંત્રણ અને ઉન્મુલન માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- બંને બિમારીઓમાં ઘટાડો કરવા માટે દેશભરના ૬૦ કરોડથી વધુ પશુઓને રસી આપવામાં આવી છે.
- આ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૨૬૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રીય કુત્રીમ ગાર્ભાધાન કાર્યક્રમનો પણ શુભારંભ કરાવ્યો હતો.

**(૫) મુંબઇ ખાતે ભારતીય કૌશલ્ય સંસ્થાનનો શિલાન્યાસ :**

- તાજેતરમાં કેન્દ્રીય રાજ્ય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિક મંત્રી મહેન્દ્રનાથ પાંડેએ મુંબઇ ખાતે ભારતીય કૌશલ્ય સંસ્થાનનો શિલાન્યાસ કરવામાં આવ્યો.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનની પરિકલ્પના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તૈયાર કરવામાં આવી છે
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાના સિંગાપુર પ્રવાસ દરમ્યાન સિંગાપુરના વ્યાવસાયિક શિક્ષા અને પ્રશિક્ષણ કેન્દ્ર મુલાકાત લીધી હતી. તેનાથી પ્રભાવિત થઇ ભારતીય કૌશલ્ય સંસ્થાનની સ્થાપના અંગેની પરિકલ્પાના કરી હતી.
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશના મુંબઇ અમદાવાદ અને કાનપુર ખાતે કૌશલ્ય સંસ્થાનની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી છે.
- જેનું નિર્માણ અને સંચાલન પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ મૉડેલ અંતર્ગત કરવામાં આવશે.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનનો ઉદ્દેશ્ય ધોરણ ૧૦ અને ૧૨ બાદ વિદ્યાર્થીઓને ટેકનિકલ શિક્ષણ પ્રદાન કરવાનો છે.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનનું લક્ષ્યાંક દર વર્ષે ૭૦% પ્લેસમેંટ સાથે ૫૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.
- મુંબઇ ખાતેની ભારતીય કૌશલ્ય સંસ્થાનની સ્થાપના ટાટ એજ્યુકેશનલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સાથે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ મૉડેલ અંતર્ગત કરવામા આવશે.

પ્રશ્નો :

૧ દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરના રોજ કયો રાષ્ટ્રીય દિવસ ઉજવવામા આવે છે ?
- રાષ્ટ્રીય હિન્દી દિવસ

૨ બંધારણ સભા દ્વારા ક્યારે હિન્દી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કર્યો ?
- ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ

૩ દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના વર્તમાન અધ્યક્ષ જણાવો ?
- રજત શર્મા

૪ અમરેલી જિલ્લાના લાઠી તાલુકા ખાતે આવેલ દુધાળા ગામે નારાયણ સરોવર ડેમનું નિર્માણ કઇ યોજના અંતર્ગત કરવામાં આવ્યું છે ?
- સુજલામ્ સુફલામ યોજના અંતર્ગત

૫ તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ક્યાથી રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ?
- ઉત્તરપ્રદેશ મથુરા ખાતેથી

૬ હાલમાં ભારતના કેન્દ્રીય રાજ્ય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિક મંત્રી ?
- મહેન્દ્રનાથ પાંડે

૭ કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશના કયાં શહેરોમાં કૌશલ્ય સંસ્થાનની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી છે ?
- મુંબઇ અમદાવાદ અને કાનપુર

## 15. Sept. 2019

**(૧) પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજના**

- તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઝારખંડના રાંચિ ખાતેથી પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ યોજના દેશના ખેડૂતો માટેની પેન્સન યોજના છે
- ખેડૂતોને વૃદ્ધા અવસ્થામાં સામાજિક સુરક્ષા પ્રદાન કરવાના હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દેશના ૫ કરોડ નાના અને સીમાંત ખેડૂતોને પેન્સન સુવિધા પ્રદાન કરશે.
- આ યોજનાનો લાભ ૧૮થી ૪૦ વર્ષની ઉંમરના ખેડૂતો લઈ શકશે. જેના માટે ખેડૂતોએ પોતાના પેન્સન બેન્ક ખાતામાં સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ રકમ જમા કરવાની રહેશે.
- આ યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતોને ૬૦ વર્ષની ઉંમરથી દર મહિને ૩૦૦૦ રૂપિયા પેન્સન પેટે આપવામાં આવશે.
- આ યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા ફંડ મેનેજર તરીકે એલઆઇસી ઓફ ઈન્ડિયાની નિમણૂક કરવામાં આવી છે.

**(૨) ભાદરવી પુનમ નિમિત્તે મેળાનું આયોજન – અંબાજી**

- ગુજરાતનાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પુનમ નિમિત્તે મેળાનું આયોજન કરવામાં આવે છે.
- આ મેળાનું ઉદ્ઘાટન રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યુ હતું.
- દર વર્ષે આ મેળાનું આયોજન સાત દિવસ માટે કરવામાં આવે છે.આ વર્ષે મેળાનું આયોજન પ્લાસ્ટિક ફ્રી કરવામાં આવ્યું હતું.
- અંબાજી મંદિર ગુજરાતનાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આરાસુર ખાતે આવેલ છે.
- અંબાજી એક પ્રાચીન શક્તિપીઠ છે જે ૫૧ શક્તિપીઠો પૈકીની એક છે.
- અંબાજી ૩૫૮ સુવર્ણ કળશ ધરાવતી એક માત્ર શક્તિપીઠ છે.
- આ મંદિરે માતાજીની મુર્તિના સ્થાને વિશોયંત્ર(વિસાયંત્ર)ની પુજા કરવામાં આવે છે.
- અંબાજી મંદિરનું સંચાલન શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

**(3) ઝારખંડ વિધાનસભાના નવા બિલ્ડીંગનું ઉદ્દ્ઘાટન – નરેન્દ્ર મોદી**

- તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઝારખંડના રાંચિ ખાતે ઝારખંડ વિધાનસભાના નવા બિલ્ડીંગનું ઉદ્ઘાટન કર્યું.
- રાંચિના કુટેગ્રામ ખાતે આવેલ આ બિલ્ડીંગનું નિર્માણ ૪૬૫ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે.
- જેનો શિલાન્યાસ વર્ષ ૨૦૧૫માં રાજ્યના મુખ્યમંત્રીશ્રી રઘુવર દાસ દ્વારા કરવામાં આવ્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- ઝારખંડ વિધાનસભાના આ બિલ્ડિંગને દેશનું પ્રથમ પેપરલેસ વિધાનસભા ભવન કહેવામા આવે છે.
- ઝારખંડ વિધાનસભામાં કુલ ૮૨ બેઠકો છે જેમાં ૮૧ સભ્યોને ચૂંટણી દ્વારા ચૂંટવામાં આવે છે અને ૧ સભ્યની નિમણૂક કરવામાં આવે છે.
- આ સાથે પ્રધાનમંત્રીશ્રીએ રાંચિ ખાતે કુલ એકલવ્ય આવાસીય વિદ્યાલયનો શિલાન્યાસ કર્યો.
- પ્રધાનમંત્રીશ્રીએ ઝારખંડમાં સાહિબગંજ મલ્ટી મોડલ ટર્મિનલનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.
- આ ટર્મિનલનું નિર્માણ ઇનલેન્ડ વોટર વે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સાહિબગંજ ખાતે ગંગા નદી પર કરવામાં આવ્યું છે.
- જે દેશનું બીજું ઇનલેન્ડ વોટર વે પરનું મલ્ટી મોડલ ટર્મિનલ છે દેશનું પ્રથમ ઇનલેન્ડ વોટર વે પરનું મલ્ટી મોડલ ટર્મિનલ વારાણસી ખાતે આવેલ છે.
- **ઝારખંડ –**
  - રાજ્યપાલ –દ્રૌપદી મુર્મૂ
  - મુખ્યમંત્રી – રઘુવર દાસ
  - રાજધાની – રાંચિ
  - વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧૪
  - વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૧૫

## 16. Sept. 2019

**આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ**

- દર વર્ષે ૧૬ સપ્ટેમ્બર ના રોજ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાએ ૧૯ ડિસેમ્બર ૧૯૯૪ના રોજ એક વિશેષ ઠરાવ પસાર કરીને દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસ ઉજવવાનું નક્કી કર્યું.
- પ્રથમ આંતરરાષ્ટ્રીય ઓઝોન દિવસની ઉજવણી વર્ષ ૧૯૯૫માં કરવામાં આવી હતી.
- પૃથ્વીના કુદરતી સુરક્ષા કવચરૂપ ઓઝોનની સુરક્ષા માટે વિશ્વના રાષ્ટ્રોએ ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ મોન્ટીયલ કરાર પર સહી કરી હતી.
- તેથી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯થીમ –'32 years and Healing'

- **લેફ્ટિનેંટ જનરલ અભિજિત ગુહાને યમન ખાતે યુએન મિશનના પ્રમુખ**
- તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ ઍંટોનિયો ગુતેરસ દ્વારા ભારતીય સેનાના સેવાનિવૃત લેફ્ટિનેંટ જનરલ અભિજિત ગુહાને યમન ખાતે યુએન મિશનના પ્રમુખ નિયુક્ત કરવામાં આવ્યા.
- યમન ખાતે ગયા વર્ષે ગૃહ યુદ્ધની સ્થિતિ હતી જેના કારણે હજારો લોકોની જાનહાનિ થઈ હતી.
- યમન ખાતે યુએન મિશનના પ્રમુખની જવાબદારી અગાઉ લેફ્ટિનેંટ જનરલ માઈકલ લલેસગાર્ડ સાંભળતા હતા.
- લેફ્ટિનેંટ જનરલ અભિજિત ગુહા વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ સુધી સંયુક્ત રાષ્ટ્રના શાંતિરક્ષક અભિયાન વિભાગમાં ઉપસૈન્ય સલાહકાર અને સૈન્ય સલાહકાર રહી ચૂક્યા છે.
- તેઓ વર્ષ ૨૦૧૩માં ભારતીય સેના માથી સેવા નિવૃત થયા હતા.
- વર્ષ ૨૦૧૪માં તેઓ સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષા અભિયાન અંતર્ગત ટેક્નૉલોજિ અને નવીનીકરણ પરની વિશેષજ્ઞ સમિતિમાં પણ સભ્ય હતા.

- **સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ – આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો ૭૯મો સભ્ય દેશ**
- તાજેતરમાં સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સએ આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન માટેના રૂપરેખા કરાર હસ્તાક્ષર કર્યા.
- સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ કરાર પર હસ્તાક્ષર કરનારો અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનનો ૭૯મો સભ્ય દેશ બન્યો.
- પ્રધાનમંત્રી આર.ઇ.ગોંસાલ્વેસ ભારત યાત્રા પર આવનાર વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સના પ્રથમ પ્રધાનમંત્રી છે.
- સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ એક દ્વીપ દેશ છે જે પૂર્વી કેરેબિયન સાગરમા સ્થિત છે.
  તેની રાજધાની કિંગ્સટાઉન છે.
- સેન્ટ વિન્સેંટ એન્ડ ગ્રેનાડિન્સ વર્ષ ૧૯૭૯મા યુનાઈટેડ કિંગડમથી સ્વતંત્ર થયેલ દેશ છે.

- **આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન**
- આ ગઠબંધનની શરૂઆત ભારત દ્વારા ભવિષ્યમાં ઉર્જાની જરૂરતો પૂરા કરવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત સંયુક્ત રીતે ૩૦ નવેમ્બર, ૨૦૧૫ના રોજ પેરિસમાં યુએન ક્લાયમેટ કોન્ફરન્સ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંગઠન છે જેનું મુખ્યાલય ભારતમાં આવેલ છે.
- તેનું મુખ્યાલય ગુરૂગ્રામ હરિયાણા ખાતે આવેલ છે.

- **પંકજ અડવાણીએ ૨૨મુ વર્લ્ડ ટાઇટલ જીત્યું**
- તાજેતરમાં ક્યું સ્પોર્ટ્સ તરીકે જાણીતા બિલિયડ્ઝ અને સ્નૂકરમાં ભારતના સ્ટાર ખેલાડી પંકજ અડવાણીએ ૨૨મુ વર્લ્ડ ટાઇટલ જીત્યું.
- મ્યાનમાર ખાતે યોજાયેલ આઇબીએસએફ વર્લ્ડ બિલિયડ્ઝ ચેમ્પિયનશિપના ૧૫૦ અપ ફોર્મેટમાં પંકજ અડવાણી વર્લ્ડ ચેમ્પિયન બન્યા છે.
- તેણે મ્યાનમારના થ્વાયઓઓને હરાવી આ ટાઇટલ જીત્યું છે.
- બિલિયડ્ઝ અને સ્નૂકરમાં વર્ષ ૨૦૧૪થી પંકજ દર વર્ષે ઓછામાં ઓછું એક વર્લ્ડ ટાઇટલ જીતે છે.
- ભારત સરકાર દ્વારા પંકજ અડવાણીને તેના યોગદાન બદલ વર્ષ ૨૦૦૪ અર્જુન એવોર્ડ વર્ષ ૨૦૦૬માં રાજીવ ગાંધી ખેલ રત્ન, વર્ષ ૨૦૦૯માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૮ પદ્મભૂષણ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા છે.

- **લક્ષ્ય સેન – બેલ્જિયમ ઇન્ટરનેશનલ ચેલેન્જ**
- તાજેતરમાં ભારતના લક્ષ્ય સેને બેલ્જિયમ ઇન્ટરનેશનલ ચેલેન્જનો ખિતાબ પોતાના નામે કર્યો.
- આ ચેમ્પિયનશીપમાં તેણે ફાઈનલમાં ડેન્માર્કના વિકટરને હરાવી જીત મેળવી.
- લક્ષ્યસેનનો જન્મ ઉત્તરાખંડના અલ્મોડા ખાતે થયો છે.
- તે બેડમિન્ટન રમત સાથે સંકળાયેલ છે.

## 17. Sept. 2019

- **દૂરદર્શનની સ્થાપના ૬૦ વર્ષ પૂર્ણ**
- ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ દૂરદર્શનની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ થયા.
- દૂરદર્શનના સ્થાપના દિવસ નિમિત્તે નવી દિલ્લી ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રિય સૂચના અને પ્રસારણ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર હાજર રહ્યા હતા.
- આ કાર્યક્રમમાં એક વિશેષ ડિઝાઇન યુક્ત ટપાલ ટિકિટ પણ લોન્ચ કરવામાં આવી હતી.
- દૂરદર્શનની સ્થાપના ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૯ના રોજ ભારત સરકાર દ્વારા કરવામાં આવી હતી.
- દરદર્શન ભારતની સાર્વજનિક પ્રસારક છે.
- તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે. તેનું આદર્શ વાક્ય 'સત્યમ શિવમ સુંદર' છે.
- હાલ એ સૂર્ય પ્રકાશ તેના ચેરમેન છે.
- હાલ દૂરદર્શન દ્વારા ડીડી નેશનલ, ડીડી ન્યૂઝ, ડીડી સ્પોર્ટ્સ, ડીડી ભારતી, ડીડી કિસાન જેવી રાષ્ટ્રીય ચેનલ અને અલગ અલગ ક્ષેત્રિય ચેનલનું પ્રસારણ કરવામાં આવે છે.
- **વિશ્વ દર્દી સલામતી દિવસ – ૧૭ સપ્ટેમ્બર**
- વિશ્વભરમાં દર્દીઓની સલામતી અંગે જાગૃતતા ફેલાવના ઉદ્દેશ્યથી ૧૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ દર્દી સલામતી દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસની આ પ્રથમ ઉજવણી છે.
- આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા કરવામાં આવે છે.
- મે ૨૦૧૯માં યોજાયેલ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીની ૭૨ મી સભામાં ૧૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ દર્દી સલામતી દિવસ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૯માં પ્રથમ વખત ઉજવાતા આ દિવસની થીમ patient safety - a Global health priroity રાખવામાં આવી છે.
- તેનું વર્ષ ૨૦૧૯ માટેનું સ્લોગન speak up fro patient safetyછે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO)નું વડુમથક જીનીવા ખાતે આવેલ છે.
- આ સંસ્થા દુનિયાના લોકોનાં શારીરિક અને માનસિક આરોગ્યમાં સુધારો થાય તે માટે પ્રયાસ કરે છે.
- **રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ ક્ષેત્રે પ્રોત્સાહન માટે રાહત પેકેજ**
- તાજેતરમાં દેશના રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને કેટલીક અગત્યની જાહેરાત કરી હતી.
- આ જાહેરાત અંતર્ગત દેશમાં રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ ક્ષેત્રમાં ૭૦ હજાર કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી.
- રિયલ એસ્ટેટ દેશમાં ૬૦ ટકા સુધી પૂરા થઇ ગયેલા અને પછી અટકી ગયેલ હાઉસિંગ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦,૦૦૦ કરોડનું ફંડ એકત્રિત કરવામાં આવશે.
- જે પૈકી દસ હજાર કરોડ કેન્દ્ર સરકાર આપશે જ્યારે બાકીના રોકાણકારો પાસેથી મેળવવામાં આવશે.
- આના લીધે આશરે ૩.૫ લાખ મકાન માલિકોને ફાયદો થશે.
- ભારતમાંથી નિકાસ વધારવા અને નિકાસકારોને રાહત આપવા માટે ટેક્સને નિકાસ ડ્યુટીમાં ૫૦ હજાર કરોડની રાહત આપવામાં આવશે
- હાલની MERCHANDISEEXPORTSFROMINDIASCEMEના સ્થાને જાન્યુઆરી ૨૦૨૦થી REMISSIONOFDUTIESORTAXESONEXPORTPRODUCTનામની નવી યોજના અમલમાં મૂકવામાં આવશે.
- કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામ દ્વારા આપવામાં આવેલ જાણકારી મુજબ કેન્દ્ર સરકાર દેશમાં ચાર જગ્યાએ મેગા શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરશે.
- આ ફેસ્ટિવલ દુબઈ શોપિંગ ફેસ્ટિવલની જેમ હશે.જે પૈકી પ્રથમ શોપિંગ ફેસ્ટિવલનું આયોજન માર્ચ ૨૦૨૦માં કરવામાં આવશે.
- **તેજસના નેવલ વર્ઝનના સફળ પરીક્ષણ**
- તાજેતરમાં ભારતીય વાયુ સેના દ્વારા યુદ્ધમાં તેજસના નેવલ વર્ઝનના સફળ પરીક્ષણ કરવામાં આવ્યા.
- આ પરીક્ષણ અંતર્ગત તેજસનું પ્રથમ અરેસ્ટ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.
- અરેસ્ટ લેન્ડિંગ યુદ્ધ જહાજ પર કરવામાં આવે છે. તેમાં ઓછા રનવે પર વિમાનની ગતિ કન્ટ્રોલ કરવામાં આવે છે.
- અરેસ્ટ લેન્ડિંગ માટે વિમાનની પાછળ લેન્ડિંગ ગેયરનો ઉપયોગ કરવામાં આવે છે તેને અરેસ્ટ વાયર ટેકનોલોજી કહેવામાં આવે છે.
- જે હાલ અમેરિકા રશિયા બ્રિટન ફ્રાન્સ અને ચીન જેવા દેશોમાં છે.
- તેજસ એ ભારતનું સિંગલ એન્જિન ડેટા વિંગ મલ્ટીરોલ લાઇટ ફાઈટર વિમાન છે.
- આ વિમાનનો ઉપયોગ ભારતીય વાયુસેના અને ભારતીય નેવી દ્વારા કરવામાં આવે છે.
- તેજસનું નિર્માણ અને ડિઝાઇન એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- તેજસ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઇન સાથે તૈયાર થનાર ભારતનું પ્રથમ યુદ્ધ વિમાન છે.
- તેજસનું નિર્માણ કાર્ય ૧૯૮૦ના દશકમાં શરૂ થયું હતું.
- લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તરીકે ઓળખાતા આ વિમાનને ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા તેજસ નામ આપવામાં આવ્યું હતું.
- તેજસ વિશ્વનું પોતાની શ્રેણીનું સૌથી હલકું અને નાનું સુપર સોનિક યુદ્ધ વિમાન છે.
- **નટવર પંડ્યા – જ્યોતીન્દ્ર દવે ચંદ્રક – ૨૦૧૯**
- તાજેતરમાં સુરતના પ્રખ્યાત હાસ્યલેખકશ્રી નટવર પંડ્યાને વર્ષ ૨૦૧૯ના જ્યોતીન્દ્ર દવે ચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા.

- તેમને આ સન્માન તેમના પુસ્તક હાસ્યં પરં ઘીમહી માટે આપવામાં આવ્યું.
- હાસ્યં પરં ઘીમહી પુસ્તક વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત થયેલ હાસ્ય પુસ્તક પૈકીનું શ્રેષ્ઠ પુસ્તક છે.
- આ સન્માન નર્મદ સાહિત્ય સભા દ્વારા ગુજરાતી ભાષાના હાસ્ય ક્ષેત્રે જાણીતા જ્યોતીન્દ્ર દવેની યાદમાં દર વર્ષે આપવામાં આવે છે.

(1) દૂરદર્શનની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી?

(2) દૂરદર્શનનું આદર્શ વાક્ય જણાવો ? - 'સત્યમ શિવમ સુંદર'

(3) વિશ્વ દર્દી સલામતી દિવસક્યારે મનાવવામાં આવે છે ?-૧૭ સપ્ટેમ્બરના રોજ

(4) વિશ્વ દર્દી સલામતી દિવસ 2019ની થીમ જણાવો ?- patient safety - a Global health priority

(5) તાજેતરમાં દેશના રિયલ એસ્ટેટ અને એક્સપોર્ટ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનેકેટલા રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી?- ૭૦ હજાર કરોડ રૂપિયા

(6) દેશમાં MERCHANDISEEXPORTSFROMINDIASCEMEના સ્થાને જાન્યુઆરી ૨૦૨૦થી કઈ નવી યોજના અમલમાં મુકાશે ?- REMISSIONOFDUTIESORTAXESONEXPORTPRODUCT

(7) વર્ષ ૨૦૧૯ના જ્યોતીન્દ્ર દવે ચંદ્રકથી કોને સન્માનિત કરવામાં આવ્યા?- હાસ્યલેખકશ્રી નટવર પંડ્યાને

(8) હાસ્યં પરં ઘીમહીપુસ્તકના લેખકનું નામ જણાવો?-નટવર પંડ્યા

(9) તાજેતરમાં દેશના ક્યાં યુદ્ધ વિમાનનું પ્રથમ એરેસ્ટ લેન્ડિંગ કરવામાં આવ્યું?- તેજસ

(10) સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઇન સાથે તૈયાર થનાર ભારતનું પ્રથમ યુદ્ધ વિમાનક્યુ છે ?- તેજસ

## 18. Sept. 2019

- **વિશ્વ વાંસ દિવસ – ૧૮ સપ્ટેમ્બર**
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો ૭૦મો જન્મદિવસ
- ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ૭૦માં જન્મદિવસ નિમિત્તે સુરતના બ્રેડલાઈનર બેકરી દ્વારા ૭૦૦૦ કિલોગ્રામની ૭૦૦ ફૂટ લાંબી કેક બનાવવામાં આવી.
- આ કેકને અગેઇન્ટ્સ કરપશન નામ આપવામાં આવ્યું હતું.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગર ખાતે થયો.
- તેઓ વર્ષ ૧૯૭૧ના આરએસએસના પૂર્ણકાલીન સદસ્ય બન્યા હતા.
- વર્ષ ૧૯૮૫માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.
- તેઓ ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ૨૨ મે ૨૦૧૪ સુધી ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા.
- વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી જે ચુંટણીમાં તેમણે ૨૮૨ બેઠકો પર જીત મેળવી હતી.
- વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં તેમના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૦૩ બેઠકો પર જીત મેળવી હતી.
- **નમામિ દેવી નર્મદે મહોત્સવ**
- તાજેતરમાં સરદાર સરોવર ડેમ સૌપ્રથમ વખત પોતાની પૂર્ણ સપાટી સુધી ભરાયો.
- આ એક ઐતિહાસિક અવસરે ગુજરાત સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બરના રોજ રાજ્યવ્યાપી નમામિ દેવી નર્મદે મહોત્સવની ઉજવણી કરવામાં આવી.
- આ ઉજવણીના ભાગરૂપે કેવડિયા ખાતે રાજ્યકક્ષાની ઉજવણી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં કરવામાં આવી.
- પ્રધાનમંત્રીશ્રીએ નર્મદાના નીરની મહાઆરતી કરી પુજા હતી.
- ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની પૂર્ણ સપાટી ૧૩૮.૬૮ મીટર છે.
- રાજ્યભરમાં મહોત્સવના ભાગરૂપે સવારે ૯ થી ૧૦ દરમિયાન નદી નાડા તળાવ માથી પ્લાસ્ટિકનું એકત્રીકરણ કરવામાં આવ્યું અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- **Global economic freedom index ૨૦૧૯**
- તાજેતરમાં કેનેડાની Fraser Institute અને ભારતની સેન્ટર ફોર સિવિલ સોસાયટી સંસ્થા દ્વારા સંયુક્ત રીતે Global economic freedom index 2019જાહેર કરવામાં આવ્યો.
- આ ઇન્ડેક્સમાં કુલ ૧૬૨ સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ભારત ૭૯માં ક્રમે રહ્યું.
- વર્ષ ૨૦૧૮માં ભારત આ ઈન્ડેક્સમાં ૯૬માં સ્થાને હતું.
- આંતરરાષ્ટ્રીય વેપાર ની સ્વતંત્રતા તથા ક્રેડિટ લેબર અને બિઝનેસ નિયમન સરકાર નું કદ નાણા સુગમતા કાનૂની માળખું અને સંપત્તિના હકો જેવા ક્ષેત્રોના આધારે તૈયાર કરવામાં આવ્યો આ ઇન્ડેક્સઆ ઇંગ્લીશ પ્રથમ સ્થાને હોંગકોંગ છે.
- સિંગાપુર અને ન્યૂઝીલેન્ડ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ ઇન્ડેક્સમાં અંતિમ સ્થાને વેનેઝુએલા છે.
- **ડૉ. કલામ સ્મૃતિ ઇન્ટરનેશનલ એક્સિલેંસ એવોર્ડ ૨૦૧૯ – શેખ હસીના**
- તાજેતરમાં બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાને ડૉ. કલામ સ્મૃતિ ઇન્ટરનેશનલ એક્સિલેંસ એવોર્ડ ૨૦૧૯થી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમણે આ સન્માન દક્ષિણ એશિયા ક્ષેત્રમાં શાંતિ અને સમૃદ્ધિ માટેના તેમના વિઝન માટે એનાયત કરવાં આવ્યો છે.
- આ પુરસ્કારની શરૂઆત વર્ષ ૨૦૧૫ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામની યાદમાં આપવામાં આવે છે.
- આ પુરસ્કાર દર વર્ષે આપવામાં આવે છે.

(1) વિશ્વ વાંસ દિવસ ક્યારે મનાવવામાં આવે છે?- દર વર્ષે ૧૮ સપ્ટેમ્બરના રોજ

(2) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ૭૦માં જન્મદિવસ નિમિત્તે કોના દ્વારા ૭૦૦૦ કિલોગ્રામની ૭૦૦ ફૂટ લાંબી કેક બનાવવામાં આવી?-સુરતના બ્રેડલાઈનર બેકરીદ્વારા

(3) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો જન્મ ક્યાં અને ક્યારે થયો?- ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરખાતે

(4) રાજ્યવ્યાપી નમામિ દેવી નર્મદે મહોત્સવનીરાજ્યકક્ષાની ઉજવણી ક્યા કરવામાં આવી હતી?- કેવડિયા ખાતે

(5) તાજેતરમાં જાહેર થયેલ Global economic freedom index 2019કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યો?- કેનેડાની Fraser Instituteઅને ભારતની સેન્ટર ફોર સિવિલ સોસાયટી સંસ્થા દ્વારા સંયુક્ત રીતે

(6) Global economic freedom index 2019માં ભારત કેટલામાં સ્થાને છે ?- ૯૬માં સ્થાને

(7) Global economic freedom index 2019માં ક્યો દેશ પ્રથમ સ્થાને છે?- હોંગકોંગ

(8) તાજેતરમાં ડૉ. કલામ સ્મૃતિ ઇન્ટરનેશનલ એક્સિલેંસ એવોર્ડ ૨૦૧૯થી કોને સન્માનીત કરવામાં આવ્યા ?- બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાને

(9) ડૉ. કલામ સ્મૃતિ ઇન્ટરનેશનલ એક્સિલેંસ એવોર્ડની શરૂઆત ક્યાં વર્ષથી કરવામાં આવી?- વર્ષ ૨૦૧૫

## 19. Sept. 2019

- **વર્લ્ડ ટ્રાફિક રિપોર્ટ – એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ**
- તાજેતરમાં એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દ્વારા વર્લ્ડ ટ્રાફિક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટમાં પેસેન્જર ની દ્રષ્ટિએ સૌથી મોટા અને સૌથી વ્યસ્ત ૨૦ એરપોર્ટની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં અમેરિકાનું હાર્ટ્સફિલ્ડ જેક્સન એટલાન્ટા એરપોર્ટ પ્રથમ સ્થાને છે.
- ચીનનું બેઇજિંગ એરપોર્ટ અને સંયુક્ત આરબ અમીરાત દુબઈ એરપોર્ટ આ યાદીમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે
- આ યાદીમાં ભારતનું દિલ્હી ખાતે આવેલ ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ બારમા સ્થાને છે.

  આ યાદીમાં ૨૦મુ સ્થાન અમેરિકાનું ડેનવેર ઇન્ટરનેશનલ એરપોર્ટ ધરાવે છે.

- **અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ**
- તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા અસ્ત્ર મિસાઇલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ મિસાઈલ એ ઓરિસ્સાના દરિયા કિનારા નજીક બંગાળની ખાડીમાં લક્ષ અને સચોટ રીતે નષ્ટ કર્યું.
- આ મિસાઈલનું પરીક્ષણ પશ્ચિમ બંગાળના એક એરબેઝથી Sukhoi Su 30 MKI વિમાનની મદદથી કરવામાં આવ્યું હતું.
- સંપૂર્ણ સ્વદેશી બનાવટ થયેલી આ મિસાઈલ air to aiપ્રિહાર કરતી ભારતમાં બનેલ પ્રથમ મિસાઇલ છે.
- આ મિસાઇલની ડિઝાઇન ડીઆરડીઓ દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- તેનું નિર્માણ ભારત ડાયનામીક લિમિટેડ દ્વારા કરવામાં આવે છે.
- તેની રેન્જ ૨૦ થી ૮૦કિમીની છે.

- **DRDO**
- DRDO–The Defence Research and Development Organisation
- DRDOની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઈ હતી.
- મુખ્યાલય –DRDO ભવન, નવી દિલ્લી
- ચેરમેન જી. સતિશ રેડ્ડી
- આદર્શ વાક્ય – (Strength's Origin is in Science)

- **સાબરમતી નદીમાં સ્કુબા ડાઈવિંગનો પ્રારંભ**
- તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ૭૦માં જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદની સાબરમતી નદીમાં સ્કુબા ડાઇવિંગ નો પ્રારંભ કરવામાં આવ્યો.
- સ્કૂબા ડાઇવિંગ ઉપરાંત સાબરમતી નદીમાંએરબોટ જેટ્સકી જેવી વોટર રાઇડ એક્ટિવિટીનો પણ શુભારંભ થયો.

- **ગુજરાત દર્શન યોજના**
- તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દર્શન યોજના અમલમાં મુકવામાં આવી.
- આ યોજના દેશના અન્ય રાજ્યમાં વસતા ૬૦ થી ૭૦વર્ષના વરિષ્ઠ નાગરિકો માટે ગુજરાતની મુલાકાત માટે અમલમાં મૂકવામાં આવી છે.
- ગુજરાતના બિનનિવાસી ગુજરાતી પ્રભાગના દ્વારા વર્ષ ૨૦૧૯–૨૦થી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- યોજના અંતર્ગત નિયત થયેલી આયુ ધરાવતા બિનગુજરાતીઓ માટે ૭ દિવસ અને ૭ રાત્રિના રોકાણ કરી શકશે.
- આ યોજના અંતર્ગત પ્રવાસીઓનો ૧૦ હજાર સુધીનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે.

- **સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશોની નિમણૂક**
- તાજેતરમાં સુપ્રીમ કોર્ટમાં ચાર નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી.
- આ નિમણૂક બાદ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની સંખ્યા 33 થઈ છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત આ સંખ્યા 3૪ થાય છે.

| તાજેતરમાં નિમણૂક પામેલા નવા ન્યાયધીશો | અગાઉ કઈ હાઇકોર્ટમાં ફરજ બજાવતા |
|---|---|
| જસ્ટિસ એસ. રવિન્દ્ર ભટ્ટ | રાજસ્થાન |
| જસ્ટિસ કૃષ્ણ મુરારી | પંજાબ અને હરિયાણા |
| જસ્ટિસ ઋષિકેશ રોય | કેરળ |
| જસ્ટિસ વી રામા સુબ્રમણ્યમ | હિમાચલ પ્રદેશ |

- **સુપ્રીમ કોર્ટ**
- સ્થાપના – ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઈન્ડિયા)
- સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦થી કાર્યરત છે.



Vivekanand Academy Gandhinagar

- સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.
- સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે
- સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય "યતો ધર્મસ્તતો જય" છે.
- ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા –રંજનગોગોઇ (૪૬માં)

(1) એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દ્વારાજાહેર કરવામાં આવેલ વર્લ્ડ ટ્રાફિક રિપોર્ટમાં સૌથી મોટા અને વ્યસ્ત એરપોર્ટની દ્રષ્ટિએ પ્રથમ સ્થાને ક્યું એરપોર્ટ છે ?- અમેરિકાનું હાર્ટ્સફિલ્ડ જેકસન એટલાન્ટા એરપોર્ટ

(2) એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દ્વારાજાહેર કરવામાં આવેલ વર્લ્ડ ટ્રાફિક રિપોર્ટમાં ભારતના ક્યાં ક્યાં એરપોર્ટને સ્થાન મળ્યું છે?- દિલ્હી ખાતે આવેલ ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ એરપોર્ટ

(3) તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા અસ્ત્ર મિસાઇલનું સફળ પરીક્ષણક્યાં કરવામાં આવ્યું?- ઓરિસ્સાના દરિયા કિનારા નજીક બંગાળની ખાડીમાં

(4) અસ્ત્ર મિસાઇલનું સફળ પરીક્ષણક્યાં વિમાનની મદદથી કરવામાં આવ્યું હતું?- Sukhoi Su 30 MKI

(5) અસ્ત્ર મિસાઇલનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું છે?- ભારત ડાયનામીક લિમિટેડદ્વારા

(6) તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારાદેશના અન્ય રાજ્યમાં વસતા ૬૦ થી ૭૦વર્ષના વરિષ્ઠ નાગરિકો માટે ગુજરાતની મુલાકાત માટેકઈ યોજના અમલમાં મુકવામાં આવી?-ગુજરાત દર્શન યોજના

(7) હાલમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત કુલ જજની સંખ્યા કેટલી થાય છે? 34

## 20. Sept. 2019

- **ભારત, સિંગાપુર અને થાઈલેન્ડની નૌસેના વચ્ચે ત્રિપક્ષીય યુદ્ધ અભ્યાસ**
- તાજેતરમાં ભારત, સિંગાપુર અને થાઈલેન્ડની નૌસેના વચ્ચે ત્રિપક્ષીય યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું.
- અંદામાન નિકોબારના પોર્ટ બ્લેયર ખાતે શરૂ થયેલ આ યુદ્ધ અભ્યાસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૯થી ૨૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યુ.
- પાંચ દિવસના આ અભ્યાસની ઘોષણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા જૂન ૨૦૧૮માં શાંગ્રી– લા સમિટ દરમ્યાન કરી હતી.
- આ ત્રિપક્ષી અભ્યાસનું આયોજન ત્રણેય દેશની નૌસેના વચ્ચે સંબંધો મજબૂત કરવા અને સમુદ્રી સુરક્ષામાં વધારો કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું છે.
- આ અભ્યાસમાં ભારતીય નૌસેના આઇએનએસ રનવીર, આઇએનએસ કોરા અને ફ સુકન્યાએ ભાગ લીધો છે.
- સિંગાપુર નૌસેના – રિપબ્લિક ઓફ સિંગાપુર
- થાઈલેન્ડ નૌસેના – રોયલ થાઈલેન્ડ નેવી
- **ISRO અને DRDO વચ્ચે માનવ અંતરિક્ષ મિશન માટે કરાર**
- તાજેતરમાં ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO)અને રક્ષા અનુસંધાન તથા વિકાસ સંગઠન (DRDO)વચ્ચે માનવ અંતરિક્ષ મિશન માટે "હ્યુમન સેંટ્રીક સિસ્ટમ"ના વિકાસ માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- ઈસરો વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશની માનવી અંતરિક્ષ ઉડાન ક્ષમતા પ્રદર્શિત કરશે.
- ઇસરોના વૈજ્ઞાનિકોના પ્રતિનિધિમંડળ તથા ડીઆરડીઓ લેબ્સ વચ્ચે માનવીય અંતરિક્ષ ઉડાનમાટે ઘણા ક્ષેત્રે કરાર કરવામાં આવ્યા છે.
- ડીઆરડીઓ દ્વારા અંતરિક્ષ ભોજન, સ્પેસ ક્રૂના સ્વાસ્થ્યનું મોનિટરિંગ, આપતકાલીન કીટ, ક્રૂ મોડ્યુલની સફળ રિકવરી માટે પેરશૂટ જેવી વસ્તુઓ ઇસરોને આપશે.
- **૫માં આંતરરાષ્ટ્રીય રામાયણ મહોત્સવનું આયોજન**
- તાજેતરમાં નવી દિલ્લી ખાતે ૫માં આંતરરાષ્ટ્રીય રામાયણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ઉત્સવનું આયોજન ભારતીય સંસ્કૃતિ સંબંધ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ ઉત્સવમાં મુખ્ય અતિથિ તરીકે દેશના ગૃહમંત્રીશ્રી અમિત શાહ હાજર રહ્યા હતા.
- આ ઉત્સવમાં વિશ્વના ૧૭ દેશોના કલાકારોએ ભાગ લીધો હતો.
- દર વર્ષે આયોજીત થતાં આ ઉત્સવનું આયોજન ભારતીય સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે કરવામાં આવે છે.
- ભારતીય સંસ્કૃતિ સંબંધ પરિષદની સ્થાપના વર્ષ ૧૯૫૦માં મૌલાના કલામ આઝાદ દ્વારા કરવામાં આવ્યું હતું.
- મૌલાના કલામ આઝાદ દેશના પ્રથમ શિક્ષા મંત્રી હતા.
- **ઈ–સિગારેટ પર પ્રતિબંધને મંજૂરી**
- તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટ દ્વારા દેશમાં ઇ–સિગારેટ પર પ્રતિબંધને મંજૂરી આપવામાં આવી.
- આ પ્રતિબંધ સાથે જ દેશમાં ઈ–સિગારેટનું ઉત્પાદન,વેચાણ,આયાત,ટ્રાન્સપોર્ટ જાહેરાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- ઇ–સિગારેટ પ્રતિબંધનો ઉલ્લંઘન કરનારને પ્રથમ વખત એક વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે.
- જ્યારે બીજી વખત ત્રણ વર્ષ જેલ અને પાંચ લાખ રૂપિયાના દંડની જોગવાઈ છે.
- હાલ વિશ્વના ૩૬ દેશો અને દેશનાં ૧૨ જેટલા રાજ્યોમાં ઇસિગારેટ પર પ્રતિબંધ છે.
- ઇ સિગારેટ એક બેટરીથી ચાલતું સાધન ઉપકરણ છે પ્રવાહી સ્વરૂપે સીસું અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.
- ઇ સિગારેટનું ઓનલાઇન વેચાણ ઇલેક્ટ્રોનિક નિકોટિન ડિલિવરી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે.
- **રાકેશકુમાર સિંહ ભદૌરિયા – ભારતીય વાયુસેનાના નવા ચીફ**
- તાજેતરમાં ભારતીય વાયુસેનાના વાઇસ ચીફ ઓફ એર સ્ટાફ એર માર્શલશ્રી રાકેશ કુમાર સિંહ ભદૌરિયાને ભારતીય વાયુસેનાના નવા ચીફ નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ નિવૃત થનાર એર ચીફ માર્શલ બીરેન્દરસિંહ ધનોઆનું સ્થાન લીધું.

- **રાકેશ કુમાર સિંહ ભદૌરિયા ઉત્તરપ્રદેશના આગ્રાના વતની છે.**
- **રાકેશ કુમાર સિંહ ભદૌરિયા વર્ષ ૧૯૮૦માં ભારતીય વાયુસેનામાં જોડાયા હતા.**
- **તેઓ વાયુસેનામાં રાષ્ટ્રીય રક્ષા એકેડમી કમાન્ડર, સેન્ટ્રલ એર કમાન્ડ ઓફિસર ડેપ્યુટી ચીફ ઓફ એરસ્ટાફ જેવા પર પર કાર્ય કરી ચૂક્યા છે.**
- **તેમણે પરમ વિશિષ્ટ સેવા મેડલ અતિ વિશિષ્ટ સેના મેડલ વાયુસેના મેડલ જેવા સૈન્ય સન્માન આપવામાં આવ્યા છે.**

(1) તાજેતરમાં ભારત, સિંગાપુર અને થાઈલેન્ડની નૌસેના વચ્ચે ત્રિપક્ષીય યુદ્ધ અભ્યાસનું આયોજન ક્યાં કરવામાં આવ્યું.?- અંદામાન નિકોબારના પોર્ટ બ્લેયર ખાતે

(2) તાજેતરમાં ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO)અને રક્ષા અનુસંધાન તથા વિકાસ સંગઠન (DRDO)વચ્ચે ક્યાં મિશન માટે "હ્યુમન સેંટ્રીક સિસ્ટમ"ના વિકાસ માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા?- માનવ અંતરિક્ષ મિશન

(3) તાજેતરમાં ૫માં આંતરરાષ્ટ્રીય રામાયણ મહોત્સવનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ?- નવી દિલ્હી ખાતે

(4) ભારતીય સંસ્કૃતિ સંબંધ પરિષદની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?- મૌલાના કલામ આઝાદ દ્વારા

(5) દેશમાં ઈ–સિગારેટ પ્રતિબંધનો ઉલ્લંઘન કરનારનેપ્રથમ વખત કેટલી સજા થશે ની જોગવાઈ છે?- એક વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયાના દંડ

(6) તાજેતરમાં કોને ભારતીય વાયુસેનાના નવા ચીફ નિયુક્ત કરવામાં આવ્યા?- એર માર્શલશ્રી રાકેશ કુમાર સિંહ ભદૌરિયાને

(7) ભારતીય વાયુસેનાના નવા ચીફરાકેશ કુમાર સિંહ ભદૌરિયાએ કોનું સ્થાન લીધું?- એર ચીફ માર્શલ બીરિન્દરસિંહ ધનોઆનું

## 21. Sept. 2019

- **વિશ્વ શાંતિ દિવસ – ૨૧ સપ્ટેમ્બર**
- **દર વર્ષે વિશ્વભરમાં ૨૧ સપ્ટેમ્બરના રોજ વિશ્વ શાંતિ દિવસ મનાવવામાં આવે છે.**
- **વિશ્વમાં શાંતિ અહિંસા અને સહિષ્ણુતા સ્થાપવા અને લોકોને તેના અંગે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવવામાં આવે છે.**
- **સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ ૧૯૮૧માં વિશ્વ શાંતિ દિવસ ની ઉજવણી ના મંજૂરી આપવામાં આવી હતી.**
- **તે સમયે આ દિવસની ઉજવણી સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે કરવામાં આવતી હતી.**
- **વર્ષ ૨૦૦૨થી આ દિવસની ઉજવણી દર વર્ષે ૨૧ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવે છે.**
- **વર્ષ ૨૦૧૯ થીમ** –Climate Action fro Peace
- **અર્લિ વોર્નિંગ ડીસીનેશન સિસ્ટમ – ગુજરાત સરકાર**
- **તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વાવાઝોડા અંગેની ચેતવણી લોકોને મળી શકે તે હેતુથી સિસ્ટમ ઊભી કરવામાં માટે મંજૂરી આપવામાં આવી.**
- **આ સિસ્ટમનું નામ અર્લિ વૉર્નિંગ ડીસીનેશન સિસ્ટમ છે.**
- **આ સિસ્ટમ નેશનલ સાયક્લોન રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ અંતર્ગત ઊભી કરવામાં આવશે.**
- **જે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને વર્લ્ડ બેંકનાં સંયુક્તઉપક્રમે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા તૈયાર કરવામાં આવશે.**
- **લીડ્સ ઈન્ડેક્સ ૨૦૧૯**
- **તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા લીડ્સ** (Logistics Ease Across Differents States) **ઇન્ડેક્સજાહેર કરવામાં આવ્યો.**
- **દેશના વિવિધ રાજ્યોમાં માલસામાનની સરળતાપૂર્વક હેરફેર અને તેની કાર્યક્ષમતા આધારે આ ઇન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે.**
- **લીડ્સ ઇન્ડેક્સમાં ગુજરાત ભારતમાં પ્રથમ સ્થાને રહ્યું.**
- **વર્ષ ૨૦૧૮માં પણ ભારતભરમાં ગુજરાત પ્રથમ સ્થાને હતું.**
- **આ ઇન્ડેક્સમાં પંજાબ અને આંધ્રપ્રદેશમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.**
- **નવી દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલના હસ્તે ગુજરાતને ઈન્ડેક્સમાં પ્રથમ સ્થાન બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.**
- **ગુજરાત સરકાર વતી આ એવોર્ડ ઊર્જા મંત્રી સૌરભ પટેલે સ્વીકાર્યો હતો.**
- **અન્ડર ૧૯ એશિયા કપ ક્રિકેટ ટૂર્નામેન્ટ – ભારત**
- **તાજેતરમાં શ્રીલંકા ખાતે યોજાયેલ અંડર–૧૯એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતે વિજય મેળવ્યો.**
- **આ ટૂર્નામેન્ટની ફાઈનલમાં ભારતીય ટીમે બાંગ્લાદેશને પાંચ રનથી હરાવી જીત મેળવી.**
- **આ ટુર્નામેન્ટમાં કુલ ૮ દેશોએ ભાગ લીધો હતો.**
- **આ ટુર્નામેન્ટમાં ભારતીય બોલર અર્થવ અંકોલેકર મેન ઓફ ધ મેચ બન્યા હતા.**
- **તેણે ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૧૨ વિકેટ ઝડપી હતી.**
- **ટુર્નામેન્ટમાંસૌથી વધુ રન ભારતના અર્જુન આઝાદે બનાવ્યા છે તેણે ૨૦૨ રન બનાવ્યા છે.**
- **ભારતે અંડર–૧૯એશિયાકપ ક્રિકેટ ટુર્નામેન્ટનું ૭મુટાઇટલ જીત્યું છે.**
- **અંડર–૧૯એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું પ્રથમ આયોજન વર્ષ ૧૯૮૯માં બાંગ્લાદેશ ખાતે થયું હતું.**
- **યુદ્ધ અભ્યાસ ૨૦૧૯ – ભારત અને અમેરિકા**
- **ભારત અને અમેરિકા વચ્ચે "યુદ્ધ અભ્યાસ ૨૦૧૯" નામના સંયુક્ત અભ્યાસનું સમાપન થયું.**
- **અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ખાતેના આવેલ જોઇન્ટ બેસ લૂવીસ મૈક્કોર્ડ ખાતે આ આયોજન કરવામાં આવ્યું હતું.**
- **આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશોની સેનાઓ વચ્ચે આતંકી વિરોધી ઓપરેશનની ક્ષમતામાં વધારો કરવાનો હતું.**
- **"યુદ્ધ અભ્યાસ"નું આ ૧૫મુ સંસ્કરણ હતું.**
- **ભારત અને અમેરિકા વચ્ચે "યુદ્ધ અભ્યાસ"ની શરૂઆત વર્ષ ૨૦૦૪માં અમેરિકની સેનાના પ્રશાંત પાર્ટનરશિપ કાર્યક્રમ અંતર્ગત થઈ હતી.**

Vivekanand Academy Gandhinagar

- **આ અભ્યાસમાં બટાલિયન સ્તર પર પ્રશિક્ષણ અને ડિવિઝન સ્તરીય કમાન્ડ પોસ્ટ અભ્યાસ કરવામાં આવે છે.**

(1) દર વર્ષે વિશ્વભરમાં ક્યારે વિશ્વ શાંતિ દિવસ મનાવવામાં આવે છે.?- ૨૧ સપ્ટેમ્બરના રોજ

(2) વિશ્વ શાંતિ દિવસ ૨૦૧૯ની થીમ જણાવો? Climate Action for Peace

(3) તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા વાવાઝોડા અંગેની ચેતવણી લોકોને મળી શકે તે હેતુથી સિસ્ટમ ઊભી કરવામાં માટે મંજૂરી આપવામાં આવીતે સિસ્ટમનું નામ જણાવો ?- અર્લિ વોર્નિંગ ડીસીનેશન સિસ્ટમ

(4) અર્લિ વોર્નિંગ ડીસીનેશન સિસ્ટમક્યાં પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર કરવામાં આવશે?- નેશનલ સાયકલોન રિસ્ક મિટિગેશન પ્રોજેક્ટ

(5) તાજેતરમાં લીડ્સ(Logistics Ease Across Differents States) ઇન્ડેક્સભારત સરકારના ક્યાં મંતરાય દ્વારા જાહેર કરવામાં આવ્યો?- કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા

(6) લીડ્સ(Logistics Ease Across Differents States) ઇન્ડેક્સમાં પ્રથમ સ્થાને ક્યું રાજ્ય રહ્યું?- ગુજરાત

(7) તાજેતરમાં અંડર–19એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?- શ્રીલંકા

(8) અંડર–19એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું પ્રથમ આયોજન ક્યારે અને ક્યાં કરવામાં આવ્યું હતું?- વર્ષ ૧૯૮૯માં બાંગ્લાદેશ ખાતે

(9) ભારત અને અમેરિકા વચ્ચે "યુદ્ધ અભ્યાસ ૨૦૧૯" નામના સંયુક્ત અભ્યાસનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?-અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ખાતેના આવેલ જોઇન્ટ બેસ લૂવીસ મૈક્કોર્ડ ખાતે

## 22. Sept. 2019

- **વર્લ્ડ કાર ફ્રી ડે – ૨૨ સપ્ટેમ્બર**
- **ભારતીય અર્થતંત્ર અને પ્રોત્સાહન આપવાના હેતુથી મહત્ત્વની જાહેરાત**
- **તાજેતરમાં ગોવાના પણજી ખાતે ભારતના કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમન દ્વારા ભારતીય અર્થતંત્ર અને પ્રોત્સાહન આપવાના હેતુથી મહત્વની જાહેરાત કરવામાં આવી.**

**ઘરેલુ કંપનીઓ માટે ટેક્સમાં ઘટાડો**

- **નાણા મંત્રીશ્રી એ કરેલી જાહેરાત અનુસાર દેશમાં ડોમેસ્ટિક કંપનીઓ પર કોર્પોરેટ ટેક્સ ૨૨ ટકા કરવામાં આવ્યો જે અગાઉ ૩૦ ટકા હતો.**
- **આ સાથે ઘરેલું કંપનીઓને મીનીમમ અલ્ટરનેટ ટેક્સ પરથી મુક્તિ આપવામાં આવી.**
- **ભારતમાં ઘરેલુ કંપનીઓને સરચાર્જ અને સેસ મળી કુલ ૩૪.૯૫ ટકા કોર્પોરેટ ટેક્સ ચૂકવવો પડતો હતો જે હવે ૨૫.૧૭% ચૂકવવો પડશે.**
- **કેન્દ્ર સરકારનો આ નિર્ણય ૧એપ્રિલ ૨૦૧૯થી અપાતા એક સમાન લાગુ પડશે.**

**કોર્પોરેટ ટેક્સમાં કરવામાં આવેલ ઘટાડાથી ભારત વિશ્વના સૌથી ઓછા કોર્પોરેટ ટેક્સ વાળા દેશમાં સાબિત થયો.**

- **જેના લીધે દેશમાં વિદેશી રોકાણને કરી શકાશે.**
- **દેશમાં અલગ-અલગ ક્ષેત્રો માંથી સરકારને થતી આવકમાં સૌથી વધુ ભાગ કોર્પોરેટ ટેક્સમાં છે.**
- **કોર્પોરેટ ટેક્સને કોર્પોરેશન ટેક્સ અને કંપની ટેક્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.**
- **ભારતીય અર્થતંત્ર અને પ્રોત્સાહન આપવાના હેતુથી મહત્ત્વની જાહેરાત**
- **તાજેતરમાં નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૯ના આંકડા મુજબ ભ્રષ્ટાચાર અંગેનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.**
- **ભ્રષ્ટાચારના મામલામાં સૌથી વધુ કેસ દાખલ કરવામાં દેશભરમાં પ્રથમ તમિલનાડુ રાજ્ય છે.**
  **આ રિપોર્ટ અનુસાર ઓડિશા અને ગુજરાત અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.**
- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧ જાન્યુઆરી,૨૦૧૫નારોજ આયોજન પંચના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી હતી.**
- **નીતિ આયોગના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી હોય છે.**
  **નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે રાજીવ કુમાર છે.**
- NITI–**નેશનલઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા**

**નીતિ આયોગ દ્વારા સ્થાપના બાદ શરૂ કરવામાં આવેલ પહેલો**

- Digital payments movement
- Atal innovation mission
- task froce on elimination of poverty in India
- task froce on Agriculture development
- Transfroming India lecture series
- Ek Bharat Shrestha Bharat
- Public private partnership in health
- State Human development reprot
- Atal incubation centres
- Atal grand challenge awards
- Indian innovative index
- Mentro India campaign

- **હરિયાણા અને મહારાષ્ટ્ર રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી**
- **તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા દેશના હરિયાણા અને મહારાષ્ટ્ર રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત કરવામાં આવી.**
- **ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર હરિયાણા અને મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં મતદાન મતદાન યોજાશે.**
- **૨૧ ઑક્ટોબરના રોજ યોજાનારા મતદાન નું પરિણામ ૨૪ ઓક્ટોબરના રોજ જાહેર કરવામાં આવશે.**
- **હરિયાણા વિધાનસભામાં કુલ ૯૦ બેઠકો છે.**

Vivekanand Academy Gandhinagar

હાલ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર છે તેઓ ભાજપાના છે.

- મહારાષ્ટ્ર વિધાનસભામાં કુલ ૨૮૯ બેઠકો છે.
- જે પૈકી ૨૮૮ બેઠકોમાં ચૂંટણી યોજાશે જ્યારે એક સભ્યની નિમણૂક કરવામાં આવે છે.
- હાલ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ છે જેઓ ભાજપાના છે.
- હરિયાણા અને મહારાષ્ટ્ર સાથે ચૂંટણીપંચ દ્વારા દેશના બીજા બધા રાજ્યોમાં ૬૪ વિધાનસભા અને બિહાર રાજ્યમાં ૧ લોકસભા બેઠકની પેટા ચૂંટણી અંગેની જાહેરાત કરવામાં આવી.
- અંતર્ગત ચૂંટણીપંચ દ્વારા ગુજરાત વિધાનસભાની છ બેઠકો પર પેટાચૂંટણી નું આયોજન કરવામાં આવશે.

| ક્રમ | વિધાનસભા બેઠક | જિલ્લો |
|---|---|---|
| ૧. | બાયડ | અરવલ્લી |
| ૨. | ખેરાલુ | મહેસાણા |
| ૩. | રાધનપુર | પાટણ |
| ૪. | અમરાઈવાડી | અમદાવાદ |
| ૫. | થરાદ | બનાસકાંઠા |
| ૬. | લુણાવાડા | મહીસાગર |

- **ચૂંટણી પંચ**
- ચૂંટણીપંચની બંધારણીય જોગવાઈ અનુચ્છેદ – ૩૨૪ (૧)માં કરવામાં આવેલ છે
- આ અનુચ્છેદ અંતર્ગત સંસદ, રાજ્યની વિધાનસભા,રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની જવાબદારી માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.
- ચૂંટણીપંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઈ હતી,દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.
- અનુચ્છેદ – ૩૨૪ (૨) અંતર્ગત ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય કમિશ્નર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીસુકુમાર સેન હતા તેઓ વર્ષ ૧૯૫૦થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા. દેશના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીમતી વી.એસ.રમાદેવી હતા.
- હાલ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા(૨૨માં)
- **દેશની પ્રથમ ચૂંટણી**
- આઝાદી બાદ દેશમાં પ્રથમ ચૂંટણીનું આયોજન વર્ષ ૧૯૫૧-૫૨માં થયું હતું.
- પ્રથમ ચૂંટણીમાં ૪૮૯ બેઠકો માટે મતદાનનું આયોજન થયું હતું.
- તે સમયે મતદાન માટેની મહતમ ઉમર ૨૧ વર્ષ હતી.
- દેશની પ્રથમ ચૂંટણીમાં પ્રથમ મતદાન શ્યામ શરણ નેગી દ્વારા કરવામાં આવ્યું હતું.
- તેઓ આઝાદ ભારતના પ્રથમ મતદાતા છે.
- વર્ષ ૨૦૧૯ની આ ચૂંટણીમાં તેમણે સાતમા તબક્કાના મતદાનમાં હિમાચલ પ્રદેશના કલ્પા બૂથ ખાતેથી મંડી લોકસભા બેઠક માટે મતદાન કર્યું હતું.

➢ વર્લ્ડ કાર ફ્રી ડે ક્યારે મનાવવામાં આવે છે?- દર વર્ષે 22 સપ્ટેબરના રોજ

➢ તાજેતરમાંદેશમાં ડોમેસ્ટિક કંપનીઓ પર કોર્પોરેટ ટેક્સ કેટલા ટકા કરવામાં આવ્યો?- ૨૨ ટકા

➢ કોર્પોરેટ ટેક્સનેબીજા ક્યાં નામે ઓળખવામાં આવે છે?- કોર્પોરેશન ટેક્સ અને કંપની ટેક્સતરીકે

➢ તાજેતરમાં નીતિ આયોગ દ્વારા વર્ષ ૨૦૧૯ના આંકડા મુજબ ભ્રષ્ટાચાર અંગે જાહેર કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર દેશમાં ક્યું રાજ્ય પ્રથમ સ્થાને છે ? - તમિલનાડુ

➢ નીતિ આયોગનું પુરૂનામ જણાવો ? - નેશનલઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા

➢ હરિયાણા વિધાનસભામાં કુલ કેટલી બેઠકો છે?- ૯૦

➢ તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારાગુજરાત વિધાનસભાનીકેટલી બેઠક પર પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ?- છ

આઝાદ ભારતની પ્રથમ ચૂંટણીનું આયોજન ક્યાં વર્ષમાં થયું હતું?- વર્ષ ૧૯૫૧-૫૨

## 23. Sept. 2019

- **રાજનાથસિંહ તેજસ વિમાનની ઉડાન ભરનાર દેશના પ્રથમ રક્ષા મંત્રી**
- તાજેતરમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહે બેંગ્લોર ખાતેથી સ્વદેશી લડાકુ વિમાન તેજસની સફળ ઉડાન ભરી હતી.
- રાજનાથસિંહ તેજસ વિમાનની ઉડાન ભરનાર દેશના પ્રથમ રક્ષા મંત્રી બન્યા છે.
- તેમણે બેંગ્લોરના HAL ઍરપોર્ટ ખાતેથી ઉડાન ભરી હતી.
- જે હાલ અમેરિકા રશિયા બ્રિટન ફ્રાન્સ અને ચીન જેવા દેશોમાં છે.
- તેજસ એ ભારતનું સિંગલ એન્જિન ડેટા વિંગ મલ્ટીરોલ લાઇટ ફાઈટર વિમાન છે.
- આ વિમાનનો ઉપયોગ ભારતીય વાયુસેના અને ભારતીય નેવી દ્વારા કરવામાં આવે છે.
- તેજસનું નિર્માણ અને ડિઝાઇન એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- તેજસ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઇન સાથે તૈયાર થનાર ભારતનું પ્રથમ યુદ્ધ વિમાન છે.
- તેજસનું નિર્માણ કાર્ય ૧૯૮૦ના દશકમાં શરૂ થયું હતું.
- લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તરીકે ઓળખાતા આ વિમાનને ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા તેજસ નામ આપવામાં આવ્યું હતું.
- તેજસ વિશ્વનું પોતાની શ્રેણીનું સૌથી હલકું અને નાનું સુપર સોનિક યુદ્ધ વિમાન છે.
- તેજસ લડાકુ વિમાનને ભારતીય વાયુસેનામાં ત્રણ વર્ષ અગાઉ સામેલ કરવામાં આવ્યું હતું.
- આ વિમાનનું કુલ વજન ૬૫૬૦ કિલોગ્રામ છે.
- **છ નવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્પીડ પોસ્ટ સેવા**
- તાજેતરમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા છ નવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરવામાં આવી.

- કેન્દ્રીય દુરસંચાર મંત્રાલય અંતર્ગત ટપાલ વિભાગ દ્વારા આ સેવા શરૂ કરવામાં આવી.
- આ છ દેશોમાં હર્ઝેગોવિના, લિથુનિયા, બ્રાઝીલ, એક્વાડોર, કઝાકિસ્તાન અને ઉત્તર મેસેડોનીયાનો સમાવેશ થાય છે.
- ભારતીય ટપાલ વિભાગ વિશ્વના ૧૦૦ જેટલા દેશોમાં સ્પીડ પોસ્ટની સેવા આપે છે.
- સ્પીડ પોસ્ટ સેવાનો લાભ ભારતીય ટપાલ વિભાગ દ્વારા એક્સપ્રેસ મેલ સર્વિસના માધ્યમથી મેળવી શકાય છે.
- દૂરસંચાર માધ્યમ અંતર્ગત કાર્ય કરતા ટપાલ વિભાગની સ્થાપના ૧એપ્રિલ ૧૮૫૪ના રોજ થઈ હતી.

- **એઆઈબીએ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૧૯**
- તાજેતરમાં રશિયાના ચેકેતેરિનબર્ગ ખાતેએઆઇબીએ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ચેમ્પિયનશીપમાં ૩ગોલ્ડ સહિત કુલ ૫ મેડલ સાથે ઉઝબેકીસ્તાન પ્રથમ સ્થાને રહ્યું હતું.
- આ ચેમ્પિયનશીપમાં ભારત છઠ્ઠા ક્રમે રહ્યું.
- ભારતે ચેમ્પિયનશીપમાં ૧ સિલ્વર અને ૧બોન્ઝ મેડલ જીત્યા હતા.
- આ ચેમ્પિયનશીપમાં ભારતના અમિત પંઘાલે ૫૨ કિગ્રા ફ્લાઈવેટિંગ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- તેઓ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં સિલ્વર જીતનાર પ્રથમ ભારતીય પુરુષ બોક્સર બન્યા.
- ફાઇનલમાં તેઓ ઉઝબેકીસ્તાનના શેખોબીદિન ઝોઇરોવ વિરુદ્ધ પરાજિત થાય હતા.
- અમિત પંઘાલનો જન્મ હરિયાણાના રોહતક જિલ્લામાં થયો છે.

- **મહિલાઓના સુરક્ષા માટે નિર્ભયા વાનનો ઉપયોગ – અમદાવાદ પોલીસ**
- તાજેતરમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા મહિલાઓના સુરક્ષા માટે નિર્ભયા વાનનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.
- ગુજરાતમાં સૌપ્રથમ વખત અમદાવાદ શહેરમાં મહિલાઓની સુરક્ષા માટે અતિઆધુનિક ટેકનોલોજીથી ૧૦૦ જેટલી આ પ્રકારની વાન તૈયાર કરવામાં આવશે.
- આ વાન કૉલેજો,યુનિવર્સિટી,જાહેર જગ્યાઓ,રસ્તાઓ વગેરે સ્થળો પર મહિલાઓની છેડતીની ઘટનાઓ પર નજર રાખશે.
- વાન માટે અમદાવાદ પોલીસની શી ટિમ કાર્યરત કરવામાં આવશે.

(1) તેજસ વિમાનની ઉડાન ભરનાર દેશના પ્રથમ રક્ષા મંત્રી?- રાજનાથ સિંહ

(2) તાજેતરમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથસિંહે બેંગ્લોર ખાતેથી સ્વદેશી લડાકુ વિમાન તેજસની સફળ ઉડાનક્યાથી ભરી?- બેંગ્લોરના HALએરપોર્ટ ખાતેથી

(3) લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તરીકે ઓળખાતા આ વિમાનનું તેજસ નામકોના દ્વારા આપવામાં આવ્યું હતું?- ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા

(4) તેજસનું નિર્માણ અને ડિઝાઇન કાર્ય કોના દ્વારા કરવામાં આવ્યું છે?- એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા

(5) તાજેતરમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા કેટલા નવા દેશોમાં આંતરરાષ્ટ્રીય સ્પીડ પોસ્ટ સેવા શરૂ કરવામાં આવી ?- છ

(6) દૂરસંચાર મંત્રાલય અંતર્ગત કાર્ય કરતા ટપાલ વિભાગની સ્થાપનાક્યારે થઈ હતી ? ૧ એપ્રિલ ૧૮૫૪ના રોજ

(7) તાજેતરમાં એઆઇબીએ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૧૯નું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું? રશિયાના ચેકેતેરિનબર્ગ ખાતે

(8) એઆઇબીએ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૧૯માં ભારત ક્યાં ક્રમે રહ્યું? - છઠ્ઠા

## 24. Sept. 2019

- **રાષ્ટ્રીય પોલીસ વિશ્વ વિદ્યાલય – ગ્રેટર નોઇડા**
- દર વર્ષે ૨૩ સપ્ટેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સાંકેતિકભાષા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ સાંકેતિક ભાષા અંગે લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો પ્રસ્તાવ વિશ્વ બધિર સંઘ દ્વારા મૂકવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર ૨૦૧૭માં આ દિવસ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ દિવસ વિશ્વ બધિર સંઘના સ્થાપના દિવસ નિમિત્તે મનાવવામાં આવે છે.
- વિશ્વ બધિર સંઘની સ્થાપના વર્ષ ૧૯૫૧માં થઈ હતી.
- વર્ષ ૨૦૧૯થીમ – બધા માટે સાંકેતિક ભાષાનો અધિકાર "Sign Language Rights fro All"

- **આયુષ્યમાન ભારત દિવસ – ૨૩ સપ્ટેમ્બર**
- ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ દેશભરમાં આયુષ્માન ભારત દિવસની ઉજવણી કરવામાં આવી.
- ૨૩સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઝારખંડના રાંચી ખાતેના પ્રભાત તારા મેદાનથી આયુષ્માન ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
- આયુષ્માન ભારત યોજના વિશ્વની સૌથી મોટી સ્વસ્થ્ય યોજના છે.
- આયુષ્માન ભારત યોજનાના એક વર્ષ પૂર્ણ થયાના અવસરે આ દિવસ ઉજવવામાં આવ્યો.
- કેન્દ્ર સરકાર દ્વારા યોજનાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે ૧૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન આયુષ્માન ભારત પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે.
- હાલ સુધીમાં આ યોજના અંતર્ગત ૩ કરોડથી વધુ નાગરિકોને ઇ કાર્ડ આપવામાં આવ્યા છે.
- આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત દેશભરના ૪૭ લાખ જેટલા લોકોએ સારવાર મેળવી છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય યોજના છે જેમાં એક પરિવારને પ્રતિવર્ષ ૫ લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમા કવચ આપવામાં આવે છે.

- જેનો લાભ કોઇ પણ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મેળવી શકાય છે
- હાલ આ યોજના દેશના ૩૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના કુલ ૪૪૪ જીલ્લામાં લાગુ છે.
- **ડિજીટલ પેમેન્ટ્સ અભિયાન**
- નૈસકોમની ભારતીય ડેટા સુરક્ષા પરિષદ, કેન્દ્રિય ઇલેક્ટ્રોનિક્સ તથા પ્રૌદ્યોગિક મંત્રાલય અને ગૂગલ ઈન્ડિયા ડિજિટલ પેમેંટ્સ અભિયાન માટે સાથે મળી કાર્ય કરશે.
- આ કાર્યને કેન્દ્રિય દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ તથા આઇટી મંત્રી રવિશંકર પ્રસાદ દ્વારા ગૂગલ ફોર ઈન્ડિયા ઇવેંટ દરમ્યાન લોન્ચ કરવામાં આવ્યું.
- આ અભિયાન કેશલેસ ચુકવણીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન અંતર્ગત લોકોને ડિજિટલ ચુકવણી અંગે માહિતી આપવામાં આવશે.
- આ રાષ્ટ્રવ્યાપી અભિયાનને હિન્દી, અંગ્રેજી,તમિલ, તેલુગુ, કન્નડ, બંગાળી અને મરાઠી એમ સાત ભાષા લોન્ચ કરવામાં આવ્યું છે.
- **બોલીવુડ અભિનેતા ગોવિંદાને મધ્યપ્રદેશ રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર**
- તાજેતરમાં મધ્યપ્રદેશ સરકાર દ્વારા બૉલીવુડ અભિનેતા ગોવિંદાને મધ્યપ્રદેશ રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા.
- મધ્યપ્રદેશની પરંપરા તથા પર્યટન સ્થળોના પ્રચારના ઉદ્દેશ્યથી તેમની નિયુક્તી કરવામાં આવી છે.
- અભિનેતા ગોવિંદાનું પુરૂનામ ગોવિંદ આહુઝા છે તેમનો જન્મ ૨૧ ડિસેમ્બર ૧૯૬૩ના રોજ મુંબઇ ખાતે થયો હતો.
- તેમણે પોતાના બૉલીવુડ કેરિયર દરમ્યાન આંખે, રાજા બાબુ, કુલી નં–૧, હીરો નં–૧, દૂલ્હે રાજા જેવી ફિલ્મોમાં કાર્ય કર્યું છે.
- તેઓ વર્ષ ૨૦૦૪થી ૨૦૦૯ દરમ્યાન મુંબઈ લોકસભા બેઠક પરથી સાંસદ પણ રહી ચૂક્યા છે.
- મધ્ય પ્રદેશ ક્ષેત્રફળની દ્રષ્ટિએ દેશનું બીજા ક્રમનું સૌથી મોટું રાજ્ય છે.
- વસતિની દ્રષ્ટિએ મધ્યપ્રદેશ દેશનું પાંચમા ક્રમનું રાજ્ય છે.
- મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલ છે.
- મુખ્યમંત્રી – કમલનાથ, રાજયપાલ – લાલજી ટંડન
- **રાષ્ટ્રીય પોલીસ વિશ્વ વિદ્યાલય – ગ્રેટર નોઈડા**
- તાજેતરમાં કેન્દ્રિય ગૃહમંત્રાલય દ્વારા ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઇડા ખાતે વિશ્વ સ્તરીય રાષ્ટ્રીય પોલીસ વિશ્વવિદ્યાલયની સ્થાપનાની ઘોષણા કરવામાં આવી.
- આ વિશ્વવિદ્યાલયમાં પોલીસ વિજ્ઞાન,સાયબર ફોરેન્સિક, આરોપી વિજ્ઞાન વગેરે જેવા ક્ષેત્રે શિક્ષા અને સંશોધનની સુવિધા આપવામાં આવશે.
- **પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના લાભાર્થીની સંખ્યા ૧ કરોડથી વધુ**
- તાજેતરમાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાના લાભાર્થીની સંખ્યા ૧ કરોડથી વધુ થઈ.
- આ યોજના ૧ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજના અંતર્ગત ૧૯ વર્ષથી વધુ ઉંમરની ગર્ભવતી મહિલાઓને નાણાકીય સહાય, સુરક્ષિત પ્રશ્રુતિ અને પોષણ આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત ગર્ભવતી મહિલાઓને ત્રણ હપ્તામાં પાંચ હજારની નાણાંકીય સહાયતા પ્રદાન કરવામાં આવે છે.
- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અગાઉ ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના તરીકે ઓળખાતી હતી.
- આ યોજનાને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં લોન્ચ કરવામાં આવી હતી.
  આ યોજના કેન્દ્રિય મહિલા અને બાલ કલ્યાણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

(1) આંતરરાષ્ટ્રીય સંકેતિકભાષા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?- દર વર્ષે ૨૩ સપ્ટેમ્બરના રોજ

(2) આંતરરાષ્ટ્રીય સંકેતિકભાષા દિવસ કઈ સંસ્થાના સ્થાપના દિન નિમિત્તે મનાવવાં આવે છે?- વિશ્વ બધિર સંઘ

(3) દેશભરમાં આયુષ્માન ભારત દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવી?- ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ

(4) આયુષ્માન ભારત યોજનાની શરૂઆત કોના દ્વારા અને ક્યાથી કરવામાં આવી હતી?-પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઝારખંડના રાંચી ખાતેના પ્રભાત તારા મેદાનથી

(5) કેન્દ્ર સરકાર દ્વારા આયુષ્માન ભારત યોજનાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે ક્યારે આયુષ્માન ભારત પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી?- ૧૫થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન

(6) તાજેતરમાં કોના દ્વારા ડિજિટલ પેમેંટ્સ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું?- કેન્દ્રિય દૂરસંચાર અને ઈલેક્ટ્રોનિક્સ તથા આઈટી મંત્રી રવિશંકર પ્રસાદ દ્વારા

(7) તાજેતરમાં ક્યાં રાજ્ય દ્વારા બૉલીવુડ અભિનેતા ગોવિંદાને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા?- મધ્યપ્રદેશ

(8) મધ્ય પ્રદેશ ક્ષેત્રફળની દ્રષ્ટિએ દેશનું કેટલામાં ક્રમનું સૌથી મોટું રાજ્ય છે?- બીજા

## 25. Sept. 2019

- **૧૦૪ હેલ્થ હેલ્પલાઈન અને સ્યુસાઇટ પ્રિવેન્શન હેલ્પલાઈન**
- તાજેતરમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી ૧૦૪હેલ્થ હેલ્પલાઇન અને સ્યુસાઇટ પ્રિવેન્શન હેલ્પલાઇનની શરૂઆત કરાવી.
- ૧૦૪હેલ્થ હેલ્પલાઇન અંતર્ગત રાજ્યના નાગરિકોને વિનામૂલ્યે અરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે.
- આ હેલ્પલાઈનના માધ્યમથી આત્મહત્યા અટકાવવા માટે હતાશ વ્યક્તિઓને મનોવૈજ્ઞાનિક દ્વારા કાઉન્સિલીંગની સુવિધાઉપલબ્ધ કરાવવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા ૧૦૪હેલ્થ હેલ્પલાઇન અને સ્યુસાઇટ પ્રિવેન્શન હેલ્પલાઇનના પ્રચાર માટે દેશના પ્રસિધ્ધ બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુને આ હેલ્પલાઇનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા છે.
- રાજ્ય સરકાર દ્વારા પ્રસૂતા માતા અને બાળ આરોગ્યની કામગીરીનું અસરકારક અમલીકરણ તથા મૂલ્યાંકન થઈ

શકે તે માટે TeCHO+એપ્લિકેશનનું ૧૦૪હેલ્થ હેલ્પલાઇન સાથે જોડાણ કરવામાં આવ્યું.

- આ સાથે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર ખાતેથી ૩૨૪ નવી ૧૦૮ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું હતું.
- આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ ૧૭૪ નવી ખિલખિલાટ વાનનું પણ લોકાર્પણ કર્યું હતું.
- ખિલખિલાટ વાનની શરૂઆત વર્ષ ૨૦૧૨માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રસૂતિ પહેલાની તપાસ અને પ્રસૂતિ બાદ તપાસ માટે મહિલાઓને ઘરેથી હોસ્પિટલ તેમજ હોસ્પિટલથી પરત ઘરે લઈ જવા માટે કરવામાં આવી હતી.
- રાજયમાં નવજાત શિશુઓને સારી આરોગ્ય સેવા મળી રહે અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો આવે તેવા ઉદ્દેશ્યથી ૨૮ નવી નિયોનેટલ એમ્બ્યુલન્સને મંજૂરી આપવામાં આવી છે.
- રાજયમાં ૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭માં કરવામાં આવી હતી.
  હાલ રાજ્યભરમાં ૫૮૯ એમ્બ્યુલન્સ અને ૨ બોટ એમ્બ્યુલન્સ કાર્યરત છે.
- ૧૮૦ના માધ્યમથી રાજ્યના સરેરાશ ૩૩૦૦ દર્દીઓ રોજ કટોકટીના સમયે મદદ મેળવે છે.
- રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાને વધુ ઝડપી બનાવવા ઉદ્દેશ્યથી વર્ષ ૨૦૧૮માં ૧૦૮ ગુજરાત નામની ઈમરજન્સી મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરવાં આવી હતી.
- હાલ ગુજરાત સહિત દેશના ૨૨ રાજ્યોમાં અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ સેવા કાર્યરત છે.
- ૧૦૮ ઈમરજન્સી સેવા કેન્દ્ર સરકારની પહેલ છે જેની સિસ્ટમ સત્યમ ઇન્ફૉટેક દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે.

- **બાંધકામ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી CGDCRને મંજૂરી**

- તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા બાંધકામ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી CGDCRને મંજૂરી આપવામા આવી.
- આ અંતર્ગત હવે રાજ્યમાં સિંગાપોર અને દુબઇ જેવા શહેરોની જેમ ૫૦–૬૦કે તેથી વધુ માળની ઇમારતોના નિર્માણને શહેરોના અમુક વિસ્તારમાં ખાસ મંજૂરી આપવામાં આવશે.
- આ અંગેની જાહેરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગ્રોથ એમ્બેસેડર્સ સમિટ ૨૦૧૯માં કરવામાં આવી.
- આ સમીટનું આયોજન અમદાવાદ ખાતે ક્રેડાઈ ગુજરાત દ્વારા કરવામાં આવ્યું હતું.
- CGDCRનું પુરૂનામ Comprehensive General Control Regulation છે.
- CGDCR રાજ્યના તમામ વિસ્તારમાં બાંધકામના નિયમોને અમલમાં મુકવાનું કાર્ય કરવા માટે અમલી બનાવવામાં આવ્યો છે.

- **માલાબાર સૈન્ય અભ્યાસ – ભારત અમેરિકા અને જાપાન**

- તાજેતરમાં જાપાનના સસેબો શહેર નજીક આવેલ પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં ભારત અમેરિકા અને જાપાન વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસની શરૂઆત થઈ.
- આ અભ્યાસનું નામ માલાબાર સૈન્ય અભ્યાસ છે.
- ત્રણેય દેશોની નૌસેના વચ્ચે યોજાતા આ માલાબાર સૈન્ય અભ્યાસનું ૨૩મુ આયોજન છે.
  આ યુદ્ધ અભ્યાસમાં ત્રણેય દેશ પોતાના સામરીક અને સૈન્ય સાજેદારીનું સંયુક્ત પ્રદર્શન કરશે.

(1) ગુજરાત રાજ્યમાં ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન અને સ્યુસાઇટ પ્રિવેન્શન હેલ્પલાઇનની શરૂઆતકોના દ્વારા કરવવામાં આવી?-નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ દ્વારા

(2) ૧૦૪ હેલ્થ હેલ્પલાઇન અંતર્ગત રાજ્યના નાગરિકોને કઈ સુવિધા આપવામાં આવશે? - વિનામૂલ્યે અરોગ્યલક્ષી માર્ગદર્શન

(3) રાજ્ય સરકાર દ્વારા ૧૦૪હેલ્થ હેલ્પલાઇન અને સ્યુસાઇટ પ્રિવેન્શન હેલ્પલાઇનના પ્રચાર માટે કોને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા ?- બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુને

(4) રાજયમાં ખિલખિલાટ વાનની શરૂઆત ક્યારે અને કોના દ્વારા કરવામાં આવી હતી ?-વર્ષ ૨૦૧૨માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી

(5) રાજયમાં નવજાત શિશુઓને સારી આરોગ્ય સેવા મળી રહે અને બાળ મૃત્યુ દરમાં ઘટાડો આવે તેવા ઉદ્દેશ્યથી રાજ્ય સરકાર દ્વારા કઈ એમ્બ્યુલન્સને મંજૂરી આપવામાં આવી?- નિયોનેટલ એમ્બ્યુલન્સને

(6) રાજયમાં ૧૦૮ ઈમરજન્સી સેવાની શરૂઆત ક્યાં વર્ષમાં કરવામાં આવી હતી?- વર્ષ ૨૦૦૭માં

(7) તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા બાંધકામ ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથીCGDCRને મંજૂરી આપવામા આવી તે CGDCRનું પુરૂનામ જણાવો?- Comprehensive General Control Regulation

(8) ભારત અમેરિકા અને જાપાન વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસમાલાબાર સૈન્ય અભ્યાસની શરૂઆત ક્યાં થઈ ?-જાપાનના સસેબો શહેર નજીક આવેલ પશ્ચિમી પ્રશાંત મહાસાગરમાં

## 26. Sept. 2019

- **અંત્યોદય દિવસ – ૨૫ સપ્ટેમ્બર**

- દર વર્ષે ૨૫ સપ્ટેમ્બરના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાયની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે અંત્યોદય દિવસ મનાવવામાં આવે છે.
- પંડિત દિનદયાલ ઉપાધ્યાય દેશના પ્રખ્યાત વિચારક,ઈતિહાસકાર અને રાજનેતા હતા.
- અંત્યોદયનો અર્થ સમાજના નબળા વર્ગને ઉપર લાવવા થાય છે.

- **પીટી ઉષા – વેટરન પિન એવોર્ડ**

- તાજેતરમાં પૂર્વ ભારતીય મહિલા દોડવીર પીટી ઉષાને વેટરન પિન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.
- આ એવોર્ડ આંતરરાષ્ટ્રીય એથ્લેટીક્સ મહાસંઘ દ્વારા આપવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- પીટી ઉષાને આ સન્માન આંતરરાષ્ટ્રીય એથ્લેટીક્સ મહાસંઘની દોહા ખાતે યોજાયેલ ૫૨મી કોન્ફરન્સમાં આપવામાં આવ્યું.
- પીટી ઉષાનો જન્મ ૨૭ જૂન ૧૯૬૪ના રોજ કેરલના કુટ્ટાલી ખાતે થયો હતો.
- વર્ષ ૧૯૮૩માં ભારત સરકાર દ્વારા તેમને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૧૯૮૫માં તેમને પદ્મશ્રી સન્માન આપવામાં આવ્યું હતું.
- તેમનું પુરુનામ પીલાવુલ્લાકંડી થેકકરેમબીલ ઉષા છે.
- તેમને ઉડન પરી,ગોલ્ડન ગર્લ જેવા ઉપનામોથી ઓળખવામાં આવે છે.

- **THE BEST FIFA FOOTBALL AWARDS**

- તાજેતરમાં વર્ષ ૨૦૧૯ના THE BEST FIFA FOOTBALL AWARDS એનાયત કરવામાં આવ્યા.
- ઈટાલીના મિલાન શહેરમાં યોજયલ એક કાર્યક્રમ દરમિયાન આ એવોર્ડથી વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા.
- આ કાર્યક્રમ દરમિયાન લિયોનેલ મેસ્સીને વર્ષ ૨૦૧૯ના ધ બેસ્ટ ફિફા મેન્સ પ્લેયર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.
- મેસ્સી હાલમાં સ્પેનીશ ફુટબોલ કલબ બાર્સેલોના અને આર્જેન્ટીના નેશનલ ફુટબોલ ટીમના કપ્તાન છે.
- વર્ષ ૨૦૧૯ના ધ બેસ્ટ ફિફા વીમેન્સ પ્લેયર એવોર્ડથી અમેરિકાના મહિલા ફૂટબોલર મેગન રેપીનોને સન્માનિત કરવામાં આવ્યા.
- આ ઉપરાંત બ્રાઝીલના એલિસન બેકરને ધ બેસ્ટ ફિફા મેન્સ ગોલકીપર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ફિફાની સ્થાપના ૨૦ મે ૧૯૦૪ના રોજ ફ્રાંસના પેરિસ ખાતે થઈ હતી.
- પુરૂનામ – 'International Federation of Association Football'
- ફિફા ફૂટબોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું સંચાલન કરે છે.
- ફિફાનું આદર્શ વાક્ય – Frothegame, frothe wrold છે.
- મુખ્યાલય – જ્યુરીચ સ્વીટ્ઝર્લેન્ડ

- **૨૫૦ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓની યાદીમાં INFOSYS ત્રીજા સ્થાને**

- તાજેતરમાં ફોર્બ્સ મેગેઝીન દ્વારા ૨૫૦ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓની યાદી જાહેર કરવામાં આવી.
- આ યાદીમાં ભારતની ૧૮ કંપનીઓને સ્થાન મળ્યું.
- આ યાદીમાં પ્રથમ સ્થાને VISA કંપની છે. જ્યારે FERRARI અને ભારતની INFOSYS અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

(1) દર વર્ષે અન્ત્યોદય દિવસ કોની યાદમાં મનાવવામાં આવે છે? - પંડિત દિનદયાલ ઉપાધ્યાયની

(2) અન્ત્યોદય દિવસ ક્યારે મનાવવામાં આવે છે?- દર વર્ષે ૨૫ સપ્ટેમ્બરના રોજ

(3) તાજેતરમાં પૂર્વ ભારતીય મહિલા દોડવીર પીટી ઉષાને ક્યાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા?- વેટરન પિન એવોર્ડ

(4) વેટરન પિન એવોર્ડકોના દ્વારા આપવામાં આવે છે ?- આંતરરાષ્ટ્રીય એથ્લેટીક્સ મહાસંઘ દ્વારા

(5) પૂર્વ ભારતીય મહિલા દોડવીર પીટી ઉષાનું પુરૂનામ જણાવો?- પીલાવુલ્લાકંડી થેકકરેમબીલ ઉષા

(6) વર્ષ ૨૦૧૯ના THE BEST FIFA FOOTBALL AWARDSમાં ધ બેસ્ટ ફિફા મેન્સ પ્લેયર એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા?- લિયોનેલ મેસ્સીને

(7) ફિફાનું પુરૂનામ જણાવો ?- 'International Federation of Association Football'

(8) તાજેતરમાં ફોર્બ્સ મેગેઝીન દ્વારા ૨૫૦ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત કંપનીઓની યાદી જાહેર કરવામાં આવી તેમાં ત્રીજા ક્રમે રહનાર ભારતીય કંપનીનું નામ જણાવો?-INFOSYS

## 27. Sept. 2019

- **રેંટિયા બારસ – ભાદરવા વદ બાર**

- હિન્દૂ કેલેન્ડર મુજબ દર વર્ષે ભાદરવા વદ બારસના દિવસને રેંટિયા બારસ તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- હિન્દુ કેલેન્ડર મુજબ ગાંધીજીનો જન્મ ભાદરવા વદ બારસ વિક્રમ સવંત ૧૯૨૫ના રોજ થયો હતો.
- ગેગ્રોરિયન કેલેન્ડર મુજબ ગાંધીજીનો જન્મ ૨ ઓક્ટોબર ૧૮૬૯ ના રોજ થયો હતો.
- વિશ્વભરમાં ૨ ઓક્ટોબર વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

- **વિશ્વ પ્રવાસન દિવસ**

- દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ પ્રવાસન દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ વિશ્વમાં સંસ્કૃતિક, સામાજિક, આર્થીક ક્ષેત્રના પ્રસાર–પ્રચારમાં પ્રવાસનના યોગદાન અંગે લોકોને જાગૃત કરવા મનાવવામાં આવે છે.
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા મનાવવામાં આવે છે.
- આ વર્ષે સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા વિશ્વ પ્રવાસન દિવસની મેજબની ભારતને આપવામાં આવી હતી.
- આ દિવસ નિમિત્તે નવી દિલ્લી ખાતે આવેલ વિજ્ઞાન ભવન ખાતે ૨૬ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન એક ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૧૯૮૦ માં આ દિવસની પ્રથમ ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થિમ Tourism and jobs - a better future fro all

Vivekanand Academy Gandhinagar

- સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન સંયુક્ત રાષ્ટ્રની સ્પેશિયલ એજન્સી છે જેનો ઉદ્દેશ્ય પર્યટનનો વિકાસ કરવાનો છે.
- તેનું ગઠન ઓક્ટોબર ૧૯૭૫ માં થયું હતું.
- તેનું મુખ્યાલય સ્પેનના મેડ્રિડ ખાતે આવેલ છે.
- હાલ ૧૫૮ દેશો આ સંગઠનના સભ્ય દેશો છે.

- **વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપ**

- તાજેતરમાં કઝાખસ્તાનના નૂર સુલતાન ખાતે વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપનું આયોજન થયું હતું.
  આ ચેમ્પિયનશીપમાં રશિયા પ્રથમ સ્થાને રહ્યું.
- ચેમ્પિયનશિપમાં રશિયા ૯ ગોલ્ડ સહિત કુલ ૧૯ મેડલ જીત્યું.
- ૧ સિલ્વર મેડલ અને ૪ બ્રોન્જ મેડલ સાથે ભારત ૧૭માં સ્થાને રહ્યું.
- ચેમ્પિયનશીપમાં ભારતના દીપક પુનિયાએ મેન્સ ફ્રીસ્ટાઇલ ૮૬કિગ્રાવજન વર્ગ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- આ સિલ્વર જીત્યાની સાથે જ તેઓ વર્ષ ૨૦૨૦માં યોજાનાર ટોકીયો ઓલમ્પિકમાં ક્વોલિફાઇ થાય.

- **કૃષિ કિસાન એપ્લિકેશન**

- તાજેતરમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમર દ્વારા કૃષિ કિસાન એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી.
- કૃષિ કિસાન એપ્લિકેશન દ્વારા ખેડૂતો કૃષિક્ષેત્રે નવી નવી ટેકનોલોજી અંગેની માહિતી, આબોહવાની જાણકારી અને અન્ય ઉપયોગી માહિતી મેળવી શકશે.
- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કૃષિ વિભાગને કૃષિ કર્મણ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો.
- આ એવૉર્ડ વર્ષ ૨૦૧૭–૧૮માં કઠોળ ઉત્પાદન અને ઉત્પાદકતા અંગે ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.
- કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ વિભાગને ૧ કરોડનો પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું.
- આ એવૉર્ડની શરૂઆત વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી.

(1) હિન્દૂ કેલેન્ડર મુજબ દર વર્ષેભાદરવા વદ બારસના દિવસને ક્યાં દિવસ તરીકે ઉજવવામાં આવે છે?- રેંટિયા બારસ

(2) રેંટિયા બારસ દિવસ કોની યાદમાં મનાવવામાં આવે છે?- મહાત્મા ગાંધી

(3) હિન્દુ કેલેન્ડર મુજબ ગાંધીજીનો જન્મ ક્યારે થયો હતો? - ભાદરવા વદ બારસ વિક્રમ સવંત ૧૯૨૫ના રોજ

(4) વિશ્વ પ્રવાસન દિવસ ક્યારે મનાવવામાં આવે છે?-૨૭ સપ્ટેમ્બરના રોજ

(5) વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે?- સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પ્રવાસન સંગઠન દ્વારા

(6) વિશ્વ પ્રવાસન દિવસ ૨૦૧૯ની થીમ જણાવો?- Tourism and jobs - a better future for all

(7) તાજેતરમાં વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપનું આયોજનક્યાં થયું હતું ?- કઝાખસ્તાનના નૂર સુલતાન ખાતે

(8) વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશીપ ૨૦૧૯માં ક્યાં ભારતીયએ ૮૬kgવજન વર્ગ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો?- દીપક પુનિયાએ

## 28. Sept. 2019

International day of universal access to information

- **વિશ્વ હડકવા દિવસ – ૨૮ સપ્ટેમ્બર**

- દર વર્ષે ૨૮ સપ્ટેમ્બરના રોજ વિશ્વભરમાં વિશ્વ હડકવા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે.
- આ દિવસ લુઇસ પાશ્ચરની યાદમાં તેમના નિર્વાણ દિવસે મનાવવામાં આવે છે.
- લુઇસ પાશ્ચરે સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ કરી હતી.
- તેમનો જન્મ ડિસેમ્બર ૧૯૨૨માં ફ્રાન્સમાં થયો હતો.
- તેમનું નિધન ૨૮ સપ્ટેમ્બર ૧૮૯૫ના રોજ થયું હતું.

- **દેશના વસતિ ગણતરી ભવનનો શિલાન્યાસ**

- તાજેતરમાં ગૃહમંત્રીશ્રી અમિત શાહે નવી દિલ્હી ખાતે દેશના વસતિ ગણતરી ભવનનો શિલાન્યાસ કર્યો.
- આ બિલ્ડીગનું નિર્માણ ગ્રીન બિલ્ડીગ કોન્સેપ્ટથી વર્ષ ૨૦૨૧ સુધીમાં કરવામાં આવશે.
- વર્ષ ૨૦૨૧માં સ્વતંત્ર ભારતની ૮મી વસતી ગણતરી કરવામાં આવશે.
- જેમાં સૌપ્રથમ વખત મોબાઇલ એપ્લિકેશન અને અન્ય આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.
- દેશની વસતી ગણતરી પ્રક્રિયા ત્રણ તબક્કામાં યોજાશે બે તબક્કાની શરૂઆત એપ્રિલ ૨૦૨૦થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન યોજાશે. બીજા તબક્કાનું આયોજન ૯ ફેબ્રુઆરી ૨૦૨૧થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ દરમ્યાન યોજાશે.
- પ્રથમ વસતી ગણતરી વર્ષ ૧૮૭૧માં જમશેદજી તાતા દ્વારા કરવામાં આવી હતી.
- દેશની વ્યવસ્થિત વસતી ગણતરી ૧૮૯૧માં થઇ હતી. વર્ષ ૧૮૯૧ પછી દેશમાં દર ૧૦ વર્ષે વસતી ગણતરી કરવામાં આવે છે.
- સ્વતંત્ર ભારતની પ્રથમ વસતી ગણતરી વર્ષ ૧૯૫૧માં કરવામાં આવી હતી.
- ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૪૬ અનુસાર દેશની વસતી ગણતરી કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની હોય છે.
- દેશની અંતિમ વસતી ગણતરી વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી જે ૧૫મી વસતી ગણતરી હતી.

- **ICGS વરાહ**

- તાજેતરમાં કેન્દ્રિય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહે ICGS વરાહનું જળાવતરણ કરવામાં આવ્યું.
- ICGS વરાહનું જળાવતરણ ચેન્નાઇના પોર્ટ ટ્રસ્ટ ખાતેથી કરવામાં આવ્યું.
- આ જહાજનું નિર્માણ L&T (લાર્સન એન્ડ ટુર્બો) દ્વારા ચેન્નાઇના કટુપલ્લી શિપબિલ્ડિંગ યાર્ડ ખાતે કરવામાં આવ્યું છે.
- ICGS વરાહ ૯૮ મીટર શ્રેણીનું Offshroe Patrol Vessel જહાજ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારના ૭ જહાજ બનાવવાના કરાર L&T (લાર્સન એન્ડ ટુર્બો) સાથે કરવામાં આવ્યા છે.
- ICGS વરાહ ૭ પૈકીનું ચોથું જહાજ છે.

Vivekanand Academy Gandhinagar

- Indian Cost Gard Ship વરાહ (ICGS વરાહ) સ્વદેશી બનાવટનું પેટ્રોલીંગ જહાજ છે.
- વરાહ દાણચોરી, સમુદ્રી આતંકવાદ, ઓઇલ લીકેજ, સ્વચ્છ સમુદ્ર અભિયાન જેવા ક્ષેત્રે સેવા આપશે.
- વરાહનું ઓપરેશન ક્ષેત્ર મેંગલુરું થી કન્યાકુમારી સુધીનું રહેશે.
- એડવાન્સ નેવિગેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સિસ્ટમથી સજ્જ આ જહાજની મહત્તમ ઝડપ ૨૬ નોટિકલ માઇલ છે.

(1) International day of universal access to information ક્યારે મનાવવામાં આવે છે?- દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ

(2) સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટેદર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજક્યો દિવસ મનાવવામાં આવે છે?- વિશ્વ હડકવા દિવસ

(3) વિશ્વ હડકવા દિવસ કોની યાદમાં મનાવવાં આવે છે ?- લુઇસ પાશ્વરની યાદમાં

(4) સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ કોણે કરી હતી? - લુઇસ પાશ્વરે

(5) તાજેતરમાં કોણે નવી દિલ્હી ખાતે દેશના વસતિ ગણતરી ભવનનો શિલાન્યાસ કર્યો?- ગૃહમંત્રીશ્રી અમિત શાહે

(6) તાજેતરમાં કોણે ICGS વરાહનું જળાવતરણ કરવામાં આવ્યું? - કેન્દ્રિય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહે

(7) ICGSવરાહનુંનિર્માણ કોના દ્વારાકરવામાં આવ્યું? - L&T (લાર્સન એન્ડ ટુર્બો)દ્વારા

(8) ICGSવરાહનું પુરૂનામ જણાવો?- Indian Cost Gard Ship વરાહ

## 29. Sept. 2019

- **શહીદ ભગતસિંહ – જન્મજયંતી**
- ભારતના મહાન સ્વતંત્ર સેનાની શહીદ ભગતસિંહની ૧૧૨મી જન્મજયંતી.
- ભગતસિંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ પંજાબ પાકિસ્તાનના બંગા ખાતે થયો હતો.
- તેમના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતિ હતું.
- લાહોર ષડયંત્ર કેસમાં આ મહાન સ્વાતંત્રતા સેનાનિયોને ૨૪ માર્ચ ૧૯૩૧ના રોજ મૃત્યુદંડના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ તેમને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ સાંજે ૭ વાગ્યે ફાંસી આપવામાં આવી હતી.
- સાયમન કમિશનના વિરુધ્ધમાં દેશ ભરમાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા જેમાં લાલા લજપત રાય દ્વારા લાહોર ખાતે પ્રદર્શન કરવામાં આવ્યું જેમાં અંગ્રેજોએ કરેલ લાઠી ચાર્જમાં તેઓ શહીદ થયા.
- લાલા લજપત રાયના મૃત્યુના વિરોધ્ધમાં વિર ક્રાંતિકારી ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂએ બ્રિટિશ પોલીસ ચીફ સ્કૉટની હત્યાની યોજના બનાવી હતી.
- પરંતુ તેમણે ક્જુઁજે.પી. સૌન્ડેર્સ પર ગોળી ચલાવી અને તેનું મૃત્યુ હતું.
- આ ગુના અંતર્ગત દિલ્લી એસેમ્બલી ખાતે કરવામાં આવેલ બોમ્બ હમલા બાદ તેમની ધડપકડ કરવામાં આવી હતી.
- આ વિર શહીદોની યાદમાં દર વર્ષે ૨૩ માર્ચના દિવસે રાષ્ટ્રીય શહીદ દિવસ માનવવામાં આવે છે.
- **પ્રધાનમંત્રીશ્રીનો અમેરિકા પ્રવાસ**
- તાજેતરમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાત દિવસના અમેરિકા પ્રવાસે ગયા હતા.
- આ મુલાકાત અંતર્ગત તેમણે અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરમાં હાઉડી મોદી કાર્યક્રમમાં હાજરી આપી હતી.
- આ કાર્યક્રમનું આયોજન હ્યુસ્ટનનાદ્નઇસ્ટેડિયમમાં થયું હતું.
- આ કોમ્યુનિટી કાર્યક્રમનું આયોજન ટેક્સાસ ઇન્ડિયન ફોરમ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં ૫૦ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.
- આ અમેરિકાના ઇતિહાસનો એવો પ્રથમ કાર્યક્રમ હતો જેમાં વિદેશી નેતા દ્વારા એક સાથે આટલા લોકોએ હાજરી આપી હતી.
- આ કાર્યક્રમમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર રહ્યા હતા.
- વિદેશી નેતાના આવા કાર્યક્રમમાં અમેરિકાના કોઈ રાષ્ટ્રપતિ હાજર રહ્યા હોય તેઓ અમેરિકાના ઇતિહાસમાં આ પ્રથમ કાર્યક્રમ હતો.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરમાં શ્રી સિદ્ધિ વિનાયક મંદિરનું ઉદઘાટન કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે હ્યુસ્ટન ખાતે નિર્માણ પામનાર શાશ્વત ગાંધી સંગ્રહાલયનો શિલાન્યાસ કર્યો હતો.
- આ સાથે તેમણે હ્યુસ્ટનમાં ગુજરાતી સમાજ ઓફ હ્યુસ્ટન ઇવેન્ટ સેન્ટરનું પણ ઉદઘાટન કર્યું હતું.
- પ્રધાનમંત્રીશ્રીની અમેરિકા મુલાકાત દરમ્યાન ન્યુયોર્ક ખાતે પ્રથમ India-Croicom leaders દ્નીૈહપ્નનું આયોજન થયું હતું.
- જેમાં પ્રધાનમંત્રીશ્રીએ કેરેબિયન દેશોના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.
- **સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૪મા સત્રનું આયોજન.**
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહા સભાના ૭૪માં સત્ર અંતર્ગત યોજાયેલ ક્લાઇમેટ એક્શન સમિટ ૨૦૧૯માં સંબોધન કર્યું હતું.
- બાદમાં તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આયોજિત સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ પરની પ્રથમ ઉચ્ચસ્તરીય બેઠકમાં પણ સંબોધન કર્યું હતું.
- આ બેઠકનું આયોજન Universal health coverage - moving together to bild a healthy wrold થિમ પર થયું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૪માં સત્રનું આયોજન ૧૭થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન અમેરિકાના ન્યુયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે થયું હતું.
- **ગાંધી સોલાર પાર્ક**
- અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૫૦ કિલોવોટના ગાંધી સોલાર પાર્કનું ઉદ્ઘાટન કર્યું હતું.

- **સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયની છત પર લાગવાયેલ આ સોલાર પાર્કના નિર્માણમાં ભારતે એક મિલિયન ડોલરની મદદ કરી છે.**
- **આ ઉપરાંત પ્રધાનમંત્રીશ્રીએ સ્ટેટ યુનિવર્સિટી ઓફ ન્યુયોર્કના હેડક્વાર્ટરમાં ગાંધી પીસ ગાર્ડનનું ઉદ્ઘાટન કર્યું હતું.**

- **બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું સન્માન**
- **અમેરિકાના બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું સન્માન કરવામાં આવ્યું.**
- **આ સન્માનનું નામ ગ્લોબલ ગોલ કીપર છે.**
- **તેમને આ સન્માન સ્વચ્છ ભારત અભિયાનની સફળતા માટે આપવામાં આવ્યું.**
- **પ્રધાનમંત્રીશ્રીને આ સન્માન તેમના આગામી અમેરિકા પ્રવાસ દરમ્યાન આપવામાં આવશે.**
- **બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ ૨૦૦૦ માઈક્રોસોફ્ટ કંપનીના સ્થાપક બિલ ગેટ્સ અને તેમની પત્ની મિલિંડાગેટ્સ દ્વારા કરવામાં આવી હતી.**
- **આ સંસ્થા સ્વાસ્થ્ય ક્ષેત્રે સુધારા અને ગરીબી દૂર કરવાના કાર્ય કરે છે.**

(1) ભારતનામહાનસ્વતંત્રસેનાનીશહીદભગતસિંહનો જન્મ ક્યાં થયો હતો?- પંજાબ પાકિસ્તાનના બંગા ખાતે

(2) લાહોર ષડયંત્ર કેસમાં આ મહાન સ્વાતંત્રતા સેનાનીશહીદભગતસિંહનેક્યારે ફાંસી આપવામાં આવી હતી? - ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ સાંજે ૭ વાગ્યે

(3) ભરતભરમાં દર વર્ષે ૨૩ માર્ચના દિવસે ક્યોરાષ્ટ્રીય દિવસ મનાવવાં આવે છે?- રાષ્ટ્રીય શહીદ દિવસ

(4) હાઉડી મોદી કાર્યક્રમનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું ?- અમેરિકાના ટેક્સાસ રાજ્યના હ્યુસ્ટન શહેરમાં

(5) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહા સભાના ૭૪માં સત્ર અંતર્ગત યોજાયેલ કઈ સમિટમાં સંબોધન કર્યું હતું? - ક્લાઈમેટ એક્શન સમિટ ૨૦૧૯

(6) સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૪માં સત્રનું આયોજન ક્યાં થયું હતું ? - અમેરિકાના ન્યુયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલાય ખાતે

(7) અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલ સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલય ખાતેગાંધી સોલાર પાર્કનું ઉદ્દ્ઘાટન કોણે કર્યું? - પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ

(8) અમેરિકાના બિલ મેલિંડા ગેટ્સ ફાઉન્ડેશન દ્વારા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું ક્યાં એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું?- ગ્લોબલ ગોલ કીપર એવોર્ડ

## 30. Sept. 2019

- **ભારતીય વાયુસેનાના – ઉપપ્રમુખ**
- **એર માર્શલ એચ એસ અરોરા ભારતીય વાયુસેનાના ઉપ પ્રમુખ બન્યા.**
- **તેમણે રાકેશકુમાર સિંહનું સ્થાન લીધું.**
- **રાકેશકુમાર સિંહ ૩૦ સપ્ટેમ્બરથી ભારતીય વાયુસેનાના પ્રમુખ તરીકે કાર્યભાર સાંભળશે.**
- **વર્ષ ૨૦૧૧માં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે તેમને અતિવિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**
- Vice Chief of Air Staff **(ઉપપ્રમુખ) ભારતીય વાયુસેનાનું બીજા ક્રમનું સર્વોચ્ચ પદ છે.**

- **સંગીત કાર પંડિત જસરાજના નામથી લઘુગ્રહ**
- **તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ખગોળીય સંઘ દ્વારા મંગળ અને બૃહસ્પતિ ગ્રહ વચ્ચે આવેલ એક લઘુ ગ્રહનું નામ ભારતીય શાસ્ત્રીય સંગીતકાર પંડિત જસરાજના નામ પર રાખવામાં આવ્યું.**
- **આ સન્માન પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ ભારતીય સંગીતકાર છે.**
- **આ ગ્રહની શોધ ૧૧ નવેમ્બર ૨૦૦૬માં કરવામાં આવી હતી.**
- **પંડિત જસરાજને સંગીતક્ષેત્રે ઘણા પુરસ્કાર ઉપાધિ અને સન્માન આપવામા આવ્યા છે.**
- **ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૭૫માં તેમને પદ્મશ્રી,વર્ષ ૧૯૯૦માં પદ્મ ભુષણ અને વર્ષ ૨૦૦૦માં પદ્મ વિભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.**
- **તેમનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ બ્રિટિશ પંજાબના હિષર ખાતે થયો હતો.**

- **રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર – ૨૦૧૮**
- **તાજેતરમાં ભૂવિજ્ઞાન,ખનન અને સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ વર્ષ ૨૦૧૮ માટેના રાષ્ટ્રીય ભૂવિજ્ઞાન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં.**
- **દેશના ૨૨ વૈજ્ઞાનિકોને રાષ્ટ્રીય ભૂવિજ્ઞાન પુરસ્કાર ૨૦૧૮ થી કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીના સ્તર પ્રદાન કરવામાં આવ્યા.**
- **આ પુરસ્કાર ભૂવિજ્ઞાન ક્ષેત્રના અલગ-અલગ ૧૦ વિભાગમાં આપવામાં આવે છે.**
- **આ પુરસ્કારને રાષ્ટ્રીય ખનીજ પુરસ્કાર પણ કહેવામાં આવે છે. વર્ષ ૨૦૦૯માં તેનું નામ બદલીને રાષ્ટ્રીય ભૂવિજ્ઞાન કરવામાં આવ્યું હતું.**
- **આ પુરસ્કાર ની શરૂઆત વર્ષ ૧૯૬૬ થી ભારત સરકારના ખાણ ખનીજ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.**

- **રાષ્ટ્રીય કૃષિ કર્મણ એવોર્ડ (કૃષિ વિભાગ)**
- **તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કૃષિ વિભાગને કૃષિ કર્મણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.**
- **આ એવોર્ડ વર્ષ ૨૦૧૭-૧૮ કઠોળ ઉત્પાદન અને ઉત્પાદકતા અંગે ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.**
- **કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ વિભાગને એક કરોડનો પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું.**
- **આ એવોર્ડની શરૂઆત વર્ષ ૨૦૧૦માં કરવામાં આવી હતી.**

(1) તાજેતરમાં કોણ ભારતીય વાયુસેનાના ઉપ પ્રમુખ બન્યા? - એર માર્શલ એચ એસ અરોરા

(2) ભારતીય વાયુસેનાના ઉપ પ્રમુખ તરીકે એર માર્શલ એચ એસ અરોરાએ કોનું સ્થાન લીધું?- રાકેશકુમાર સિંહનું

(3) તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ખગોળીય સંઘ દ્વારા મંગળ અને બૃહસ્પતિ ગ્રહ વચ્ચે આવેલ એક લઘુ ગ્રહનું નામ કોણા નામ પર રાખવામાં આવ્યું?- ભારતીય શાસ્ત્રીય સંગીતકાર પંડિત જસરાજના નામ પર

(4) ભૂવિજ્ઞાન,ખનન અને સંબંધિત ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ક્યું સન્માન એનાયત કરવામાં આવે છે?- રાષ્ટ્રીય ભૂવિજ્ઞાન પુરસ્કાર

(5) રાષ્ટ્રીય ભૂવિજ્ઞાન પુરસ્કારની શરૂઆત ભારત સરકારના ક્યાં મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી? - ખાણ ખનીજ મંત્રાલય દ્વારા

(6) વર્ષ 2017-18 કઠોળ ઉત્પાદન અને ઉત્પાદકતા અંગે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યના કૃષિ વિભાગને ક્યું સન્માન આપવામાં આવ્યું?-કૃષિ કર્મણ એવૉર્ડ

Vivekanand Academy Gandhinagar